RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 Issue : 113 Dt. 16-11-2025 Page : 08 Price : Rs 3

Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA

Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT




# દુનિયા બિહાર પાસેથી શીખે રાજકારણ

## વડાપ્રધાન મોદીએ કહ્યું બિહાર ચૂંટણીના પરિણામ પર સુરતના લોકોની હતી નજર સાથે કહ્યુ દેશે મુસ્લિમ લીગ-માઓવાદી કોંગ્રેસને નકારી



નવીદિલ્હી, તા . ૧૫

બિહાર ચૂંટણીમાં ગઉઅના પ્રચંડ વિજય પર પ્રતિબિંબ પાડતા, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે કહ્યું કે સુરતમાં રહેતા તેમના ભાઈઓ અને બહેનો ચૂંટણી પર નજીકથી નજર રાખી રહ્યા છે. ''બિહારના લોકોને રાજકારણ શીખવવાની જરૂર નથી. તેમની પાસે વિશ્વને રાજકારણ શીખવવાની શક્તિ છે,'' વડા પ્રધાને વધુમાં જણાવ્યું કે બિહારે ઐતિહાસિક જીત મેળવી છે, અને જો આપણે બિહારના લોકોને મળ્યા વિના સુરત છોડીએ તો આપણી યાત્રા અધૂરી રહેશે. તેથી, ગુજરાતમાં રહેતા મારા બિહારી ભાઈઓનો અને ખાસ કરીને સુરતમાં રહેતા મારા બિહારી ભાઈઓનો અધિકાર છે, અને તમારી વચ્ચે આ વિજય ઉજવણીનો ભાગ બનવું એ મારી સ્વાભાવિક જવાબદારી છે.''

સુરત એરપોર્ટ નજીક એક જાહેર રેલીને સંબોધતા, પીએમ મોદીએ કોંગ્રેસ પાર્ટી પર આકરા પ્રહારો કર્યા. તેમણે કહ્યું કે દેશે આ મુસ્લિમ લીગ-માઓવાદી કોંગ્રેસને નકારી કાઢી છે. કોંગ્રેસ પાર્ટીનો એક મોટો વર્ગ, જેમાં રાષ્ટ્રવાદી વિચારધારા સાથે ઉછરેલા લોકોનો પણ સમાવેશ થાય છે, નેતાઓના કાર્યોથી નાખુશ છે. તેમણે દાવો કર્યો કે હવે કોંગ્રેસ પાર્ટીને કોઈ બચાવી શકશે નહીં. પરિસ્થિતિ આવી બની ગઈ છે. પીએમ મોદીએ નોંધ્યું કે બિહારમાં જાહેર જમીન પર વારંવાર અતિક્રમણ કરવામાં આવતું હતું અને તેને વકફ મિલકતમાં રૂપાંતરિત કરવામાં આવતું હતું. અમે તમિલનાડુમાં પણ આવી જ પરિસ્થિતિ જોઈ, જ્યાં સદીઓ જૂના ગામડાઓને પણ વકફ જાહેર કરવામાં આવ્યા હતા. તે સમયે અમે વકફ કાયદામાં સુધારો કર્યો હતો. તેમણે કહ્યું કે એક નેતા, જે હવે જામીન પર બહાર છે, તે તેના સાથીઓ સાથે કાયદાની નકલો ફાડી નાખશે અને દાવો કરશે કે તેઓ બિહારમાં ક્યારેય આવું થવા દેશે નહીં. પરંતુ બિહારના લોકોએ આ સાંપ્રદાયિક ઝેરને સંપૂર્ણપણે નકારી કાઢ્યું અને વિકાસનો માર્ગ પસંદ કર્યો.

વડાપ્રધાન મોદીએ રાહુલ ગાંધીનું નામ લીધા વિના કહ્યું કે છેલ્લા બે વર્ષથી, આ જામીન પર મુક્ત નેતા બિહાર જઈ રહ્યા છે અને જાતિવાદ પર ભાષણો આપી રહ્યા છે. તેમણે જાતિવાદના ઝેરને ફેલાવવાનો સંપૂર્ણ પ્રયાસ કર્યો. પરંતુ આ બિહારની ચૂંટણીએ જાતિવાદના આ ઝેરને સંપૂર્ણપણે નકારી કાઢ્યું છે. પીએમ મોદીએ કહ્યું કે બિહાર આજે આખી દુનિયામાં હેડલાઈન્સ બનાવી રહ્યું છે. તમે દુનિયામાં જ્યાં પણ જાઓ છો, તમને બિહારની પ્રતિભા જોવા મળશે. હવે બિહાર વિકાસની નવી ઊંચાઈઓ સુધી પહોંચવાની પોતાની ક્ષમતા બતાવી રહ્યું છે. અમે આ ચૂંટણીમાં તે ક્ષમતા જોઈ છે. મહિલાઓ અને યુવાનોનું એક એવું શક્તિશાળી ગઠબંધન બન્યું છે, જેણે આવનારા દાયકાઓ સુધી રાજકારણનો પાયો મજબૂત બનાવ્યો છે.

બિહાર ચૂંટણીમાં મળેલી જીત પર પીએમ મોદીએ કહ્યું કે આ ચૂંટણીમાં, NDA ગઠબંધન વિજયી બન્યું છે અને મહાગઠબંધન હારી ગયું છે. બંને વચ્ચે ૧૦ ટકા મતોનો તફાવત છે, જે મોટી વાત છે. બીજા શબ્દોમાં કહીએ તો, સામાન્ય મતદાતાએ સર્વાનુમતે મતદાન કર્યું છે, આ બિહારના વિકાસ માટે તેમની ઉત્સુકતાનો સંકેત છે. લોકો તરફ ઈશારો કરતા પીએમ મોદીએ કહ્યું કે તમે પણ જાણો છો અને બિહારના લોકો પણ જાણે છે કે અમે તે પક્ષ છીએ, જ્યારે તમે અમને મુખ્યમંત્રી તરીકે કામ કરવાની તક આપી. ગુજરાત, ત્યારે પણ આપણો મંત્ર એક જ હતો - ભારતનો વિકાસ, ગુજરાતનો વિકાસ.

# એજન્સીઓના રડારમાં ફરીદાબાદની અલ ફલાહ યુનિવર્સિટી

## યુનિ. સામે છેતરપિંડીની ફરિયાદ : દિલ્હી બ્લાસ્ટ કનેક્શન ખુલે તેવી શક્યતા

નવીદિલ્હી, તા. ૧૫

દિલ્હી વિસ્ફોટોની તપાસ આગળ વધી રહી છે તેમ, નવા ખુલાસા થઈ રહ્યા છે. ફરીદાબાદની અલ ફલાહ યુનિવર્સિટી પણ તપાસ હેઠળ છે. વિસ્ફોટના માસ્ટરમાઇન્ડ માનવામાં આવતા ડો. મુઝમ્મિલની ધરપકડ બાદ, એજન્સીઓ કાવતરાનો પર્દાફાશ કરી રહી છે. દરમિયાન, દિલ્હી પોલીસ ક્રાઈમ બ્રાન્ચે યુનિવર્સિટી પર પોતાની પકડ મજબૂત બનાવી છે. ક્રાઈમ બ્રાન્ચે અલ ફલાહ યુનિવર્સિટી સામે બે અલગ અલગ FIR દાખલ કરી છે. UGCની ફરિયાદના આધારે પોલીસ કાર્યવાહી કરવામાં આવી હતી. ક્રાઈમ બ્રાન્ચે યુનિવર્સિટી સામે છેતરપિંડીનો એક FIR દાખલ કર્યો છે, જ્યારે બીજી FIR બનાવટીની કલમો હેઠળ દાખલ કરવામાં આવી છે. પોલીસે અલ ફલાહ યુનિવર્સિટીને નોટિસ મોકલી છે અને યુનિવર્સિટી પાસેથી ચોક્કસ દસ્તાવેજો પણ માંગ્યા છે. આ કાર્યવાહી ઉપરાંત, દિલ્હી પોલીસે યુનિવર્સિટીના બે ડોક્ટરો સહિત ત્રણ વ્યક્તિઓની અટકાયત કરી છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે આ ડોક્ટરો ડો. ઉમર નબીના પરિચિત હતા, જેમણે વિસ્ફોટક કાર ચલાવી હતી. શુક્રવારે રાત્રે ધૌજ, નુહ અને હરિયાણાના આસપાસના વિસ્તારોમાં દરોડા દરમિયાન ધરપકડ કરવામાં આવી હતી.

NIA ટીમની મદદથી, સ્પેશિયલ સેલે નૂહ સ્થિત અલ ફલાહ યુનિવર્સિટીના બે ડોક્ટરો, મોહમ્મદ અને મુસ્તકીમની અટકાયત કરી હતી. બંને આતંકવાદી મોડ્યુલ તપાસના ભાગ રૂપે ધરપકડ કરાયેલા ડો. મુઝમ્મિલના સંપર્કમાં હતા અને ઉમર નબીના નજીકના મિત્રો પણ હતા. પ્રારંભિક તપાસમાં જાણવા મળ્યું છે કે તેમાંથી એક વિસ્ફોટના દિવસે દિલ્હીમાં હતો. તે AIIMS ખાતે ઈન્ટરવ્યુ માટે પહોંચ્યો હતો. ડો. ગનાઈ સાથેના તેમના સંબંધો કેટલા હદ સુધી હતા તે નક્કી કરવા માટે બંનેની પૂછપરછ કરવામાં આવી રહી છે. દિલ્હી બ્લાસ્ટ કેસમાં અલ ફલાહ યુનિવર્સિટી પણ તપાસ હેઠળ છે. હવે, યુનિવર્સિટી સામે મોટી કાર્યવાહી કરવામાં આવી છે. UGCની ફરિયાદના આધારે, પોલીસે છેતરપિંડી અને બનાવટીના આરોપસર બે FIR નોંધી છે. યુનિવર્સિટીને નોટિસ પણ મોકલવામાં આવી છે, જેમાં દસ્તાવેજોની માંગણી કરવામાં આવી છે.

### સોનભદ્રમાં ખનન દરમિયાન ટેકરી અચાનક તૂટતા કામદારો દટાયા : NDRF-SDRF લાગી બચાવ કામગીરીમાં

# UPમાં ભૂસ્ખલન : ૧૫ કામદારો દટાયા





નવીદિલ્હી, તા. ૧૫

ઉત્તર પ્રદેશના સોનભદ્રમાં એક મોટી ખાણ દુર્ઘટના બની. ભૂસ્ખલનથી અંદાજે ૧૫ કામદારો દટાઈ ગયા. કોમ્પ્રેસર ઓપરેટર પણ ફસાયા હોવાની આશંકા છે. આ અકસ્માતના સમાચાર મળતાં અધિકારીઓમાં શોકનું મોજું ફરી વળ્યું. પોલીસ અને વહીવટી અધિકારીઓ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયા. વિલંબ કર્યા વિના બચાવ કામગીરી શરૂ કરવામાં આવી. પરિસ્થિતિ હજુ પણ ગંભીર છે. ઓબ્રા પોલીસ સ્ટેશન વિસ્તારના બિલ્લી વિસ્તારમાં પથ્થર ખાણકામ કામગીરી ચાલી રહી હતી. શનિવારે સાંજે, ટેકરી અચાનક તૂટી પડી, જેમાં આશરે ૧૫ કામદારો દટાઈ ગયા. અધિકારીઓનું કહેવું છે કે પિછડા ખાણ વિસ્તારમાં દિવાલ જેવું માળખું તૂટી પડ્યું, જેમાં કેટલાક કાટમાળ નીચે ફસાઈ ગયા. અધિકારીઓએ જણાવ્યું કે તમામ કામદારોને સુરક્ષિત રીતે બહાર કાઢવા માટે બચાવ કામગીરી શરૂ કરવામાં આવી છે.

ભૂસ્ખલન કાટમાળમાં ફસાયેલા કામદારોને બચાવવા માટે બચાવ કામગીરી શરૂ કરવામાં આવી છે. આ કાર્ય માટે NDRF અને SDRFને પણ બોલાવવામાં આવ્યા છે. જિલ્લા મેજિસ્ટ્રેટે જણાવ્યું હતું કે ખાણકામ કામગીરી દરમિયાન અંદાજે ૧૫ કામદારો નવ કોમ્પ્રેસર મશીનો સાથે કામ કરી રહ્યા હતા. મુખ્યમંત્રીના કાર્યક્રમને કારણે ખાણકામ સ્થગિત કરવામાં આવ્યું હતું. તેમ છતાં, કૃષ્ણા માઈનિંગ સ્ટોનમાં કામ ચાલુ રહ્યું. અધિકારીઓએ તપાસની જાહેરાત કરી છે અને જવાબદારો સામે કાર્યવાહી કરવામાં આવશે. સોનભદ્રમાં કામદારો જે ખાણમાં કામ કરી રહ્યા હતા તે આશરે ૧૫૦ ફૂટ ઊંડી છે. કાટમાળમાંથી કામદારોને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં અંધારું અવરોધરૂપ બની શકે છે. અંધારાને કારણે, ટીમ નીચે ઉતરી શકતી નથી. હાલમાં લાઈટિંગની વ્યવસ્થા કરવામાં આવી રહી છે, અને અલ્ટ્રાટેકની પણ મદદ લેવામાં આવી રહી છે.

પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, નવ કોમ્પ્રેસર મશીનો અને ૧૮ થી વધુ કામદારો કામમાં રોકાયેલા હતા. એવું જાણવા મળ્યું છે કે બપોરે ૨:૩૦ વાગ્યાની આસપાસ, એક બાજુની દિવાલ અચાનક તૂટી પડી, જેના કારણે કાટમાળ લગભગ ૧૫૦ ફૂટ નીચે પડ્યો અને ઘણા કામદારો ફસાઈ ગયા. આ ઘટનાને કારણે ગભરાટ ફેલાયો અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઘટનાસ્થળે પહોંચ્યા. નજીકના અલ્ટ્રાટેક, ઓબ્રા અને અન્ય પ્રોજેક્ટ્સની રાહત ટીમોની મદદથી તાત્કાલિક બચાવ કાર્ય શરૂ કરવામાં આવ્યું.

ડીએમ બદ્રીનાથ સિંહ, એસપી અભિષેક વર્મા અને અન્ય પોલીસ અને વહીવટી અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચ્યા. રાજ્યમંત્રી સંજીવ સિંહ ગોંડે પણ સ્થળનું નિરીક્ષણ કર્યું. મોટાભાગના કામદારો પનારી ગામના રહેવાસી છે. પ્રધાનના પતિ લક્ષ્મણ યાદવે ગામના બે કામદારોના મોતનો દાવો કર્યો હતો. જોકે, આ વાતની સત્તાવાર પુષ્ટિ થઈ શકી નથી. પોક્લેન વડે કાટમાળ દૂર કરવાના પ્રયાસો કરવામાં આવ્યા હતા, પરંતુ ખાણ ખૂબ ઊંડી હોવાથી બચાવ કાર્ય મુશ્કેલ રહ્યું.

# મનપાના ૧૪૨ પ્લોટમાંથી ૯૯ દબાણગ્રસ્ત

## વિભાગ પાસે તમામ માહિતી છતાં નથી લેવામાં આવતી દરકાર : નાના મોટા દબાણો દૂર કરી રાજકોટ મનપા માને છે સંતોષ



રાજકોટ, તા. ૧૫

રાજકોટ મહાનગરપાલિકા છેલ્લા ત્રણ દિવસથી અન અધિકૃત બાંધતા પહેલા ગેરકાયદે બાંધકામ હોય અથવા તો દબાણ થયેલું હોય તેને દૂર કરવા માટેના પ્રયત્નો શરૂ કરી દીધા છે અને ખાસ તો ટાઉન પ્લાનિંગ વિભાગ દ્વારા ડિમોલિશન પણ હાથ ધરવામાં આવી રહ્યું છે. પરંતુ ચોકાવનારી વાત તો એ છે કે, મહાનગરપાલિકા હેઠળ જે સરકારની માલિકીની જગ્યાઓ છે તેમાંથી ૯૦ જેટલા પ્લોટમાં આજે પણ દબાણ યથાવત છે. જેને દૂર કરવામાં ક્યાંક તંત્ર નિષ્ફળ નીકળ્યું હોય તેવું પુરવાર થઈ રહ્યું છે. મળતી માહિતી મુજબ મહાનગરપાલિકામાં જે વિસ્તારો ભર્યા હોય અથવા તો તે પૂર્વના કબજા હોય તેવા સંખ્યાબંધ પ્લોટ આજે પણ દબાણગ્રસ્ત જોવા મળી રહ્યા છે. આ અંગે મહાનગરપાલિકાને પણ ધ્યાન છે જ પરંતુ ખરી વાસ્તવિકતા તો એ છે કે કેમ યોગ્ય ઉકેલ લાવવામાં આવતો નથી શું કામ કોઈ યોગ્ય કામગીરી હાથ ધરાતી નથી.

સૂત્રોના જણાવ્યા અનુસાર મહાનગરપાલિકા ની માલિકીના ૧૪૨ પ્લોટ આવેલા છે જેમાંથી ૯૯ પ્લોટ માં સંપૂર્ણ અથવા તો અસંતઃ દબાણ જોવા મળ્યા છે. છતાં પણ મહાનગરપાલિકા દ્વારા કોઈ નક્કર પગલા લેવામાં આવતા નથી. છેલ્લા ઘણા સમયથી ટાઉન પ્લાનિંગ વિભાગની કામગીરી અંગે અનેક પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે અને રાજ્ય સરકાર પણ આ મામલે સીધી જ દેખરેખ રાખી રહી છે અથવા તો કહી શકાય કે કામગીરી દેખાડવા માટે ઘણા ખરા દબાણો પર ડિમોલિશન કરવામાં આવે છે. ત્યારે ઘણી એવી જગ્યાઓ પણ છે કે જેનો આદેશ સીલ કરવા માટે થયો હોય છતાં તે ટાઉન પ્લાનિંગ વિભાગ દ્વારા કરવામાં આવ્યું ન હોય આ સ્થિતિમાં શું પગલાં લેવા જોઈએ તે અંગે હજુ પણ તંત્ર અવઢવમાં છે. જે વિગતો મળી છે તેમાં પશ્ચિમ ઝોનમાં તો અડધો અડધ પ્લોટમાં કોડ કેસ ચાલતા હોવાની વિગતો સામે આવી છે તો સેન્ટ્રલ ઝોન અને ઈસ્ટ ઝોનમાં અનેક લોટમાં સંપૂર્ણ દબાણો કા આંશિક દબાણો છે. પ્રશ્ન એ છે કે કેમ મહાનગરપાલિકા આ મામલે કોઈ દરકાર લેતી નથી.

પૂર્વ ઝોનની વાત કરીએ તો કોઠારીયાના ૧૩ પ્લોટમાં તમામ પ્લોટમાં દબાણ છે. ૧૧ પ્લોટમાં તો ૧૦૦ ટકા દબાણ રહેલા છે. મકાન, તોડેલી ફેન્સીંગ, વોંકળામાં બાંધકામ, એક જગ્યાએ તો સોસાયટી દ્વારા વૃક્ષારોપણ, મંદિરો, કોમર્શિયલ બાંધકામો, એક કંપનીના દબાણ, એક સાથે નાની સોસાયટી જેટલા મકાનો, ઓરડી, મફતીયાપરાના દબાણો રહેલા છે.

સેન્ટ્રલ ઝોનમાં ઘણા પ્લોટમાં આવાસ યોજનાઓ બની ગઇ છે. આ હેતુના ૪૭ પૈકી ૧૮ પ્લોટ દબાણગ્રસ્ત છે. અલગ અલગ સોસાયટીઓ બનાવવામાં આવી છે. આવાસ યોજનાના પણ નિર્માણ થયા છે. તો ઘણા પ્લોટમાં ૧૦૦-૧૦૦ ટકા દબાણ પણ રહેલા છે. રહેણાંક, કોમર્શિયલ, મંદિરના બાંધકામ તેમાં સામેલ છે. ઘણા પ્લોટ આવાસ યોજના વિભાગના હવાલે છે. ત્રણ ખુલ્લા પ્લોટ છે. પરંતુ આ દબાણો પણ વર્ષોથી યથાવત છે.

વેસ્ટ ઝોનની વાત કરીએ તો ન્યુ રાજકોટ સહિતના વિસ્તારમાં ૫૯ પ્લોટ છે. જેમાંથી ૪૭માં દબાણ રહેલા છે. પાંચ ટકાથી માંડી ૧૦૦ ટકા સુધીના દબાણ છે. એક ઓરડીના કારણે પણ દબાણ રેકર્ડ પર છે. છ પ્લોટમાં કોર્ટ કેસ ચાલી રહ્યો છે. ટીપી ૧ અને ૪ ઓવરલેપ થતા સાઈટ પર કબ્જો લેવાતો નથી. મંદિર, દેરી, ચબુતરો, વૃક્ષારોપણ, રહેણાંક અને કોમર્શિયલ બાંધકામો સહિત રૈયા, નાના મવા, મવડી સહિતના વિસ્તારોમાં આ દબાણો પથરાયેલા છે. આ રીતે મનપાની માલિકીના માત્ર આ હેતુના ૧૪૨ પ્લોટ પૈકી ૯૯ પ્લોટમાં દબાણ હોવાથી આ જગ્યાનો કોઇ હેતુ માટે ઉપયોગ થતો નથી.

### યે દુનિયા યે મહેફિલ મેરે કામ કી નહીં...

# માલીયાસણના પરણિત યૂગલે છોડી ફાની દુનિયા

## આધેડવસ્થાએ પણ અતુટ પ્રેમની વેદી પર બંનેએ ખાધો ગળેફાંસો





રાજકોટ, તા.૧૫

શહેરને ગુનાખોરીનું કલંક લાગ્યું હોય તેમ છડેચોક મારામારી, ખૂન, ફાયરીંગની ઘટનાઓ બનવા લાગતા શાંત પ્રજાને પરપ્રાંત જેવો બિહામણો ગુનાખોરીનો ચહેરો ડરાવી રહ્યો છે. શનિવારે સવારમાજ પતિ પર ફાયરીંગ કરીને ગંભીર રીતે ઘાયલ કરીને પતિએ પોતાના લમણે ગોળી ચલાવીને આપઘાત કરી લીધાની ઘટનામાં પોલીસ પરોવાયેલી હતી. ત્યાં શહેરના ભાગોળે માલીયાસણ ગામે પ્રેમની વેદી પર વધુ એક પરણિત કજોડાએ ‘‘સમાજ એક થવા નહિ દે‘‘ તેવા ડરથી સજોડે આત્મહત્યા કરી લીધાની ઘટાએ જાણકારોમાં અરેરાટી સાથે શોક ફેલાવ્યો છે.

પ્રાપ્ત વિગતો મુજબ મૂળ માલીયાસણના વતની અને હાલ રાજકોટના નરસિંહનગરમાં રહેતા મનીષ લક્ષ્મણ વાઘેરા (ઉ.૪૫) તેમજ મૂળ ખેરડી ગામની અને હાલ નાના મોવા રોડ પર મેઘમાયાનગરમાં રહેતી કાન્તા નરેશ રાઠોડ (ઉ.૪૦) વચ્ચે લાંબા સમયથી ચાલી રહેલા પ્રેમનો આજે કરુણાંત આવ્યો હતો.

બંનેને સમાજ એક થવા નહિ દે અને તે પાછળ બંને પરણિત હોવાનું કારણ વરવી ભૂમિકા ભજવી ગયું હોય તેમ આજે બંને મનીષભાઈ અને કાંતાબેન માલીયાસંમાં મનીષભાઈના ઘરે વહેલી સવારે ભેગા થયા હતા. અહી કહેવાય છે કે બંનેને જીના મરના તેરે સંગ અને એક દુજે કે લિયે જેવો રસ્તો અપનાવવાનું કઠણ કાળજે નક્કી કરી લીધાનું સાબિત થયું હતું. બંને મળ્યાના થોડા સમયમાજ લાકડાની આડી સાથે દોરી બાંધી બને સામસામાં ગળેફાંસો ખાઈ લેતા ભલભલાના ર્હદય કંપી ઉઠ્યા હતા.

બંને પ્રેમી પંખીડાની વાત જયારે ગામલોકો સુધી પહોચી ત્યારે સૌએ અરેરાટી સાથે ૧૦૮ એમ્બ્યુલન્સને બોલાવીને તપાસ કરાવતા મનીષ અને કાન્તા નિષ્પ્રાણ જોવા મળ્યા હતા. બનાવની જાણ થતા કુવાડવા રોડ પોલીસના પીએસઆઈ ભગોરા તેમની ટીમ સાથે પહોચી જઈને બંનેના દોરડે લટકતા મૃતદેહો નીચે ઉતારી પીએમ માટે હોસ્પીટલે ખસેડ્યા હતા.બનાવી બંનેના પરિવાજનોને જાણ કરવામાં આવતા પરિવારજનોએ કારમો વિલાપ કરીને અન્યોને ધ્રુજાવી દીધા હતા. જાણકારોનું કહેવું થતું હતું કે બંને માટે જે આન્દાશ્રય જેવું મકાન હતું તે મનીષનું મકાન આજે લાંબા ગામતરે ચાલી જવાના સ્થળ સમાન બની ગયું હતું.

પીએસઆઈ ભગોરાએ ‘‘રાજકોટ મિરર‘‘ને જણાવ્યું હતું કે, મૃતકો બંને પરણિત હતા અને સંતાનો પણ ધરાવતા હોવાની ચર્ચાઓ થતા સાંભળવા મળી છે પણ હજુ તપાસ ચાલુ હોવાથી વધુ વિગતો મળી નથી. પોલીસનું કહેવું છે કે, બન્નેને સમાજ એક થવા નહિ દે તેવા કથિત ડરના લીધે આવું આપઘાતનું પગલું ભરી લીધાનું અનુમાન કરીને આગળની કાર્યવાહી હાથ ધરાઈ છે. આ બાબતે જે હોય તે પણ માલીયાસણ ગામમાં બનેલી ઘટનાથી અરેરાટી સાથે શોક વ્યાપ્યો છે.

શ્રી પટેલ પ્રગતિ મંડળ-રાજકોટ
આદર્શ વૈદિક વિવાહ





### સ્નેહમિલનમાં પ્રસ્તાવ રજુ થયો અને ૧૮૧ લગ્નના દાતાઓ આવ્યા આગળ : ઢોલી, ભૂદેવનો ખર્ચ પણ સંસ્થા ઉઠાવશે અને વર-કન્યા પક્ષે ફક્ત પૂજા સામગ્રી સાથે આવવાનું

# પટેલ પ્રગતિ મંડળ દ્વારા ૨૧મીથી આદર્શ વૈદિક વિવાહ

રાજકોટ, તા.૧૫

પટેલ પ્રગતિ મંડળ - રાજકોટ (ફિલ્ડમાર્શલ વાડી) દ્વારા નૂતન વર્ષ નિમિતે કડવા પાટીદાર પરિવારના સ્પીડવેલ પાર્ટી પ્લોટ ખાતે યોજાયેલ સ્નેહમિલનમાં વૈદિક લગ્ન અંગે રજુ થયેલો પ્રતિભાવ થોડી જ મિનિટોમાં મૂર્તિમંત થયો હતો. સમાજ શ્રેષ્ઠીઓ સમક્ષ પ્રસ્તાવ મુકતા માત્ર અડધી કલાકમાં ૧૮૧ દાતાઓએ પોતાના રૂ.૫૧૦૦૦ના અનુદાન સાથે ૧૮૧ યુગલોને લગ્નગ્રંથિથી જોડવા આગળ આવતા સૌ કોઈએ વધાવી લીધા હતા.

પટેલ પ્રગતિ મંડળના પ્રમુખ નંદલાલભાઈ માંડવિયાને વર્તમાન સમયમાં ખર્ચાળ થઇ રહેલા લગ્નો વચ્ચે તમામ સ્તરના સમુદાયને જોડવા અને લગ્નના ખોટા ખર્ચા દેખાડા અને દેવાદારપણામાંથી દુર રાખવા આદર્શ વૈદિક વિવાહની પરિકલ્પના રજુ કરી મોડેલ રજુ કર્યું હતું કે સાવ નજીવા ખર્ચમાં જાજરમાન લગ્ન પ્રસંગ યોજાય અને જુદી જુદી ખર્ચાળ રસમોને ત્યાગ થાય એ માટે ફિલ્ડમાર્શલ વાડીમાં રોજ બે લગ્ન પ્રસંગ સંસ્થા તરફથી ગોઠવી અને યુગલોને બોજા મુક્ત થવા સાથે લગ્નગ્રંથિથી જોડવા અને તેનું અન્ય સ્વરૂપ રજુ કરતા સૌએ એકી અવાજે સ્વીકાર કર્યો હતો. આ પ્રસ્તાવના પ્રતિસાદમાં ૧૮૧ લગ્ન એડવાન્સમાં ગોઠવાઈ ગયા હતા. રૂ. ૫૧૦૦૦ના અનુદાન સાથે દાતાઓએ લગ્નોત્સક યુગલને દતક લીધા હતા.

પટેલ પ્રગતિ મંડળના ટ્રસ્ટી અરવિંદભાઈ પટેલ તેમજ પ્રોજેક્ટ કો - ઓર્ડીનેટર નરેન્દ્રભાઈ ડઢાણીયાએ જણાવ્યું હતું કે આ લગ્નમાં વર પક્ષ અને કન્યા પક્ષને પ્રત્યેકને રૂ.૧૧ હજારનો જ ખર્ચ થશે આ પ્રતિકાત્મક ધનરાશિ જ તેણે આપવાની રહેશે. આ પ્રસંગમાં વર પક્ષ ૧૧૧ મહેમાનોને ભોજન સમારંભમાં જોડી શકશે આવી જ રીતે કન્યા પક્ષમાં ૧૧૧ મહેમાનોને ભોજન સમારંભમાં જોડી શકશે. એક લગ્નોત્સવમાં કુલ ૨૨૨ વ્યક્તિનો ભોજન સમારોહનો ખર્ચ દાતાના સહયોગમાં સંસ્થા ભોગવશે. આદર્શ વૈદિક લગ્નોત્સવમાં જોડાનાર કન્યા અને વરરાજા પ્રિ - વેડિંગ નહિ કરી શકે, હલ્દી જેવી વિધિ, ડી.જે, બેન્ડવાજા ખર્ચ નહિ કરી શકે. સામૈયા કે બીજી રસમમાં ફટાકડા કે આતશબાજીનો ખર્ચ નહિ કરે, લગ્ન થયા પૂર્વે કે પછી અલગ રીસેપ્શન નહિ કરી શકે.

### પ્રથમ લગ્ન ૨૧મીએ એક દિવસમાં બે લગ્ન

આદર્શ વૈદિક લગ્નોત્સવમાં ક્રાંતિકારી પરિવારો જોડાવા લાગ્યો છે. પ્રથમ લગ્ન સમારોહ તા.૨૧ મી નવેમ્બરે યોજાશે. એક દિવસમાં બે લગ્ન પ્રસંગ યોજાય એવું આયોજન થયું છે. હાલ લગ્ન નોધણી શરૂ થઇ ગઈ છે આ માટે ઉપરોક્ત આગેવાનો ઉપરાંત સુરેશભાઈ અઘેરા તથા મગનભાઈ વાછાણી અને ફિલ્ડમાર્શલ વાડી, લક્ષ્મીનગર મેઈન રોડ – રાજકોટ ખાતે વધુ વિગત માટે સંપર્ક કરી શકશો.

# લોકજાગૃતિ માટે નાટકો યોજતી ACB

## જાગૃત નાગરિક અને સપનાનો વજન નાટક દ્વારા ફેલાવ્યો ભ્રષ્ટાચાર નાબુદીનો સંદેશ



રાજકોટ, તા.૧૫

એ.સી.બી. નિયામક પિયુષ પટેલ, અધિક નિયામક બીપીન આહિરની સુચના અને માર્ગદર્શન હેઠળ વિજિલન્સ અવેરનેસ પ્રોગ્રામ-૨૦૨૫’ અંતર્ગત રાજકોટ શહેર ખાતે ’સતર્કતા જાગૃતિ સપ્તાહ’ અન્વયે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના મનોવિજ્ઞાન ભવનના વિધાર્થીઓએ ભ્રષ્ટાચાર વિરુદ્ધની જાગૃતતા અંગે શેરી નાટક ભજવી ભ્રષ્ટાચાર નાબુદીના સંદેશ સાથે એ.સી.બી. ટોલ ફ્રી નંબર- ૧૦૬૪ની જાહેરાત અને જાહેર જનતાને લાંચ-રૂશ્વત વિરોધી બ્યુરોની કામગીરીથી માહિતગાર કર્યા હતા. આવા જાગૃતિ અભિયાન હેઠળ શહેરના જુદા જુદા સ્થળો એસ.ટી. બસ સ્ટોપ, રેસકોર્સ ગાર્ડન, બહુમાળી ભવન, રેલવે સ્ટેશન, ભગતસિંહ ગાર્ડન તથા લવ ટેમ્પલ ગાર્ડન જેવા સ્થળોએ આ નાટકોની રજૂઆત કરવામાં આવી હતી. નાટકોની સાથે સાથે સૂત્રોચ્ચાર દ્વારા પણ ‘‘નહીં લાંચ, નહીં ભ્રષ્ટાચાર, ૧૦૬૪ થી થશે ઉધાર અને ‘‘ભ્રષ્ટાચાર મુક્ત ભારતનો આધાર‘‘ જેવા મંત્ર સાથે લોકજાગૃતિ લાવવાનું અસરકારક કાર્ય હાથ ધરવામાં આવ્યું હતું. સમગ્ર અભિયાનનું આયોજન બળદેવસિંહ વાઘેલા, નાયબ નિયામક એસીબી રાજકોટ જે.એમ.આલ પી.આઈ. રાજકોટ ગ્રામ્ય, આર.આર.સોલંકી પી.આઈ. રાજકોટ શહેર તેમજ રાજકોટ એસીબી સ્ટાફ દ્વારા મનોવિજ્ઞાન ભવનના પ્રોફેસર યોગેશ જોગસણ, ડો. ધારા દોશી અને ડો. મીરાં જેપારને સાથે રાખી કરવામાં આવ્યું જેમાં મનોવિજ્ઞાન ભવનના ૪૫ જેટલા ઉત્સાહી વિદ્યાર્થીઓએ આ મુહિમમાં ભાગ લીધો હતો.

બે નાટકો દ્વારા જાગૃતિનો સંદેશ આપવા સરાહનિય પ્રયાસ કરાયો હતો. વિદ્યાર્થીઓએ ભ્રષ્ટાચારની સમસ્યા અને તેના ઉકેલને દર્શાવતા બે શક્તિશાળી નાટકો તૈયાર કર્યા હતા જેમાં પ્રથમ ‘‘જાગૃત નાગરિક‘‘ નાટકમાં દર્શાવવામાં આવ્યું હતું કે કેવી રીતે એક સરકારી બાબુ દ્વારા ૧ લાખની લાંચની માંગણી કરવામાં આવે છે. નાયક, રમણભાઈ, નિરાશ થવાને બદલે તેમના મિત્ર દ્વારા એસીબીટોલ ફ્રી નંબર ૧૦૬૪ વિશે જાણીને હિંમતપૂર્વક ફરિયાદ નોંધાવે છે. નાટકનું ચોથું અને પાંચમું દ્રશ્ય એસીબીઅધિકારીઓ દ્વારા ગોઠવવામાં આવેલા સફળ છટકા (ટ્રેપ) અને લાંચિયા અધિકારીની રંગે હાથ ધરપકડ દર્શાવે છે. આ નાટક દ્વારા સ્પષ્ટ સંદેશ આપવામાં આવ્યો કે લાંચ આપવી કે લેવી બંને ગુનો છે અને જાગૃત નાગરિકે ૧૦૬૪ પર ફરિયાદ કરીને પોતાના હકની રક્ષા કરવી જોઈએ.

જ્યારે ‘‘સપનાનું વજન‘‘ નામના નાટકમાં એવો સંદેશ ફેલાવાયો હતો કે તેમાં મહેનતુ કોન્ટ્રાક્ટર આકાશની વાર્તા રજૂ કરવામાં આવી હતી. જેમના અટકેલા સરકારી બિલ પાસ કરવા માટે અધિકારી ૫ લાખની માંગણી કરે છે. આ નાટક ગરીબ પરિવારના સપનાઓ પર ભ્રષ્ટાચારનું ’વજન’ કેવી રીતે પડે તે દર્શાવવાનો સ્તુત્ય પ્રયાસ કરવામાં આવ્યો હતો.

ત્યારે કહેવાનું તાત્પર્ય એ છે કે, આકાશ પણ પોતાના મિત્રની મદદથી ૧૦૬૪ પર ફરિયાદ કરે છે અને એસીબીદ્વારા ટ્રેપ મનીનો ઉપયોગ કરીને લાંચિયા અધિકારીને પકડવામાં આવે છે. આ નાટક દ્વારા યુવાનોને ખાસ સંદેશ આપવામાં આવ્યો કે, ‘‘યુવાનો ડરશો નહીં, તમે દેશનું ભવિષ્ય છો, જો કોઈ તમારા સપનાઓનો સોદો કરે તો અવાજ ઉઠાવો.‘‘ આ અભિયાન દ્વારા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના મનોવિજ્ઞાન ભવન અને રાજકોટ એસીબીએ ભ્રષ્ટાચાર વિરુદ્ધ અવાજ ઉઠાવવા અને ગુપ્ત રીતે ફરિયાદ નોંધાવવા માટે ૧૦૬૪ નંબરની મહત્તાને જન-જન સુધી પહોંચાડી છે.

### સહકાર ભારતી રાજકોટ મહાનગર દ્વારા

# સહકાર સપ્તાહ ઉજવણીનો રંગેચંગે પ્રારંભ

### પ્રથમ દિવસે સહકારી સપ્તરંગી ધ્વજ રોહણ કાર્યક્રમ યોજાયો



રાજકોટ, તા.૧૫

સહકાર સપ્તાહની ઉજવણીના ભાગરૂપે નલીનભાઈ વસા પ્રદેશ ઉપાધ્યક્ષ(સહકાર ભારતી ગુજરાત) ના અધ્યક્ષ સ્થાને આર. સી.સી. બેન્ક વાણીયાવાડી રોડ શાખાના ઓડીટોરીયમમા યોજાયો હતો. સપ્તરંગી સહકાર ધ્વજ પુરૂષોત્તમભાઈ પીપળીયાના હસ્તે ફરકાવાયો હતો. અતિથિ વિશેષ તરીકે રાજકોટ નાગરિક બેંકના ચેરમેન દિનેશભાઈ પાઠક, સીટીઝન બેંકના ચેરમેન હારિતભાઈ વ્યાસ, રાજ બેંકના સી.ઈ.ઓ. જુલીબેન સાવલિયા, વિજય બેંકના ચેરમેન નિકુંજભાઈ ધોળકિયા, ધરતી બેંકના એમડી રાજુભાઈ ભંડેરી, ડો્ પ્રકાશભાઈ મોઢા (ચેરમેન માધવ શરાફી સહકારી મંડળી) નાગરિક બેંકના વાઈસ ચેરમેન જીવણભાઈ પટેલ તેમજ પરડવા, ડિરેક્ટર વિક્રમસિંહ પરમાર, અશોકભાઈ ડાંગર ભાજપ સહકાર સેલ,સહિતના સહકારી અગ્રણીઓ ઉપસ્થિત હતા.

સહકારી ક્ષેત્રના સ્પષ્ટ વકતા પુરૂષોત્તમભાઈ પીપળીયાએ જણાવ્યું હતું કે, રાજકોટની સહકારી બેંકોના બધા જ ચેરમેન એક સાથે એક મંચ ઉપર લાવવાનો સહકાર ભારતીનો આ પ્રયાસ પ્રશસનીય ગણવો ઉચિત લાગે છે. રાજકીય પક્ષાપક્ષીથી ઉપર ઊઠી માત્ર સહકારની સમસ્યાના ઉકેલ માટે સંસ્કારી કાર્યકર્તાઓના નિર્માણનું મહત્વનું કાર્ય સહકાર ભારતી અખિલ ભારતીય ધોરણે કરી રહી છે.

કેન્દ્ર સરકાર દ્વારા ગૃહમંત્રી અમીતભાઈ શાહના મંત્રીપદે સહકાર મંત્રાલયના નિર્માણ માટે સહકાર ભારતીનું મહત્વપૂર્ણ યોગદાન રહ્યું છે. સફળ બેંકીંગ માટે હ્યૂમન રિસોર્સી જ બહુ મહત્વનું પ્રમાણ છે. જેના માટે સહકાર ભારતી પ્રારંભથી સખત પરિશ્રમ કરી રહી છે.

અધ્યક્ષસ્થાનેથી નલિનભાઈ વસાએ જણાવ્યું હતું કે, જ્યારે સમગ્ર વિશ્વ સહકારિતાનું મહત્વ સ્વીકારી ૨૦૨૫ના વર્ષને આંતરરાષ્ટ્રીય સહકાર વર્ષ તરીકે ગ્રગઘ અને ઈંઈઅ એ જાહેર કર્યું છે ત્યારે, અહીં બેઠેલા સૌ સહકારી કાર્યકર્તાઓનું મસ્તક ગર્વથી ઉંચું થઈ જાય એ સ્વભાવિક છે.સાથે સાથે આપણું રાષ્ટ્ર પ્રત્યેનુ દાયિત્વ પણ વધી જાય છે. ઉપરોક્ત કાર્યક્રમમાં અર્બન કોપરેટીવ બેંક ચેરમેનઓ, ડિરેક્ટર, ક્રેડિટ કો-ઓપરેટીવ સોસાયટી, હાઉસિંગ સોસાયટી, કર્મચારી સોસાયટીના, સહકારી આગેવાન હાજર રહ્યા હતા. કાર્યક્રમમાં સફળ સંચાલન જયેશભાઈ સંઘાણી કર્યું હતું, આગામી કાર્યક્રમોની માહિતી અધ્યક્ષ ડો. એન.ડી.શીલુએ આપેલ હતી. સહકાર ગીતનુ ગાન આશિષભાઈ પોપટાણી, આભાર દર્શન નાથાભાઈ ટોળીયા કરેલ હતું.શાંતિ મંત્ર યશભાઈ સોજીત્રાએ કરાવેલ હતું

૧૪મી નવેમ્બરથી સહકાર સપ્તાહની ઉજવણી ૨૦મી સુધી ચાલશે. ૧૫મીએ સહકારિતા એક આદર્શ વિષય પર નરેન્દ્રભાઈ દવેનું વક્તવ્ય યોજાયું હતું. કાલે સહકારીતાની વિસ્તરતી ક્ષીતીજો અંગે શિવસાગર ક્રેડિટ કો-ઓપ સોસાયટી લી.,શોપ નં -૧૧૦ થી ૧૧૨ રીયલ પ્રાઈમ બિલ્ડિંગ, બાપા સીતારામ ચોક, મવડી બાયપાસ રોડ, મવડી ખાતે ડો. હિતેશભાઈ શુક્લનું વક્તવ્ય યોજાશે. ૧૮મીએ સાંજે ૪-૩૦ વાગ્યે, નવી સહકાર નીતિ અને નાગરિક બેન્કના ડીરેક્ટર ડો. એન. જે.મેઘાણી લક્ષ્મી શરાફી સહકારી મંડળી હનુમાન મઢી ચોક રૈયા રોડ ખાતે વક્તવ્ય આપશે. ૧૯મીએ સાંજે ૬ વાગ્યે સહકારી કાર્યકર્તાનો કર્તવ્ય બોધ વિષય પર નાગરિક બેંકના કન્વીનર ડો. ભાસ્કરભાઈ ભટ્ટ વક્તવ્ય આપશે. કાર્યક્રમો અંગે વધુ માહિતી માટે સંગઠન અધ્યક્ષ ડો. એન.ડી.શીલુ અને પ્રમુખ જયેશ સંઘાણી. સહકાર ભારતી રાજકોટ, ૯૪૨૮૨ ૦૦૫૨૦નો સંપર્ક કરવા અનુરોધ કરાયો છે.

# વ્યાજખોરોને ૩૭ લાખ ચૂકવ્યા છતાં ધમકી

### ફેબ્રિકેશનના વેપારીના વયોવૃદ્ધ પિતાએ ઝેર પીધુંઃ સાધના સોસાયટીનો બનાવઃ ભક્તિનગર પોલીસે બે વ્યાજખોર સામે ગુનો દાખલ કર્યો

રાજકોટ તા. ૧૫

શહેરમાં વ્યાજખોરોનો ત્રાસ ફરી એકવાર ચર્ચામાં આવ્યો છે. શહેરના સાધના સોસાયટી વિસ્તારમાં રહેતા અને ફેબ્રિકેશનનો ધંધો કરતા જયેશભાઈ ગીરીશભાઈ પીત્રોડાના પિતાએ બે વ્યાજખોરોના સતત ત્રાસ અને ધમકીઓથી કંટાળીને દવા પીને આત્મહત્યાનો પ્રયાસ કર્યો છે. હાલમાં તેમની સ્થિતિ ગંભીર હોવાથી તેમને સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા છે.

બનાવ અંગે ફેબ્રિકેશન વેપારી જયેશભાઈ પીત્રોડાએ ભક્તિનગર પોલીસ સ્ટેશનમાં રૂબરૂ હાજર થઈને બે વ્યાજખોરો ચીરાગ છનાલાલ પટેલ અને મહેશ રામસુરભાઈ ગઢવી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. માસિક ૫% વ્યાજની જાળમાં ફસાઈને વેપારીએ ૮ લાખ સામે ૨૭ લાખની ચૂકવણી કરી છે અને ૫ લાખ સામે ૧૦ લાખથી વધુ ચૂકવી દીધા છે. છતાં વધુ વ્યાજ મંગાય છે.

ફરિયાદમાં દર્શાવ્યા મુજબ, જયેશભાઈ પીત્રોડાએ ધંધામાં ખોટ જવાના કારણે સને ૨૦૧૯-૨૦માં તેમના પરિચિત ચીરાગભાઈ છનાલાલ પટેલ (રહે. કેવડાવાડી) પાસેથી બે તબક્કામાં કુલ રૂ. ૮ લાખની રકમ લીધી હતી. ચીરાગભાઈએ આ રકમનું માસિક ૫ ટકાના દરે વ્યાજ વસૂલવાનું શરૂ કર્યું હતું.

જયેશભાઈએ સને ૨૦૨૦થી ઓક્ટોબર ૨૦૨૫ સુધીમાં ચીરાગભાઈને વ્યાજ પેટે દર મહિને રૂ. ૪૦,૦૦૦ ચૂકવીને કુલ રૂ. ૨૭ લાખની માતબર રકમ ચૂકવી દીધી છે. આટલી મોટી રકમ ચૂકવ્યા બાદ પણ વ્યાજખોર ચીરાગભાઈ દ્વારા મુદલ રકમ તથા વધુ વ્યાજ માટે ધાકધમકી આપવામાં આવતી હતી. સીક્યુરીટી પેટે જયેશભાઈની પેઢી ’જેડ ગ્રીન એન્ટરપ્રાઇઝ’ના જીવન કોમર્શિયલ બેંકના બે કોરા ચેક પણ ચીરાગભાઈ પાસે પડેલા છે.



૧૦ દિવસના વ્યાજે લીધેલા ૫ લાખની કિંમત ૧૦.૫૦ લાખ બીજી તરફ મહેશ રામસુરભાઈ ગઢવી (રહે. ન્યુ મેઘાણીનગર) પાસેથી જયેશભાઈએ રૂ. ૫ લાખની રકમ માત્ર ૧૦ દિવસ માટે રૂ. ૫૦ હજારના વ્યાજે લીધી હતી. આ રકમના બદલામાં તેમણે વ્યાજ સહિત કુલ રૂ. ૧૦,૫૦,૦૦૦ મહેશભાઈ ગઢવીને ચૂકવી દીધા હોવા છતાં, મહેશભાઈ ગઢવી પણ અવારનવાર ફોન પર અને રૂબરૂમાં જયેશભાઈ તેમજ તેમના પિતાને વધુ મુદલ અને વ્યાજની માંગણી કરીને ડરાવતા અને ધમકાવતા હતા.

બંને વ્યાજખોરોના સતત ત્રાસ, ઉઘરાણી અને ધાકધમકીથી કંટાળીને જયેશભાઈના પિતાએ ગંભીર પગલું ભરી લીધું હતું અને દવા પી લીધી હતી. તેમને તાત્કાલિક રાજકોટની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે, જ્યાં ડોક્ટરોએ તેમની સ્થિતિ ગંભીર હોવાનું જણાવ્યું છે.

જયેશભાઈ પીત્રોડાએ બંને આરોપીઓ ચીરાગભાઈ પટેલ અને મહેશભાઈ ગઢવી વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા માટે ભક્તિનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે કલમ હેઠળ ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે. પોલીસ ઈન્સ્પેક્ટર મયુર ધ્વજ સરવૈયા નિલેશભાઈ મકવાણા અને અલ્પેશભાઈ વધેરાએ ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે.

બેઠકમાં રજુ થયેલા સાંસદના પ્રશ્નને તાત્કાલિક ઉકેલ લાવવા કલેકટરની સૂચના

# અશાંતધારાની મુદ્દત લંબાવો : મોકરીયા

## ફરિયાદ સંકલનમાં પ્રશ્નોની તડાપીટ : સંબંધિત વિભાગના અધિકારીઓને તાકીદે યોગ્ય કરવા કલેકટરનો આદેશ




રાજકોટ, તા. ૧૫
રાજકોટ જિલ્લાની નવેમ્બર માસની ફરિયાદ અને સંકલન સમિતિની બેઠક યોજાઇ હતી. કલેકટર કચેરી ખાતે યોજાયેલી આ બેઠકના પ્રારંભે નિવાસી અધિક કલેકટર એ.કે.ગૌતમે ઉપસ્થિતોને આવકાર્યા હતા.આ બેઠકમાં જિલ્લા પંચાયતના પ્રમુખ પ્રવિણાબેન રંગાણી, ધારાસભ્ય દર્શિતાબેન શાહ અને રમેશભાઈ ટીલાળા તથા સાંસદસભ્ય રામભાઇ મોકરીયાએ રજૂ કરેલા પ્રશ્નો અંગે ઝડપી કાર્યવાહી કરવા કલેક્ટરએ સંબંધિત વિભાગના અધિકારીઓને આદેશ આપ્યા હતા. આ બેઠકમાં ચલો ફીવરની રસી ઉપલબ્ધ કરાવવા, શહેરમાં અશાંતધારાની મુદત વધારવા, લોકમેળાનું નવું સ્થાન નક્કી કરવા, જર્જરિત અને વણવપરાયેલી મિલકતોનો સર્વે કરવા, નવી આર.ટી.ઓ. ના બાંધકામની સ્થિતિ , માધાપર રોડ ઉપર સર્વિસ રોડની કામગીરીની પ્રગતિ, રાજકોટ-ભાવનગર રોડ ના સમારકામની સ્થિતિ, પરશુરામ મંદિર પાસે વન કવચ બનાવવા, રાજકોટ-જેતપુર હાઈવે પર બ્રિજ બનાવવાની કામગીરી ઝડપી બનાવવા, મતદાર યાદી ખાસ સુધારણા ઝુંબેશ (SIR) વગેરે અંગે પ્રજાના પ્રતિનિધિઓએ પ્રશ્નો રજૂ કર્યા હતા, જે અંગે ઝડપી કાર્યવાહી નિયત સમયમાં કરવા કલેક્ટરએ ઉપસ્થિત અધિકારીઓને તાકીદ કરી હતી. ગઈકાલે યોજાયેલી બેઠકમાં પ્રશ્નોની તડાપીટ બોલાવવામાં આવી હતી અને આ બેઠકમાં જે પ્રશ્નો પૂછવામાં આવ્યા તે અત્યંત મહત્વના અને રાજકોટના વિકાસ માટે અગ્રતા આપનાર હોવાનું જણાયું. કલેક્ટર એ પણ આ તમામ પ્રશ્નોની ગંભીરતા લઈ તાકીદે નિવારણ લાવવા માટે સંબંધ વિભાગના અધિકારીઓને સૂચિત કરી અને તે દિશામાં પગલાં લેવા હાકલ પણ કરી.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી અનંદુ સુરેશ ગોવિંદ, પોલીસ અધિક્ષક વિજયસિંહ ગુર્જર, આસીસ્ટન્ટ કલેક્ટર મહેક જૈન, ડી.સી.પી. હેતલ પટેલ, નિવાસી અધિક કલેકટર એન. કે. મુછાર, એ. કે. ગૌતમ અને ઈલાબેન ચૌહાણ, નાયબ વન સંરક્ષક યોગરાજસિંહ ઝાલા, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક એ.કે.વસ્તાણી, રૂડાના ચેરમેન ગૌતમ મિયાણી, નાયબ કલેક્ટર દિલીપસિંહ વાળા અને ઈશિતા મેર, નાયબ જિલ્લા વિકાસ અધિકારી ઈલાબેન ગોહિલ, આયોજન અધિકારી નીતિન ટોપરાણી, જિલ્લા પુરવઠા અધિકારીશ આશિષ ઝાપડા, પ્રાંત અધિકારીઓ રાહુલ ગમારા, એન.એમ.તરખલા, ચાંદની પરમાર , વિમલ ચક્રવર્તી અને આર.આર. ખાંભરા સહિત ફરિયાદ અને સંકલન સમિતિના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા

# ડામર કામની ગુણવત્તા મુદ્દે કમિશનર મેદાને

## મુખ્યમંત્રીના કડક આદેશ બાદ સનદી અધિકારીઓએ ફિલ્ડ વિઝીટ કરવાનું કર્યું શરૂ : સ્થળ અહેવાલ સરકારને કરાશે સુપરત





રાજકોટ, તા. ૧૫
મુખ્યમંત્રીએ બે દિવસ પૂર્વે જ સમગ્ર રાજ્યમાં રોડ રસ્તાની સ્થિતિને પહોંચી વળવા અને યોગ્ય કામગીરી કરવા માટે સ્થાનિક પ્રશાસનને આદેશ કર્યો એટલું જ નહીં અનેકવિધ એજન્સીઓને બ્લેક લિસ્ટ પણ કરવામાં આવી કારણ કે તેમના દ્વારા જે કામગીરી કરવામાં આવી હતી તેમાં ગુણવત્તાનું ધોરણ નહીવત હતું આ તમામ પગલાંઓને ધ્યાને લઈ આવનારા સમયમાં કોઈ અન્ય પગલાઓ લેવામાં ન આવે તે માટે ખોદ સ્થાનિક પ્રશાસનના ટોચના અધિકારીઓ હવે મેદાનમાં આવ્યા છે રાજકોટ મહાનગરપાલિકાની જો વાત કરવામાં આવે તો મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા પણ ખાસ મેદાનમાં આવ્યા છે અને ચાલતા પેચ વર્ક અને ડામર કામ માટે ચકાસણી કરી રહ્યા છે. મુખ્યમંત્રીના જણાવ્યા અનુસાર એ બાબતનો આદેશ પણ કરવામાં આવેલો છે કે સ્થાનિક તંત્ર અને અધિકારીઓ સ્થળ મુલાકાત કરી યોગ્ય સ્થિતિનો તાગ મેળવે અને તેનો રિપોર્ટ સરકારને મોકલે.

રાજકોટમાં પણ વરસાદની સિઝન અને માવઠામાં રોડ રસ્તાની સ્થિતિ ખૂબ ખરાબ થઈ ગઈ છે ત્યારે તેને પહોંચી વળવા માટે અત્યારે હાલ તમામ પગલાંઓ લેવામાં આવી રહ્યા છે અને જોવાનું એ રહ્યું કે આગામી દિવસોમાં જે સ્થિતિ ઊભી થઈ છે તેના પર કેવી રીતે નિયંત્રણ લાદવામાં આવે છે અને આવનારા અને હાલ જે નવા રસ્તાઓ અને જે ખરાબ થયેલા રસ્તાઓ છે તેની મરામત થાય છે તેમાં કયા પ્રકાર ની ગુણવત્તા રાખવામાં આવશે શું અધિકારીઓ જવાબદારી લેશે કે હાલ જે કામ થઈ રહ્યું છે તેમાં કોઈપણ પ્રકારનો પ્રશ્ન ઊભો નહીં થાય. ? આ તમામ બાબતોની ગંભીરતાને ધ્યાને લઈ ખુદ મ્યુનિસિપલ કમિશનર હવે મેદાનમાં આવ્યા હોવાનું દેખાય છે.

મુખ્યમંત્રીએ જાતે રસ્તાના નવા-જુના કામો પર નજર રાખવા આપેલા આદેશ, ગુણવત્તામાં કોઇ બાંધછોડ ન રાખવા આપેલી સુચના અને સીધા સચિવ કક્ષાએથી મુકેલા મોનીટરીંગના પગલે કમિશનર સહિતના અધિકારીઓ ફિલ્ડમાં ઉતરી ગયા છે. આજે કમિશનરે અલગ અલગ વિસ્તારમાં ડામર કામનું નિરીક્ષણ કરી જાતે નમુના પણ ચકાસ્યા હતા.

મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં રૂબરૂ ફીલ્ડમાં જઈ ચાલુ કામગીરી અંગે નિરીક્ષણ કરવામાં આવે છે. આજે તેમણે ત્રણેય ઝોનના વિવિધ વિસ્તારોમાં રોડ-રસ્તા રીપેરીંગની કામગીરીનું મોનીટરીંગ કર્યું હતું. આ મુલાકાત દરમ્યાન તેમણે અધિકારીઓની ટીમ સાથે રોડ-રસ્તા મરામત તેમજ ડામરના ચાલી રહેલા કાર્યોનું નિરીક્ષણ કર્યું હતું. તેમણે સ્થળ પર જ કામની પ્રગતિ અંગે વિગતવાર માહિતી મેળવી તથા કામગીરીની ગુણવત્તા પર ભાર મુકયો હતો.

તેમણે જણાવ્યું હતું કે, શહેરજનોને સુવિધાજનક અને સલામત માર્ગ વ્યવસ્થા મળી રહે તે માટે મહાનગરપાલિકા દ્વારા કામગીરી સમયસર તથા ગુણવત્તાપૂર્ણ રીતે પૂર્ણ કરવા આયોજન હાથ ધરવામાં આવ્યું છે. મહાનગરપાલિકા દ્વારા શહેરને વધુ સ્વચ્છ, સુંદર અને સુવ્યવસ્થિત બનાવવા માટે સતત પ્રયાસો થઈ રહ્યા છે.

ખાસ કરીને ગુણવતા પર પુરૂ ધ્યાન અપાઇ રહ્યું છે. દર વર્ષે કરતા આ વર્ષે રાજકોટમાં દોઢથી બે ગણા ડામરના કામ વધુ થઇ રહ્યા છે. આ મુલાકાત દરમ્યાન સિટી એન્જી.ઓ, ડેપ્યુટી સિટી એન્જી. સહિતના અધિકારીઓ-કમર્ચારીઓ હાજર રહ્યા હતા.

# પડધરી, કોટડા સાંગાણી, અને લોધિકાના ગામોમાં નવી સસ્તા અનાજની દુકાન

## ત્રણ દુકાનને મર્જ કરવાનો કલેકટરનો આદેશ : પુરવઠા સલાહકાર બેઠકમાં લેવાયો નિર્ણય

રાજકોટ તા. ૧૫
રાજ્યમાં હાલ પુરવઠા ની કામગીરીને લઈને ઘણા ખરા પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે ત્યારે જિલ્લામાં પણ સ્થિતિ યથાયોગ્ય નથી એક તરફ સરકાર દ્વારા નવેમ્બર મહિનાનો જથ્થો લાભાર્થીઓને આપવા માટેની વાત કરી દીધી છે તો બીજી તરફ જિલ્લામાં પૂરતો અનાજ જથ્થો ન હોવાની પણ ફરિયાદો ઉઠી રહી છે જેમાં મગફળી અને તુવેર દાળ નો જથ્થો હજુ સુધી પરવાનેદારોને મળ્યો નથી એટલું જ નહીં હાલની સ્થિતિને ધ્યાને લેતા એ વાત સ્પષ્ટ થઈ ચૂકી છે કે આ અંગે જો વિતરણ વ્યવસ્થા યોગ્ય કરવામાં નહીં આવે તો અનેક પ્રશ્નો ઊભા થઈ શકશે. ત્યારે ગઈકાલે મળેલી પુરવઠા સલાહકાર સમિતિની બેઠકમાં તાલુકાના ગામોમાં નવી દુકાનો અને ત્રણ દુકાનોને મર્જ કરવા માટે નિર્ણય લેવામાં આવ્યો હતો. આ નિર્ણય પાછળ કારણ એ જ છે કે તાલુકા સ્તર ઉપર લાભાર્થીઓની




સંખ્યા હાલ વધુ જોવા મળી રહી છે ત્યારે તેઓને સરકારી અનાજનો પૂરતો લાભ મળતો રહે અને કોઈ હેરાનગતિનો સામનો ન કરવો પડે તે માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે.

રાજકોટ કલેકટર કચેરી ખાતે ગઈકાલે મળેલી પૂરવઠા સલાહકાર સમિતિની બેઠકમાં પડધરી, કોટડાસાંગાણી અને લોધીકા તાલુકાનાં ગામોમાં ત્રણ નવી દુકાનોને અને ત્રણ દુકાનોને મર્જ કરવા માટે મંજૂરી અપાઈ હતી. આ અંગેની પ્રાપ્ત થતી વધુ વિગતો મુજબ રાજકોટ શહેર તથા જિલ્લા ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિની નવેમ્બર માસની આજે યોજાયેલી બેઠકમાં ગ્રામ્ય વિસ્તારોમાં ત્રણ નવી દુકાનો શરૂ કરવા તથા ત્રણ દુકાનોને મર્જ કરવા અંગે મંજૂરી આપવામાં આવી હતી.

જિલ્લા કલેક્ટર ઓમપ્રકાશની અધ્યક્ષતામાં કલેકટર કચેરી ખાતે યોજાયેલી આ બેઠકમાં જસદણ તાલુકાના કનેસરા ગામે સામાન્ય કેટેગરીમાં તૃપ્તિબેન માલકીયાને, રૂપાવટી ગામમાં સામાન્ય કેટેગરીમાં તૃપ્તિબેન મહેતાને અને વાસાવડ ગામમાં સામાન્ય કેટેગરીમાં અંકિતાબેન પરમારને નવી વાજબી ભાવની દુકાનોની ફાળવણી કરવાનો નિર્ણય સર્વાનુમતે લેવામાં આવ્યો હતો. જ્યારે અન્ય ત્રણ દુકાનોને મર્જ કરવા અંગે પણ આ બેઠકમાં નિર્ણય લેવામાં આવ્યો હતો.

આ બેઠકમાં જિલ્લા પંચાયત પ્રમુખ પ્રવિણાબેન રંગાણી, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, જિલ્લા વિકાસ અધિકારી અનંદુ સુરેશ ગોવિંદ, જિલ્લા પુરવઠા અધિકારી આશિષ ઝાપડા, જિલ્લા શિક્ષણ અધિકારી દિક્ષિત પટેલ, જિલ્લા મહિલા અને બાળ કલ્યાણ અધિકારી જનકસિંહ ગોહિલ અને સમિતિના અન્ય સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# મોકડ્રીલ-સુરક્ષા નિયમોનું પાલન જરૂરી

## કલેકટર ઓમ પ્રકાશના અધ્યક્ષ સ્થાને યોજાઈ જિલ્લા ડિસ્ટ્રિક્ટ ક્રાઈસીસ ગ્રુપની બેઠક

રાજકોટ. તા. ૧૫
રાજકોટ જિલ્લા કલેક્ટર ડો. ઓમ પ્રકાશની અધ્યક્ષતામાં જિલ્લા ડીસ્ટ્રીકટ ક્રાઈસીસ ગૃપની બેઠક કલેક્ટર ઓફિસ ખાતે યોજવામાં આવી હતી. જિલ્લામાં આપત્તિ અને કેમિકલ એક્સિડન્ટની સ્થિતિમાં અસરકારક પ્રતિસાદ માટેની તૈયારીઓને વધુ મજબૂત બનાવવા અંગે આ બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી.

બેઠક દરમિયાન નાયબ નિયામક તથા જિલ્લા ક્રાઈસિસ ગ્રુપના સભ્ય સચિવ એન. આર. ચૌધરી દ્વારા તમામ સભ્યોને જિલ્લાની ક્રાઇસિસ ગ્રુપની રચના, તેની જવાબદારીઓ અને કાર્યપ્રણાલી અંગે વિગતવાર



માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમણે રાજકોટ જિલ્લામાં આવેલી મેજર એક્સિડેન્ટ હેઝાર્ડ (MAH) યુનિટ્સ વિશે માહિતી આપી અને તેમાંથી ઊભા થઈ શકે તેવા વિવિધ જોખમો અંગે માહિતગાર કર્યા હતા. તેમણે MAH યુનિટ્સથી સંભવિત જોખમો, નજીકના વિસ્તાર પર તેની અસર, તેમજ ઓન-સાઈટ અને ઓફ-સાઈટ એમર્જન્સી પ્લાનની મહત્વતા સમજાવી હતી. ઉપરાંત, સંકટની સ્થિતિમાં વિભાગો વચ્ચેના સમન્વય, ઉપલબ્ધ સાધન-સામગ્રી અને અસરકારક પ્રતિસાદ માટેની કાર્યવાહી યોજનાઓ અંગે ચર્ચા કરવામાં આવી હતી.

આ બેઠકમાં જિલ્લા કલેક્ટર ડો. ઓમ પ્રકાશે સમયસર સંકલન, નિયમિત મોક ડ્રિલ અને સુરક્ષા નિયમોના કડક પાલનની અગત્યતા ઉપર ભાર મૂક્યો હતો. બેઠકના અંતે જિલ્લામાં આપત્તી સુરક્ષા મજબૂત બનાવવાની, જાહેર જનતાનું રક્ષણ કરવાની અને કોઈપણ તાત્કાલિક પરિસ્થિતિ માટે તૈયાર રહેવાની સંયુક્ત પ્રતિબદ્ધતા વ્યક્ત કરવામાં આવી હતી.

# ‘જનજાતીય ગૌરવ વર્ષ’ની ઉજવણી

## ૯૭૨ લાખના વિકાસ કામોનાં લોકાર્પણ-ખાતમુહૂર્ત : આદિવાસી રમતવીરોનું સન્માન, લાભાર્થીઓને સરકારી સહાય વિતરણ

રાજકોટ તા. ૧૫
રાજકોટ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મ જયંતિના અવસરે ’જનજાતીય ગૌરવ વર્ષ’ ઉત્સવ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તકે રાજકોટ જિલ્લામાં રૂ. ૯૭૨ લાખના વિકાસ કાર્યોના લોકાર્પણ તથા ખાતમુહૂર્ત કરવામાં આવ્યા હતા. શહેરના હેમુ ગઢવી નાટ્યગૃહ ખાતે આયોજિત આ કાર્યક્રમમાં જિલ્લાભરમાંથી મોટી સંખ્યામાં આદિવાસી સમુદાયના લોકો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમના અદયક્ષ અને રાજકોટ જિલ્લા પંચાયત પ્રમુખ પ્રવિણાબેન રંગાણીએ કહ્યું હતું કે, ભગવાન બિરસા મુંડાના જીવનમાંથી સમગ્ર જન સમુદાયને પ્રેરણા મળે છે. તેમના જીવન ઉદ્દેશ્યોને નવી પેઢીએ જાણીને જીવનમાં ઉતારવા જોઈએ.





સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીના લોકપાલ અને કાર્યક્રમના મુખ્ય વક્તા ડો. સંજીવ ઓઝાએ ભગવાન બિરસા મુંડાના જીવન પ્રસંગોની વિગતો સાથે પ્રેરક વક્તવ્ય આપ્યું હતું. તેમણે કહ્યું હતું કે, ભગવાન બિરસા મુંડા માત્ર અન્યાય સામે લડનારા લડવૈયા જ નહીં, પણ સમાજ સુધારક હતા. બિરસા મુંડાએ બચપણમાં જ સ્વધર્મ, સ્વરાજ અને સનાતન સંસ્કૃતિ સાથે કોઈ સમાધાન નહીં કરવાની આપેલી શીખને જીવનમાં ઉતારવી જોઈએ.જિલ્લા કલેકટર ડો. ઓમપ્રકાશે સ્વાગત પ્રવચન કર્યું હતું. જ્યારે જિલ્લા વિકાસ અધિકારી અનંદુ સુરેશ ગોવિંદે આભારવિધિ કરી હતી.

આ કાર્યકમમાં રમતગમત ક્ષેત્રે સિદ્ધિ હાંસલ કરનારા આદિવાસી રમતવીરોનું સન્માન તેમજ આદિવાસી યુવતીઓ અને છાત્રાઓને સરકારની યોજનાકીય સહાયના ચેકનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં રાજકોટ મહાનગર પાલિકાના મેયર નયનાબેન પેઢડિયા, સાંસદ રામભાઈ મોકરિયા, ધારાસભ્યો સર્વ રમેશભાઈ ટીલાળા, ડો. દર્શિતાબેન શાહ, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, શાસક પક્ષના નેતા મનીષભાઈ રાડીયા, રાજકોટ મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા, અગ્રણી માધવ દવે વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

રાજકોટ મિરર તંત્રીની કલમે



# સર્જકમાંથી સેટિંગબાજ

## રાજનીતિના પડદા પાછળનો હીરો પ્રશાંત કિશોર પડદા પર આવીને ઝીરો થઇ ગયો



પ્રશાંત કિશોરની કારકિર્દીનો પ્રારંભ પડદા પાછળના એક સફળ ચૂંટણી રણનીતિકાર તરીકે થયો, જ્યાં તેમણે ૨૦૧૪માં નરેન્દ્ર મોદી અને ત્યારબાદ નીતિશ કુમાર, મમતા બેનર્જી જેવા દિગ્ગજોને જીત અપાવી. આ સમયગાળામાં તેઓ રાજકીય નેતાઓના 'બ્રાન્ડ સર્જક' તરીકે ઉભરી આવ્યા, જેમના સેટિંગ્સ અને રણનીતિઓ ચૂંટણી પરિણામોને પ્રભાવિત કરવામાં નિર્ણાયક સાબિત થતી. જોકે, પડદા પાછળના આ 'હીરો'એ જ્યારે બિહારમાં 'જન સુરાજ અભિયાન' અને ત્યારબાદ 'જન સુરાજ પાર્ટી'ની સ્થાપના કરીને રાજકીય મેદાનમાં સક્રિય પ્રવેશ કર્યો, ત્યારે તેમની ભૂમિકામાં મોટો પલટો આવ્યો.

બિહાર વિધાનસભા ચૂંટણી ૨૦૨૫ના પરિણામોમાં જન સુરાજ પાર્ટીનો દેખાવ એ વાતનો પુરાવો આપે છે કે વ્યૂહરચનાકાર તરીકેની તેમની પ્રતિભા રાજકારણી તરીકેની સફળતામાં તબદીલ થઈ શકી નથી. પાર્ટીએ રાજ્યની તમામ ૨૪૩ બેઠકો પર ચૂંટણી લડી હોવા છતાં, તે એક પણ બેઠક જીતી શકી નહીં અને તેમનો વોટ શેર પણ સાવ નજીવો રહ્યો. આ પરિણામો પ્રશાંત કિશોરની જ પોતાની ભવિષ્યવાણી કે તેમની પાર્ટી કાં તો ૧૫૦થી વધુ બેઠકો જીતશે અથવા ૧૦થી ઓછી ના નિમ્નતમ સ્તરને સાચા ઠેરવે છે.

આ નિષ્ફળતાનું મુખ્ય કારણ એ છે કે બિહારના રાજકારણમાં જ્ઞાતિ સમીકરણો અને પરંપરાગત ગઠબંધનોનું પ્રભુત્વ હજી પણ મજબૂત છે, જેની સામે જન સુરાજ પાર્ટીનો વિકાસ-કેન્દ્રિત સંદેશ અને નવા ચહેરાઓની રાજનીતિ અસરકારક સાબિત થઈ શકી નથી. રણનીતિકાર તરીકે, પીકે (PK) રાજકીય પ્રવાહોને સમજીને નેતાઓને માર્ગદર્શન આપતા હતા, પરંતુ જ્યારે તેમણે પોતે મુખ્ય ભૂમિકા ભજવી ત્યારે તેઓ જનતાને તેમના વિઝનથી પ્રભાવિત કરવામાં 'ઝીરો' સાબિત થયા. આ પરિણામ દર્શાવે છે કે પડદા પાછળની સફળતા અને જમીન પરની રાજકીય લડાઈ તદ્દન અલગ છે, જ્યાં માત્ર રણનીતિ નહીં પણ મજબૂત સંગઠન, જ્ઞાતિ સમીકરણોનું સંતુલન અને વિશ્વાસ પણ જરૂરી છે. આમ, પ્રશાંત કિશોર માટે, સફળ 'સર્જક'માંથી 'સેટિંગબાજ' બનવાનો પ્રયાસ રાજકીય રીતે નિષ્ફળ રહ્યો છે.

પ્રશાંતને પણ ખ્યાલ હતો કે સત્તા સુધી પહોચવામાં ટાંટિયા પહોચે તેમ નથી.તેઓએ સત્તા વિરોધી મતના વિભાજકની ભૂમિકા ભજવતા હતા.રાજદ-કોંગ્રેસના મતો લઈ જઈને પડદા પાછળ સત્તાધારી પક્ષને મદદ કરવાની ભૂમિકા હતી. જો કે એટલા મત પણ નથી મળ્યા કે આબરુ સચવાય. પ્રશાતની આબરુની બેલેન્સ તળિયે ગઈ છે. રાજનીતિના વમળમાં ભલભલાની મત્તિ બેર મારી જાય છે.



પુ ભકિત સ્વામીજી (હિન્દુ રાષ્ટ્રહિત રક્ષક )
શ્રી સ્વામિનારાયણ સનાતન આશ્રમ-ખીરસરા

# ચૂંટણી પરિણામો ઉતાર-ચઢાવનો ભાગ : તેજસ્વી

## રાષ્ટ્રીય જનતા દળે પ્રતિક્રિયા આપતા કહ્યું પાર્ટીની કારમી હાર છતાં નિરાશ નથી

નવીદિલ્હી, તા. ૧૫
બિહાર વિધાનસભા ચૂંટણીમાં NDAએ શાનદાર પ્રદર્શન કર્યું. દરમિયાન, ચૂંટણી પરિણામોમાં ઓલ ઈન્ડિયા મહાગઠબંધન (MGP) ને મોટો ફટકો પડ્યો. ગઉઅ એ ૨૦૨ બેઠકો મેળવીને ફરી એકવાર રાજ્યમાં સત્તામાં પરત ફર્યું, જ્યારે મહાગઠબંધન ફક્ત ૩૫ બેઠકો પર સમેટાઈ ગયું. દરમિયાન, રાષ્ટ્રીય જનતા દળ (RJD) એ હાર પર પોતાની પહેલી પ્રતિક્રિયા જાહેર કરી છે. પાર્ટીએ જણાવ્યું હતું કે શાસક NDA ના હાથે કારમી હાર છતાં તે નિરાશ નથી, જેણે ૨૦૨ બેઠકો સાથે પ્રચંડ વિજય મેળવ્યો. RJD એ ચૂંટણી પરિણામોને જાહેર જીવનના કુદરતી ઉતાર-ચઢાવનો ભાગ ગણાવ્યા. તેણે એમ પણ કહ્યું હતું કે પાર્ટી હારથી નિરાશ નથી અને ગરીબો માટે બોલતી રહેશે. જાહેર સેવા એક સતત પ્રક્રિયા છે, એક અનંત યાત્રા છે! ઉતાર-ચઢાવ અનિવાર્ય છે. હારમાં કોઈ દુઃખ નથી, અને જીતમાં કોઈ ઘમંડ નથી! રાષ્ટ્રીય જનતા દળ ગરીબોનો પક્ષ છે અને તેમના માટે બોલતો રહેશે.

આરજેડીએ સોશિયલ મીડિયા પર એક પોસ્ટ શેર કરી જેમાં પાર્ટીએ કહ્યું, ''જનસેવા એક સતત પ્રક્રિયા છે, એક અનંત યાત્રા છે! હંમેશા ઉતાર-ચઢાવ આવે છે. હારમાં કોઈ દુઃખ નથી, જીતમાં કોઈ ઘમંડ નથી! રાષ્ટ્રીય જનતા દળ ગરીબોનો પક્ષ છે અને ગરીબોમાં પોતાનો અવાજ ઉઠાવતો રહેશે.''



બિહાર વિધાનસભાની ચૂંટણીમાં એનડીએ અને અખિલ ભારતીય મહાગઠબંધન વચ્ચે નજીકની સ્પર્ધા થવાની અપેક્ષા હતી, પરંતુ એવું બન્યું નહીં. એનડીએએ અપેક્ષા કરતાં વધુ સારું પ્રદર્શન કર્યું, પ્રચંડ વિજય મેળવ્યો અને રાજ્યમાં સત્તામાં પાછો ફર્યો.

મહાગઠબંધનમાં સૌથી મોટી પાર્ટી, આરજેડી, તેની બેઠકો ૭૫ થી ઘટીને માત્ર ૨૫ થઈ ગઈ. ૨૦૧૦ પછી આ પાર્ટીનું સૌથી નિરાશાજનક પ્રદર્શન છે. તેજસ્વી યાદવને મુખ્ય પ્રધાન પદના ઉમેદવાર તરીકે એક કરવા છતાં પાર્ટીએ આ હારનો સામનો કરવો પડ્યો. એકંદરે, મહાગઠબંધનનો મત હિસ્સો અને બેઠકોની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો થયો, ૪૦ બેઠકોથી નીચે આવી ગયો અને સરકાર બનાવવામાં ઘણી ઓછી રહી. તેનાથી વિપરીત, ભાજપ એનડીએમાં સૌથી મજબૂત પ્રદર્શન કરનાર પક્ષ તરીકે ઉભરી આવ્યો, ૮૯ બેઠકો જીતી. બિહારમાં ભાજપનો આ અત્યાર સુધીનો સૌથી મોટો આંકડો છે. નીતિશ કુમારના નેતૃત્વ હેઠળના જેડીયુએ ૮૫ બેઠકો જીતી હતી, જ્યારે ચિરાગ પાસવાનના એલજેપી (આરએલડી) એ ૨૯ બેઠકો પર ચૂંટણી લડી હતી અને પ્રભાવશાળી પ્રદર્શન કરીને ૧૯ બેઠકો જીતી હતી. આ દરમિયાન, જીતન રામ માંઝીની પાર્ટી, એચએએમ, ૫ બેઠકો જીતી હતી, અને ઉપેન્દ્ર કુશવાહાની પાર્ટીએ ૪ બેઠકો જીતી હતી. બિહાર વિધાનસભા ચૂંટણીમાં કારમી હાર બાદ આરજેડીએ પોતાની પહેલી પ્રતિક્રિયા જાહેર કરી છે. પાર્ટીએ ચૂંટણી પરિણામોને જાહેર જીવનના કુદરતી ઉતાર-ચઢાવનો ભાગ ગણાવતા કહ્યું કે તે નિરાશ નથી અને ગરીબો માટે બોલવાનું ચાલુ રાખશે.

### ઉચ્ચ અદાલતો સામાજિક સુધારાનું વાહન બની શકે છે કારણ કે તેમની પાસે વ્યાપક અધિકારક્ષેત્ર

# હાઈકોર્ટે ઈમર્જન્સી વોર્ડની જેમ કરવું જોઈએ કાર્ય



નવીદિલ્હી, તા. ૧૫
રાંચીમાં ઝારખંડ હાઈકોર્ટના રજત જયંતીના સમારોહમાં બોલતા, દેશના આગામી સીજેઆઈ, સૂર્યકાંતે કહ્યું કે હાઈકોર્ટોએ હોસ્પિટલોમાં ઇમરજન્સી વોર્ડની જેમ કામ કરવું જોઈએ. તેમણે તાત્કાલિક અને ચોકસાઈથી પ્રતિભાવ આપવો જોઈએ. ન્યાયાધીશ સૂર્યકાંતે ભાર મૂક્યો કે ઉચ્ચ અદાલતોમાં સામાજિક સુધારણા માટે વાહન તરીકે કાર્ય કરવાની ક્ષમતા છે. ન્યાયાધીશ સૂર્યકાંતે જણાવ્યું હતું કે ઉચ્ચ અદાલતોની બંધારણીય સ્થિતિ, તેમના વ્યાપક અધિકારક્ષેત્ર અને જનતા સાથેની તેમની નિકટતા તેમને કાનૂની વિકાસને આકાર આપવા અને સામાજિક પરિવર્તનને વેગ આપવા માટે અનન્ય રીતે સક્ષમ બનાવે છે. ન્યાયાધીશ સૂર્યકાંતે વધુમાં જણાવ્યું હતું કે ઉચ્ચ અદાલતો એવી જગ્યાઓ છે જ્યાં ન્યાયના ઉચ્ચતમ સિદ્ધાંતો સામાન્ય નાગરિકોની જીવંત વાસ્તવિકતાઓને પૂર્ણ કરે છે, અને તેથી, તેઓ ''કાનૂની વિકાસ અને સામાજિક સુધારણા માટે મહત્વપૂર્ણ વાહન' બની શકે છે.

ન્યાયાધીશ સૂર્યકાંતે જણાવ્યું હતું કે બંધારણે ત્રણ સ્તંભો પર આધારિત ન્યાય વિતરણ પ્રણાલી બનાવી છે, દરેક સ્તંભો અલગ પરંતુ પૂરક ઉદ્દેશ્યો ધરાવે છે. જિલ્લા અદાલતો પાયાના સ્તરે રોજિંદા ફરિયાદોનું નિરાકરણ કરે છે અને સિસ્ટમમાં લોકોનો વિશ્વાસ વધારે છે. સુપ્રીમ કોર્ટ બંધારણીય સીમાઓના અંતિમ રાષ્ટ્રીય રક્ષક તરીકે સેવા આપે છે. ન્યાયાધીશે જણાવ્યું હતું કે ઉચ્ચ અદાલતો આ બે વચ્ચે આવેલી છે, નાગરિકો અને બંધારણ વચ્ચે સેતુ તરીકે કાર્ય કરે છે.

ન્યાયાધીશ સૂર્યકાંતે જણાવ્યું હતું કે કલમ ૨૨૬ હેઠળ તેમની સત્તાઓ કલમ ૩૨ હેઠળ સુપ્રીમ કોર્ટના અધિકારક્ષેત્ર કરતાં વધુ વ્યાપક છે, કારણ કે હાઈકોર્ટ મૂળભૂત અધિકારો તેમજ અન્ય તમામ કાનૂની અધિકારોનું રક્ષણ કરી શકે છે. તેમણે જણાવ્યું હતું કે આ વ્યાપક સત્તા, તેમની સુલભતા સાથે, ઉચ્ચ અદાલતો માટે ખાતરી કરવી જરૂરી બનાવે છે કે રક્ષણ અને નિવારણ છટકી ન જાય અથવા વિલંબિત ન થાય. ન્યાયાધીશ સૂર્યકાંતે ઝારખંડ ઉચ્ચ અદાલતના એક કાર્યક્રમમાં જણાવ્યું હતું કે ઉચ્ચ અદાલતોએ 'ઇમરજન્સી વોર્ડ'ની જેમ ઝડપી અને સચોટ ન્યાય આપવો જોઈએ. તેમણે ભાર મૂક્યો હતો કે ઉચ્ચ અદાલતો તેમના વ્યાપક અધિકારક્ષેત્ર અને જનતાની નિકટતાને કારણે સામાજિક સુધારા માટેનું વાહન બની શકે છે.

# સીમાંચલમાં મહાગઠબંધન ફેઈલ

## રાષ્ટ્રીય જનતા દળ (RJD) અને કોંગ્રેસ સહિત મહાગઠબંધનના તમામ મુખ્ય ઘટકોએ કર્યું ખરાબ પ્રદર્શન

નવીદિલ્હી, તા. ૧૫
બિહારમાં સત્તામાં પાછા ફરવાની આશા રાખતા મહાગઠબંધનનો દેખાવ સૌથી ખરાબ રહ્યો. રાષ્ટ્રીય જનતા દળ (RJD) અને કોંગ્રેસ સહિત મહાગઠબંધનના તમામ મુખ્ય ઘટકોએ ખરાબ પ્રદર્શન કર્યું. રાજ્યમાં મહાગઠબંધનનો મુખ્ય આધાર યાદવ અને મુસ્લિમ (M-Y) મતદારો રહ્યા છે, પરંતુ પરિણામો દર્શાવે છે કે આ ગઠબંધન હવે સાચું નથી. મુસ્લિમ બહુમતીવાળા વિસ્તારોમાં પણ, તેઓએ ખરાબ પ્રદર્શન કર્યું, પોતાનું ખાતું પણ ખોલવામાં નિષ્ફળ રહ્યા. છેલ્લી ચૂંટણી (૨૦૨૦) માં, બિહારમાં ગઠબંધન રાજકારણના યુગ દરમિયાન, RJD એ ૨૪૩ માંથી ૭૫ બેઠકો જીતી હતી. જોકે, આ વખતે તેણે ૫૦ બેઠકો ગુમાવી, ફક્ત ૨૫ બેઠકો જીતી. કોંગ્રેસ પણ ૧૯ માંથી ૬ બેઠકો પર સમેટાઈ ગઈ. અન્ય સાથી પક્ષોને પણ નોંધપાત્ર નુકસાન થયું.

મુસ્લિમ બહુમતીવાળા સીમાંચલ પ્રદેશમાં ચૂંટણી પરિણામો પર બધાની નજર છે. અહીં NDAનું પ્રદર્શન નિરાશાજનક રહ્યું છે. ૨૦૨૦ માં, સીમાંચલના ચાર જિલ્લાઓ (પૂર્ણિયા, કટિહાર, અરરિયા અને કિશનગંજ) માં ૨૪ માંથી NDA એ સૌથી વધુ ૧૨ બેઠકો જીતી હતી, પરંતુ તે કિશનગંજ જિલ્લામાં પોતાનું ખાતું પણ ખોલવામાં નિષ્ફળ રહી. અહીંની ચાર બેઠકોમાંથી બે મહાગઠબંધનને અને બે અન્ય (AIMIM) ને મળી, જેના કારણે NDA ને ૦ બેઠકો મળી. આ વખતે, જ્યારે ચૂંટણી પરિણામો જાહેર થયા, ત્યારે NDA એ ૨૪ માંથી ૧૪ બેઠકો જીતી, જે પાછલી

| NDA: 202 | | MGB: 34 | | Others: 7 | |
|---|---|---|---|---|---|
| PARTY | SEATS | PARTY | SEATS | PARTY | SEATS |
| BJP | 89 | RJD | 25 | AIMIM | 5 |
| JDU | 85 | INC | 6 | BSP | 1 |
| LJP(RV) | 19 | CPI(M) | 1 | IIP | 1 |
| HAM(S) | 5 | CPI(ML)(L) | 2 | - | - |
| RLM | 4 | VIP | - | - | - |

ચૂંટણીની તુલનામાં બે બેઠકોનો વધારો દર્શાવે છે. ૨૦૨૦ માં સાત બેઠકોની સરખામણીમાં સીમાંચલમાં મહાગઠબંધન ઘટીને પાંચ બેઠકો પર પહોંચી ગયું. ૨૦૧૫ માં, મહાગઠબંધને સીમાંચલમાં ૧૮ બેઠકો જીતી, જ્યારે NDA ને પાંચ બેઠકો પર સંતોષ માનવો પડ્યો અને કિશનગંજમાં ખાતું ખોલવામાં નિષ્ફળ રહ્યું.

પાછલી ચૂંટણીની જેમ, અસદુદ્દીન ઓવૈસીની AIMIM એ આ વખતે પણ પોતાનું પ્રદર્શન પુનરાવર્તિત કર્યું, પાંચ બેઠકો જીતી, જે બધી સીમાંચલમાં હતી. AIMIM એ જોકીહાટ, બહાદુરગંજ, અમોર, બૈસી અને કોચધામન જીત્યા. જોકે, આ ચૂંટણી મહાગઠબંધન માટે દુઃસ્વપન સમાન હતી. ૨૦૨૦ની ચૂંટણીમાં NDA બિહારના આઠ જિલ્લાઓમાં પોતાનું ખાતું ખોલવામાં નિષ્ફળ ગયું હતું, પરંતુ આ વખતે મહાગઠબંધન બમણા એટલે કે ૧૬ જિલ્લામાં પોતાનું ખાતું ખોલવામાં નિષ્ફળ ગયું. ભોજપુર (સાત), નાલંદા (સાત), ભાગલપુર (સાત) અને દરભંગા (૧૦) માં પણ, જ્યાં સાત કે તેથી વધુ બેઠકો હતી, તે એક પણ બેઠક મેળવી શક્યું નહીં.

ચૂંટણી પરિણામો દર્શાવે છે કે મુસ્લિમ મતદારો RJD અને કોંગ્રેસથી વધુને વધુ દૂર થઈ રહ્યા છે. મુસ્લિમ બહુમતી ધરાવતા સીમાંચલ ક્ષેત્રમાં, ૨૦૧૫માં ૨૪ માંથી ૧૮ બેઠકો જીતનાર મહાગઠબંધન ફકત પાંચ બેઠકો પર સમેટાઈ ગયું અને કિશનગંજમાં ખાતું પણ ખોલવામાં નિષ્ફળ ગયું. જોકે, જનતા દળ યુનાઈટેડ (JDU) પણ ૨૦૧૫માં મહાગઠબંધનનો ભાગ હતું.

# UPના ૨૦૦ ડોકટરો પર એજન્સીની નજર

## ધરપકડ થયેલ મહિલા, ડો. શાહીન, પાકિસ્તાન સહિત અનેક દેશોમાં નેટવર્ક સ્થાપ્યા

નવીદિલ્હી, તા. ૧૫
દિલ્હી બોમ્બ વિસ્ફોટની તપાસ આગળ વધી રહી છે. સુરક્ષા એજન્સીઓએ એક યાદી તૈયાર કરી છે અને દરેક વ્યક્તિની પૂછપરછ કરી રહી છે. આ કેસમાં કાશ્મીર, ઉત્તર પ્રદેશ, હરિયાણા અને વિદેશમાં પણ લિંક્સ છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ ડોકટરો અને વિદ્યાર્થીઓનો ડો. શાહીન, ડો. ઉમર મોહમ્મદ અને અન્ય આરોપીઓ સાથે સંપર્ક રહ્યો છે, અને તપાસ કરવામાં આવી રહી છે કે શું તેઓ કોઈ વ્હાઇટ-કોલર મોડ્યુલનો ભાગ છે. ઉત્તર પ્રદેશના લગભગ ૨૦૦ ડોકટરો એજન્સીઓના રડાર પર છે. ધરપકડ કરાયેલ મહિલા, ડો. શાહીન, પાકિસ્તાન સહિત અનેક દેશોમાં નેટવર્ક સ્થાપી ચૂકી હતી. તે પાકિસ્તાન આર્મીના ડોકટરો સહિત અન્ય ઘણા કાશ્મીરી ડોકટરો અને વિદ્યાર્થીઓના સંપર્કમાં હતી. ઉત્તર પ્રદેશમાં કામ કરતા લગભગ ૨૦૦ કાશ્મીરી ડોકટરો અને મેડિકલ વિદ્યાર્થીઓ પણ એજન્સીઓના રડાર પર છે.

સૂત્રોએ ખુલાસો કર્યો છે કે ડો. શાહીન ઉત્તર પ્રદેશમાં કામ કરતા ૩૦ થી ૪૦ ડોકટરો સાથે સતત સંપર્કમાં હતી. શાહીન ભારતમાં જૈશ-એ-મોહમ્મદની મહિલા પાંખ માટે ભરતી કરનાર હોવાનું માનવામાં આવે છે. અઝજની એક ટીમ પૂછપરછ માટે દિલ્હીમાં છે, અને બીજી ટીમ શ્રીનગર જવાની તૈયારી કરી રહી છે, એટલે કે વધુ લોકોને અટકાયતમાં લેવામાં આવી શકે છે. તપાસ એજન્સીઓએ ગઈકાલે રાત્રે મેવાતમાંથી ત્રણ ડોક્ટરોની અટકાયત કરી હતી અને તેમની પૂછપરછ કરવામાં આવી રહી છે. ત્રણેય ડોક્ટરો અલ-ફલાહ યુનિવર્સિટી સાથે જોડાયેલા છે. તેમાંથી એક, ડો. મુસ્તકીમે અલ-ફલાહ યુનિવર્સિટીમાં ઈન્ટર્નશિપ પૂર્ણ કરી હતી; તેમની ભૂમિકાની તપાસ કરવામાં આવી રહી છે. અહેવાલો અનુસાર, તે મુઝમ્મિલ, ઉમર અને શાહીનના સંપર્કમાં હતો અને તેમની પૂછપરછ કરવામાં આવી રહી છે. દિલ્હી વિસ્ફોટની તપાસમાં સુરક્ષા એજન્સીઓએ મહત્વપૂર્ણ ખુલાસા કર્યા છે. કાશ્મીર, ઉત્તર પ્રદેશ અને હરિયાણાના આશરે ૨૦૦ ડોક્ટરો અને મેડિકલ વિદ્યાર્થીઓની તપાસ ચાલી રહી છે. જૈશ-એ-મોહમ્મદ માટે મહિલા ભરતી




કરનાર ડો. શાહીનના નેટવર્ક સાથે તેમના જોડાણોની તપાસ કરવામાં આવી રહી છે.

અહેવાલ છે કે સુરક્ષા એજન્સીઓ હવે ઉત્તર પ્રદેશમાં કામ કરતા આશરે ૨૦૦ કાશ્મીરી ડોક્ટરો અને મેડિકલ વિદ્યાર્થીઓ પર નજર રાખી રહી છે. ડો. શાહીન ઉત્તર પ્રદેશમાં કામ કરતા આશરે ૩૦ થી ૪૦ ડોક્ટરોના સંપર્કમાં પણ હતા. સૂત્રોના જણાવ્યા અનુસાર, આતંકવાદ વિરોધી ટુકડી (ATS) ની ટીમ પૂછપરછ માટે શ્રીનગર જવાની તૈયારી કરી રહી છે. તપાસ એજન્સીઓને શંકા છે કે આ ડોક્ટરો ડો. શાહીન સાથે રાષ્ટ્ર વિરોધી પ્રવૃત્તિઓમાં સામેલ હોઈ શકે છે. અઝજ ટીમ આ ડોક્ટરો સાથે સંકળાયેલા લોકો વિશે પણ માહિતી એકત્રિત કરવાનો પ્રયાસ કરી રહી છે. આમાં લખનૌ, કાનપુર અને સહારનપુર સહિત અનેક અન્ય હોસ્પિટલોના ડોક્ટરો શામેલ છે. દરમિયાન, તપાસ એજન્સીઓ સહારનપુરમાં ધરપકડ કરાયેલા ડો. આદિલ સાથે સંકળાયેલા લોકોની પણ શોધ કરી રહી છે. ડો. આદિલના ગયા મહિને ૪ ઓક્ટોબરના રોજ લગ્ન થયા હતા, અને સહારનપુર હોસ્પિટલના ઘણા ડોક્ટરો અને અન્ય સ્ટાફ સભ્યો લગ્નમાં હાજર રહ્યા હતા. સૂત્રોના જણાવ્યા અનુસાર, તપાસ એજન્સીઓએ લગ્નમાં હાજરી આપનારા લોકોની યાદી તૈયાર કરી છે અને તેમની પણ પૂછપરછ કરવામાં આવશે.

# સૌરાષ્ટ્ર-ગુજરાતમાં ગેંગસ્ટરોની કમર તોડતો GUJCTOK

## ગુજસીટોક કાયદાથી સંગઠિત ગુનાખોરી પર બ્રેક : કાયદાના રક્ષકોને પણ રાહત : અગાઉના IPC અને CRPC કલમ હેઠળના ગુનેગારો છટકી જતા ગુજસીટોક મનાતો કડક કાયદો

રાજકોટ, તા. ૧૫

વધુ ગુજરાત કંટ્રોલ ઓફ ટેરરિઝમ એન્ડ ઓર્ગેનાઈઝડ ક્રાઈમ એક્ટ, ૨૦૧૫ (ગુજસીટોક કલમ) કાયદો ખાસ કરીને આતંકવાદી પ્રવૃત્તિઓ અને સંગઠિત ગુનાખોરી ઓર્ગેનાઈઝડ ક્રાઈમ ને ડામવા માટે બનાવવામાં આવ્યો છે. ગેંગ બનાવીને લોકોને રંજાડવા, કોન્ટ્રાક્ટ કિલિંગ, ધમકી આપીને પૈસા પડાવવા (ખંડણી), કેફી દ્રવ્યોનો વેપાર, અપહરણ, ફરજી સ્કીમો ચલાવવી, જમીન પચાવી પાડવી -લેન્ડ ગ્રેબિંગ વગેરે ગંભીર ગુનાના આરોપીઓ સામે કડક કાર્યવાહી માટે સમયોચિત ગુજસીટોક કલમનો ઉપયોગ કરવામાં આવે છે. ગુનામાં દોષિત ઠરેલા વ્યક્તિને ઓછામાં ઓછા ૫ વર્ષથી લઈને આજીવન કેદ સુધીની સજા અને ભારે દંડ થઈ શકે છે. ગંભીર ગુનાઓ માટે મૃત્યુદંડની જોગવાઈ પણ છે. સંગઠિત ગુનાની ઉપજમાંથી સંપાદિત કરેલી મિલકત ટાંચમાં લેવા અને સરકારને હસ્તગત કરવાની જોગવાઈ પણ છે.

સૌરાષ્ટ્ર-ગુજરાતની ઘણી ગેંગના આરોપીઓ સામે આવા કાયદા હેઠળ કડક કામગીરી થયાનું કહેવાય છે. પોલીસ અધિકારી (એએસપી કે તેથી ઉચ્ચ) સમક્ષ આરોપીએ કરેલી કબૂલાત કોર્ટમાં સાબિતી તરીકે માન્ય ગણવામાં આવે છે. સંદેશાવ્યવહાર (ફોન, ઈલેક્ટ્રોનિક ઈન્ટરસેપ્શન) ને આંતરીને મેળવેલા પુરાવાઓ કોર્ટમાં ગ્રાહ્ય રાખવામાં આવતા હોય છે. આ કાયદા હેઠળના કેસની ઝડપી સુનાવણી માટે વિશેષ કોર્ટની રચનાની જોગવાઈ છે.

ગુજરાત પોલીસ દ્વારા સંગઠિત ગુનાખોરીને નિયંત્રિત કરવા માટે આ કાયદાનો ઉપયોગ કરવામાં આવે છે. જોકે, ગુજરાત અને સૌરાષ્ટ્રમાં અત્યાર સુધીમાં ગુજસીટોક હેઠળ નોંધાયેલા કેસની ચોક્કસ, સત્તાવાર અને નવીનતમ સંકલિત સંખ્યા જાહેર સ્ત્રોતોમાં ઉપલબ્ધ નથી પરતું ચકચારી ગેંગ અને આરોપીઓ સામે ઉગામાયેલા ગુજસીટોક અન્વયેના ગુનાની વિગતો રજુ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. અહેવાલો મુજબ અમુક મળેલી માહિતી મુજબ સમગ્ર ગુજરાતમાં ૨૦૨૨ સુધીમાં ૩૬ કેસ ૩૮૦ આરોપીઓ સામે ગુનો નોંધાયો હોવાનું પોલીસનું કહેવું છે.

આટલા સમયમાં સુરત શહેર ૭ કેસમાં ૪ કમિશ્નર રેટમાં, તેમજ અમદાવાદ શહેર ૪ કેસ અને રાજકોટ શહેર નોંધાયેલા ૨ કેસ બાદ તાજેતરમાં ’પેંડા ગેંગ’ સામે(૧૭ આરોપીઓ) સામે કાર્યવાહી કરાઈ હોવાનું પોલીસ તંત્ર જણાવે છે. આ ગેંગ છેલ્લા ૧૦ વર્ષથી રાજકોટ સહિત આસપાસના વિસ્તારોમાં આતંક મચાવી રહી હતી. તેમના વિરુદ્ધ રાજકોટ શહેર, રાજકોટ ગ્રામ્ય, જામનગર અને મહેસાણા વિસ્તારોમાં કુલ ૭૧ જેટલા ગંભીર ગુનાઓ નોંધાઈ ચૂક્યા છે. અને ખાસ કરીને આ ગેંગ સામે હત્યા અને હત્યાની કોશિશ, દુષ્કર્મ અને છેડતી, એનડીપીએસ, હેઠળના કેસ, ગેંગવોર (જેમ કે તાજેતરમાં મંગળા રોડ પર ’મુરઘા ગેંગ’ સાથે થયેલ ફાયરિંગ) ખંડણી અને હથિયારો સાથેના હુમલાનો સમાવેશ થાય છે. ગુજસીટોક હેઠળ ગુનો દાખલ થયા બાદ, ૧૭ આરોપીઓમાંથી અમુક હાલમાં પોલીસ કસ્ટડીમાં છે અને અમુક ફરાર છે. આ કાર્યવાહી બાદ રાજકોટ પોલીસે પકડાયેલા ગેંગના સભ્યોનું જાહેરમાં સરઘસ (વરઘોડો) કાઢીને કાયદાનું ભાન કરાવ્યું હતું.

વેરાવળ (ગીર સોમનાથ)માં એક કેસ ’વાંદરી ગેંગ’ ના ૧૪ આરોપીઓ સામે ગુનો નોંધાયો છે. ગુજરાત પોલીસ દ્વારા આ કાયદા હેઠળ સતત કાર્યવાહી કરવામાં આવતી હોવાથી, કેસની કુલ સંખ્યા સમયાંતરે બદલાતી રહે છે.

સૌરાષ્ટ્રમાં સંગઠિત ગુનાખોરીને ડામવા માટે રાજકોટ પોલીસ સહિત અન્ય જિલ્લા પોલીસે ગુજસીટોક કાયદાનો સમયાંતરે ઉપયોગ કર્યો છે. એપ્રિલ ૨૦૨૨ સુધીના એક અહેવાલ મુજબ, રાજકોટ શહેરમાં ૨ ગુના ગુજસીટોક હેઠળ નોંધાયા હતા, જેમાં ૨૨ આરોપીઓ સામે કાર્યવાહી કરવામાં આવી હતી. બોગસ બિલિંગ/GST કૌભાંડ ફેબ્રુઆરી ૨૦૨૪ના રૂ. ૨૦૫૦ કરોડના બોગસ બિલિંગ/ GST ઈનપુટ ટેક્સ ક્રેડિટ કૌભાંડમાં ગુજસીટોક હેઠળ ફરિયાદ નોંધાઈ હતી. આ કૌભાંડમાં ૨૦ આરોપીઓ હતા, જેમાંથી ૧૯ ભાવનગરના અને ૧ આરોપી રાજકોટનો હતો.

રાજકોટમાં થયેલા ગેંગવોર ફાયરિંગ કેસમાં પણ ભૂતકાળમાં પોલીસે કડક કાર્યવાહી કરીને આરોપી ગેંગ વિરુદ્ધ ગુજસીટોક હેઠળ ગુનો દાખલ કરવાની કાર્યવાહી હાથ ધરી હતી. રાજકોટમાં સૌરાષ્ટ્રની કુખ્યાત ગણાતી જયેશ પટેલ ગેંગ, સોનુ ડાંગર ગેંગ અને નિખિલ દોંગા ગેંગ સામેના કેસોમાં ગુજસીટોક હેઠળ કાર્યવાહી કરવા માટે ખાસ સરકારી વકીલોની નિમણૂક પણ કરવામાં આવી છે.જામનગર જિલ્લામાં પણ ગુજસીટોક હેઠળ ગુના નોંધાયેલા છે, જેમાં આરોપીઓને પકડ્યા બાદ રાજકોટ લાવવામાં આવ્યા હોવાના અખબારી અહેવાલો પ્રકાશિત થયા હતા.

જૂનાગઢની ’બાંગ્લા ગેંગ’ સામે ગુજસીટોક હેઠળ થયેલી કાર્યવાહી જોઈએ તો જૂનાગઢ શહેર અને આસપાસના વિસ્તારમાં આતંક મચાવનારી કુખ્યાત ’બાંગ્લા ગેંગ’ વિરુદ્ધ જૂનાગઢ પોલીસે ગુજસીટોકનું શસ્ત્ર ઉગામ્યું હતું. ’બાંગ્લા ગેંગ’ (અથવા બાબુ બાંગ્લાની ગેંગ) તરીકે ઓળખાતી આ ગેંગનો મુખ્ય સુત્રધાર બાબુ બાંગ્લા (મુખ્ય આરોપી) અને તેના સાગરિતોનો સમવેશ થાય છે. આ ગેંગ ૧૦ આરોપીઓ સામે ગુજસીટોકનો ગુનો નોંધવામાં આવ્યો હતો. આ ગેંગ પર મુખ્યત્વે લૂંટ, ધાડ, ઘરફોડ ચોરી, અપહરણ, ખંડણી (એક્સટોર્શન) અને લોકોને ધમકાવીને ભયનું વાતાવરણ ઊભું કરવાના ગંભીર આરોપો હતા. ગેંગના સભ્યો સામે જૂનાગઢ પોલીસ સ્ટેશનમાં છેલ્લા ૧૦ વર્ષમાં ૨૦થી વધુ ગુનાઓ નોંધાયા હોવાનું કહેવાય હતા. આ કાયદા હેઠળ કાર્યવાહી થતાં, ગેંગના સભ્યોને પકડી પાડવામાં આવ્યા હતા અને તેમના દ્વારા ગેરકાયદેસર રીતે મેળવેલી સંપત્તિ જપ્ત કરવાની કાર્યવાહી પણ શરૂ કરવામાં આવી હતી.પોલીસ દ્વારા આ ગેંગના સભ્યોની ગેરકાયદેસર સંપત્તિ જપ્ત કરવા અને તેમના ગેરકાયદેસર બાંધકામો તોડી પાડવાની કાર્યવાહી પણ હાથ ધરવામાં આવી છે.

### આરોપીને લાંબો સમય રહેવું પડે છે જેલમાં

ગુજસીટોક કાયદાની કલમ-૨૦ હેઠળ જામીન અંગે પણ ખાસ જોગવાઈઓ છે. સામાન્ય ગુનાઓમાં જામીન મેળવવું પ્રમાણમાં સરળ હોય છે, પરંતુ ગુજસીટોક હેઠળ જામીન મેળવવા માટે કોર્ટે બે કડક શરતો ધ્યાનમાં લેવી જરૂરી બને છે. જેમાં એક સરકારી વકીલને જામીન અરજીનો વિરોધ કરવાની તક આપવી પડે છે. તેમજ કોર્ટને એ વાતનો સંતોષ હોવો જોઈએ કે આરોપી દોષી નથી અને જામીન પર છૂટ્યા પછી તે કોઈ ગુનો નહીં કરે. કોર્ટ માટે આ કલમ હેઠળ સંતોષ મેળવવો મુશ્કેલ હોય છે, તેથી ગુજસીટોક હેઠળના આરોપીઓને જલ્દી જામીન મળતા નથી અને તેઓ લાંબા સમય સુધી જેલમાં રહે છે. આનાથી સંગઠિત ગુનેગારોની બાહ્ય પ્રવૃત્તિઓ પર નિયંત્રણ આવતી હોવાનું મનાય છે.ગુજસીટોક કાયદાની આ જોગવાઈઓ પોલીસને સંગઠિત ગુનાખોરીના નેટવર્કના મૂળ સુધી પહોંચવા માટે વધુ બળ આપે છે અને ગુનેગારો માટે સજામાંથી છટકવું અત્યંત મુશ્કેલ બનાવતું હોવાનું જોવા અને સાંભળવા મળે છે.

### કેવી સંપતિ જપ્ત કરી શકાય?

ગુજસીટોક કાયદાની સૌથી અસરકારક જોગવાઈઓમાંની એક ગુનેગારોની સંપત્તિ જપ્ત કરવા સાથે સંબંધિત છે. સંગઠિત ગુનાખોરીનો મુખ્ય આધાર ગેરકાયદેસર રીતે મેળવેલી સંપત્તિ અને આર્થિક તાકાત હોય છે, જેને તોડવા માટે આ જોગવાઈ ખૂબ જ મહત્વપૂર્ણ મનાય છે. ગુજસીટોક કાયદાની કલમ-૨૪ અને તેની સંબંધિત જોગવાઈઓમાં સંગઠિત ગુનાખોરી દ્વારા ગેરકાયદેસર રીતે મેળવેલી સંપત્તિ ને જપ્ત કરવા અને સરકાર હસ્તક કરવા માટેની સત્તા આપે છે. ગુનાની ઉપજમાંથી સંપાદિત સંપત્તિ’ એટલે એવી તમામ જંગમઅને સ્થાવર મિલકતો જે ગુનાના કૃત્ય દ્વારા અથવા તેમાંથી સીધી કે આડકતરી રીતે મેળવવામાં આવી હોય, જેમ કે, ખંડણી કે ડ્રગ્સના વેપારમાંથી મેળવેલા પૈસા. અને તે પૈસા વડે ખરીદેલી જમીન, મકાનો, વાહનો, ઝવેરાત કે બેંક બેલેન્સ વિગેરનો સમાવેશ થાય છે. જો તપાસ અધિકારીને એવું લાગે કે કોઈ વ્યક્તિએ ગુનાની ઉપજમાંથી સંપત્તિ મેળવી છે, તો તે અધિકારી રાજ્ય સરકારની પૂર્વ મંજૂરીથી તે સંપત્તિને ટાંચમાં લેવા (Attachment) માટે આદેશ આપી શકે છે. ટાંચમાં લીધા બાદ તે સંપત્તિ પર આરોપી કોઈ લેવડદેવડ કે માલિકી હકનો ફેરફાર કરી શકતો નથી. ટાંચમાં લીધેલી સંપત્તિના મામલાને ગુજસીટોક માટેની વિશેષ કોર્ટ (Special Court) સમક્ષ રજૂ કરવામાં આવે છે.કોર્ટને ખાતરી થાય કે આ સંપત્તિ ખરેખર સંગઠિત ગુનાખોરીમાંથી મેળવેલી છે, તો તે સંપત્તિને રાજ્ય સરકારને હસ્તગત કરવા નો આદેશ આપી શકે છે.

### અન્ય રાજ્યોના સમાન કાયદાઓ વિષે જાણવા જેવું

ગુજસીટોક કાયદો સંગઠિત ગુનાખોરી અને આતંકવાદને નિયંત્રિત કરવા માટે બનાવવામાં આવ્યો છે. ભારતના અન્ય રાજ્યો પાસે પણ ગુનાખોરીના આવા સંગઠિત નેટવર્કને ડામવા માટે ગુજસીટોક જેવા જ અન્ય કડક કાયદાઓ છે. જેમાં મહારાષ્ટ્રમાં મહારાષ્ટ્ર કંટ્રોલ ઓફ ઓર્ગેનાઈઝડ ક્રાઈમ એક્ટ, ૧૯૯૯ MCOCA (મકોકા), કર્ણાટકમાં કર્ણાટક કંટ્રોલ ઓફ ઓર્ગેનાઈઝડ ક્રાઈમ એક્ટ KCOCA, ઉત્તર પ્રદેશમાં ઉત્તર પ્રદેશ કંટ્રોલ ઓફ ઓર્ગેનાઈઝડ ક્રાઈમ એક્ટ ગ્ડઈઘઈઅનો સમાવેશ થાય છે. જો સંગઠિત ગુનાખોરી કે આતંકવાદી પ્રવૃત્તિનો વ્યાપ આંતર-રાજ્ય કે રાષ્ટ્રીય સ્તરનો હોય, તો કેન્દ્ર સરકારના કાયદાઓ લાગુ પડે છે. જેમાં અનલોફુલ એક્ટિવિટીઝ - પ્રિવેન્શન) એક્ટ (UAPA) અંતર્ગત આતંકવાદી કૃત્યો અને ગેરકાયદેસર પ્રવૃત્તિઓને ડામવા માટેનો મુખ્ય કેન્દ્રીય કાયદો છે, જે આખા ભારતમાં લાગુ પડે છે. તેવીજ રીતે નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સ એક્ટ (ગઉડજ અભ્ૅ: ડ્રગ્સના સંગઠિત વેપારને ડામવા માટે સમગ્ર ભારતમાં લાગુ પડે છે. તેથી, ગુજસીટોક કલમ માત્ર ગુજરાતમાં જ ગુના નોંધવા માટે વપરાય છે, પરંતુ અન્ય રાજ્યોમાં તેના જેવા જ મજબૂત કાયદાઓ સમાન પ્રકારના ગુનાઓ માટે લાગુ કરવામાં આવે છે.

### વિશેષ કોર્ટની સ્થાપના ક્યારે અને કોના દ્વારા થાય છે?

ગુજસીટોક કાયદા હેઠળ કેસોની ઝડપી અને અસરકારક સુનાવણી માટે વિશેષ કોર્ટ ની સ્થાપના એક આવશ્યક જોગવાઈ છે. ગુજસીટોક કાયદાની કલમ-૫ માં વિશેષ કોર્ટની સ્થાપના, સત્તાઓ અને કાર્યક્ષેત્રની જોગવાઈઓ આપવામાં આવેલી છે. ગુજસીટોક કાયદા હેઠળના ગુનાઓની સુનાવણી માટે રાજ્ય સરકાર દ્વારા હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ સાથે પરામર્શ કરીને વિશેષ કોર્ટની સ્થાપના કરવામાં આવે છે.રાજ્ય સરકાર દ્વારા જરૂરિયાત મુજબ (દા.ત., દરેક જિલ્લા માટે અથવા અમુક જિલ્લાઓના સમૂહ માટે) એક કે તેથી વધુ વિશેષ કોર્ટની સ્થાપના કરવામાં આવે છે. વિશેષ કોર્ટના ન્યાયાધીશ તરીકે માત્ર તે જ વ્યક્તિને નિયુક્ત કરી શકાય છે, જે સેશન્સ જજ અથવા એડિશનલ સેશન્સ જજ હોય છે. આનો અર્થ એ છે કે, વિશેષ કોર્ટમાં સુનાવણી કરનાર ન્યાયાધીશ સેશન્સ કોર્ટની સત્તા ધરાવે છે અને તે મુજબ સજા ફરમાવી શકે છે.વિશેષ કોર્ટનું મુખ્ય કાર્ય માત્ર ગુજસીટોકના કેસની સુનાવણી કરવાનું નથી, પરંતુ તેની પાસે કેટલીક અન્ય વિશેષ સત્તાઓ પણ હોય છે. જે સત્તાઓ પર નજર કરીએ તો ઝડપી ટ્રાયલ અંતર્ગત આ કોર્ટનો મુખ્ય ઉદ્દેશ ગુજસીટોક હેઠળના કેસોની સુનાવણી સામાન્ય કોર્ટ કરતાં વહેલી અને ઝડપી પૂર્ણ કરવાનો હોય છે. ગુનેગારો દ્વારા ગુનાની ઉપજમાંથી મેળવેલી સંપત્તિ ટાંચમાં લેવાઅને તેને સરકાર હસ્તક કરવાના આદેશ આપવાની સત્તા પણ વિશેષ કોર્ટ પાસે હોય છે. ગુજસીટોક સાથે સંકળાયેલા અથવા તે જ ટ્રાયલમાં સાબિત થયેલા કોઈપણ અન્ય ગુના (જેમ કે ઈંડઈ હેઠળના) ની સુનાવણી અને સજા સંભળાવવાની સત્તા પણ આ વિશેષ કોર્ટને હોય છે. આમ, વિશેષ કોર્ટ એ ગુજસીટોક કાયદાની કરોડરજ્જુ છે, જે ગુનાખોરીના નેટવર્કને તોડવા માટે ઝડપી ન્યાય પ્રદાન કરે છે.

### ગુજરાતમાં આતંકવાદ સંબંધિત ગુજસીટોકના કેસો

ગુજરાતમાં ગુજસીટોક હેઠળ નોંધાયેલા કેટલાક ગંભીર કેસોમાં સીધો કે આડકતરી રીતે આતંકવાદી પ્રવૃત્તિઓ અથવા રાષ્ટ્ર-વિરોધી પ્રવૃત્તિઓ સાથે સંબંધ જોવા મળ્યો છે. તે અંગેની મળેલી વિગતોમાં ભારતમાં પ્રતિબંધિત સંગઠન પોપ્યુલર ફ્રન્ટ ઓફ ઈન્ડિયા (PFI) સાથે સંકળાયેલા ગુજરાતના સભ્યો સામે ગુજસીટોક હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો. આ સંગઠનના આરોપીઓ પર રાષ્ટ્ર-વિરોધી પ્રવૃત્તિઓ ચલાવવાનો, યુવાનોને કટ્ટરપંથી બનાવવા (Radicalization) નો, ગેરકાયદેસર પ્રવૃત્તિઓ માટે ફંડ એકઠું કરવાનો અને દેશની સુરક્ષાને જોખમ પહોંચાડવાનો આરોપ હતો. આ કેસની તપાસમાં અને ગુજરાત એન્ટી ટેરરિસ્ટ સ્ક્વોડ (ATS) એ સંયુક્તપણે કામ કર્યું હતું. ગુજરાતમાં સક્રિય ઈસ્લામિક સ્ટેટ ઓફ ઈરાક એન્ડ સિરિયા (આઈએસઆઈએસ) ના વિવિધ મોડ્યુલ્સ સામે પણ ગુજસીટોક હેઠળ કેસ નોંધાયા છે. આ કેસોમાં વિદેશી આતંકવાદી સંગઠનો સાથે સંબંધો, ગુજરાતમાં આતંકવાદી હુમલાનું કાવતરું, યુવાનોને ભરતી કરવા, સોશિયલ મીડિયા દ્વારા કટ્ટરતા ફેલાવવી અને આતંકવાદી પ્રવૃત્તિઓ માટે હવાલા દ્વારા ફંડિંગ મેળવવાના ગંભીર આરોપો હતા.પાકિસ્તાન સાથેની ગુજરાતની દરિયાઈ સરહદ પરથી થતી ડ્રગ્સની હેરાફેરી અને ગેરકાયદેસર શસ્ત્રોની ઘૂસણખોરીના કેટલાક મોટા કેસોમાં પણ ગુજસીટોક લાગુ કરવામાં આવ્યો છે. સૌરાષ્ટ્રમાં ગુજસીટોક (GUJCTOC) હેઠળ નોંધાયેલા સૌથી મોટા નાણાકીય ગુનાઓમાંનો એક બોગસ બિલિંગ/જીએસટી (GST) કૌભાંડ સંબંધિત છે, જેમાં હજારો કરોડ રૂપિયાના કૌભાંડનો પર્દાફાશ થયો હતો. બોગસ બિલિંગ, ઈનપુટ ટેક્સ ક્રેડિટ (ITC) કૌભાંડ, અને મની લોન્ડરિંગ. પ્રાથમિક તપાસ મુજબ આ કૌભાંડનો વ્યાપ આશરે રૂ. ૨૦૦૦ કરોડથી વધુ નો હતો, જેમાં ખોટા ઈન્વોઈસ દ્વારા કરોડો રૂપિયાની જીએસટીચોરી કરવામાં આવી હતી. આ કેસમાં ૨૦ થી વધુ આરોપીઓ સામે કાર્યવાહી કરવામાં આવી હતી. આ આરોપીઓનું નેટવર્ક ગુજરાત ઉપરાંત મહારાષ્ટ્ર, રાજસ્થાન અને દિલ્હી સુધી ફેલાયેલું હતું. આ નેટવર્કના મુખ્ય સૂત્રધારો અને અન્ય આરોપીઓ ભાવનગર અને રાજકોટ સહિત સૌરાષ્ટ્રના વિવિધ વિસ્તારોના હતા.

### ગુજસીટોક પહેલા કયો કાયદો હતો

ગુજસીટોક કાયદો લાગુ ન હતો ત્યારે ગુજરાતમાં સંગઠિત ગુનાખોરી અને આતંકવાદી પ્રવૃત્તિઓનો સામનો કરવા માટે મુખ્યત્વે કયા કાયદાઓનો ઉપયોગ થતો હતો તે અંગે મળેલી વિગતો મુજબ ગુજરાત સરકારે ૧૯૯૦ના દાયકાના અંતમાં જ ગુજસીટોક જેવો કડક કાયદો લાવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ કેન્દ્રની મંજૂરી ન મળવાને કારણે સામાન્ય અને વિશેષ કાયદાઓ પર આધાર રાખવો પડતો હતો. જેમાં ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ (આઈપીસી) અને સીઆરપીસીનો ગુજસીટોક પહેલાના મોટાભાગના ગુનાઓ માટે આ મૂળ કાયદાઓનો ઉપયોગ થતો હતો. જેમ કે, આઈપીસી હત્યાની કલમ ૩૦૨, હત્યાનો પ્રયાસ ૩૦૭, ખંડણી ૩૮૪, લુંટ, ધાડ અને ગુનાહિત કાવતરામાં ૧૨૦-બી,જેવા ગુનાઓ હેઠળ સંગઠિત ગુનાખોરીના આરોપીઓ સામે કેસ દાખલ થતા હતા.

### ગુજસીટોકના કાયદાની કેમ જરૂર પડી?

ગુજસીટોક પહેલાના કાયદાઓમાં અનેક ખામીઓ હતી, જેના કારણે નવા કાયદાની જરૂર પડી હોવાનું સરન્કારનું માનવું છે. ઉદાહરણો જોઈએ તો આઈપીસી હેઠળ ’ગુનાહિત કાવતરું’ સાબિત કરવું મુશ્કેલ હતું, જ્યારે ગુજસીટોક સંગઠિત ગુનાની આખી સાંકળ ને ગુનો ગણે છે. આઈપીસી હેઠળ ગુનામાંથી મેળવેલી સંપત્તિ જપ્ત કરવા માટે મની લોન્ડરિંગ જેવા અન્ય જટિલ કાયદાઓની જરૂર પડતી હતી, જ્યારે ગુજસીટોકમાં આ જોગવાઈ સરળ અને સીધી કામ કરે છે. ઈંડઈ/ઈંડિઈ આઈપીસી અને સીઆરપીસી હેઠળ પોલીસ સમક્ષની કબૂલાત માન્ય નહોતી રહેતી. જેનાથી સાક્ષીઓ ડરી જાય ત્યારે કેસ તૂટી પડતો હતો. આના કારણે, ગુજસીટોક કાયદો એક મજબૂત કાયદો બન્યો હોવાનું સરકારનું માનવું છે.



### ઓનલાઈન સાયબર ફ્રોડની અફાટ દુનિયામાં વધુ એક શિકારનું નામ ઉમેરાયું

# કંગનાની કારીગીરીમાં લલચાઈને ગુમાવ્યા ત્રીસ લાખ

## નિવૃત બેંક કર્મીને રોજના પંદર ટકા રીટર્નના નામે રોકાણ કરાવાયુઃ જબરો નફો દેખાયો તેમાંથી એક હજાર ઉપાડવા દીધાઃ બાકીની રકમ ઉપાડવા વધુ પૈસા ભરવા કહેવાતાં ફ્રોડની ખબર પડી

રાજકોટ, તા. ૧૫

સાયબર ફ્રોડની ઘટનાઓ અઢળક બની રહી છે. એક પછી એક નવી ઘટનામાં લોકો ગઠીયાઓનો શિકાર થઇ રહ્યા છે. લોકો પણ લાલચમાં આવીને કે પછી ગઠીયાઓની માયાજાળને સાચી માની લઇ સરળતાથી ફસાઇ રહ્યા છે. એક નિવૃત બેંક કર્મચારીને ઇન્વેસ્ટમેન્ટ દ્વારા કમાણી કરવાના નામે છેતરીને ત્રીસ લાખ ખાઇ જવાયા છે. કંગના નામની યુવતિએ તેમને ફોન કર્યો હતો અને કંગનાની કારીગીરીમાં તે આબાદ ફસાઇ ગયા હતાં. દરરોજ દસથી પંદર ટકા રીટર્નની લાલચમાં આવી લાખો ગુમાવી દીધા હતાં.

વિગતો પર નજર કરીએ તો વડોદરા માંજલપુરની સંધ્યા સોસાયટીમાં રહેતા નિવૃત્ત બેંક કર્મચારી દિનેશભાઈ જોષીએ પોલીસને કહ્યું છે કે નુવામા વેલ્થ કંપનીના ઇન્વેસ્ટમેન્ટ આસિસ્ટન્ટના નામે મેસેજ આવ્યો હતો. કંગના શર્માના નામે વાત કરતી વ્યક્તિએ કહેવતો કે બ્લોક ટ્રેડિંગ અને ક્વાર્ટર પ્રોફિટ પ્લાનિંગમાં તેઓ કામ કરે છે. કંગના શર્માના નામે વાત કરતી વ્યક્તિએ મારી પર્સનલ ડીટલ મેળવી હતી અને પાંચ લાખ સુધીના ઇન્વેસ્ટમેન્ટ ઉપર રોજ દસથી પંદર ટકા સુધી રિટર્ન મળશે તેવી વાત કરી હતી. જેથી મેં ત્રીસ લાખ સુધીની રકમ ઇન્વેસ્ટ કરવા માટે તૈયારી બતાવી આ રકમ ટ્રાન્સફર કરી હતી. ઠગ ટોળકીએ વિશ્વાસમાં લેવા માટે સેબીનું સર્ટિફિકેટ પણ મોકલ્યું હતું.



જેમાં તેમની કંપની પચાસ કરોડ સુધીની રકમ એકાઉન્ટમાં લઈ શકે છે તેમ દર્શાવાયું હતું. મારી પાસે વરુણ બેવરેજિસના શેર લેવડાવવામાં આવ્યા હતા. મારે એકાઉન્ટમાં ૩૬.૯૬ લાખનું બેલેન્સ દેખાતું હતું. મને વિશ્વાસમાં લેવા રૂપિયા ટ્રાન્સફર કરવાનો પ્રોસિઝર બતાવી એક હજાર રૂપિયા ટ્રાન્સફર કર્યા હતા. ઇન્વેસ્ટરે પોલીસને કહ્યું છે કે ત્યારબાદ મને કહેવામાં આવ્યું હતું કે તમારો આઇપીઓ લાગ્યો છે અને તેની ૧.૨૬ કરોડની રકમ તમારા ખાતામાં જમા કરી છે. જે રકમ પરત મેળવવા માટે ૮૯ લાખ જમા કરવા કહેવાયું હતું. જેથી મને શંકા જતા સાયબર સેલને જાણ કરી હતી. આમ વધુ એક વખત ઇન્વેસ્ટમેન્ટના નામે ગઠીયાગીરી થઇ ગઇ હતી અને નિવૃત બેંક કર્મચારી લાખોમાં છેતરાઇ ગયા હતાં.

આ કિસ્સામાં ગઠીયાઓએ રોકાણ કરનારા નિવૃત બેંક કર્મીનો વિશ્વાસ વધારવા માટે વ્હોટ્સએપ કોલ કરીને વિડ્રોલ પ્રોસેસ સમજાવી હતી. જેના આધારે તેણે એક હજાર રૂપિયા વિડ્રોલ કર્યા હતા, જે તેમના એચડીએફસી બેંક એકાઉન્ટમાં જમા થયા હતા. જેથી સિનિયર સિટીઝનને પૂરો વિશ્વાસ આવી ગયો હતો. ત્યારબાદ ઠગોએ વ્હોટ્સએપ કોલ કરીને જણાવ્યું હતું કે, તેમને આઇપીઓ લાગ્યો છે અને એકાઉન્ટમાં રૂ. ૧,૨૬,૩૦,૯૪૪ જમા કરવામાં આવ્યા છે. પરંતુ તેના માટે રૂ. ૮૯,૮૮,૭૩૬ વધુ ભરવા પડશે.

આ વાતથી સિનિયર સિટીઝનને શંકા ગઈ હતી અને તેઓએ વધુ પૈસા ભર્યા નહોતા. જ્યારે તેઓએ વેબસાઇટ પર જઈને ૩૬,૯૬,૮૦૯ રૂપિયા વિડ્રોલ કરવાનો પ્રયાસ કર્યો તો એકાઉન્ટ ડિસેબલ કરી દેવામાં આવ્યું હતું. સનિયર સિટીઝનને ફ્રોડ થયું હોવાનો અહેસાસ થતાં તેઓએ તાત્કાલિક ૧૯૩૦ હેલ્પલાઇન પર ફરિયાદ કરી હતી. જોકે, આજ સુધી તેમને તેમના પૈસા પરત મળ્યા નથી. પોલીસના જણાવ્યા મુજબ આ પ્રકારના સાયબર ફ્રોડના કેસ વધી રહ્યા છે અને લોકોને અજાણ્યા લિંક્સ અને મેસેજ પર વિશ્વાસ ન કરવાની સલાહ આપવામાં આવી છે. તપાસમાં સંડોવાયેલા મોબાઇલ નંબર્સ અને બેંક એકાઉન્ટ્સની વિગતોને આધારે ગઠીયાઓની શોધખોળ થઇ રહી છે.

---

### દારૂની હેરાફેરીના એક મોટા નેટવર્કનો પર્દાફાશ થયો

# મેટોડા GIDCમાંથી ૬૮ લાખનો દારૂ ઝડપાયો

## રાજકોટ રૂરલ એલસીબીએ ૨૦,૬૬૪ બોટલના દારૂના જથ્થા સાથે જામનગરના બે શખ્સોને પકડ્યા : રાજકોટના જયપાલસિંહએ મંગાવ્યો હતો જથ્થો






રાજકોટ, તા. ૧૫

જિલ્લા શહેરમાં દારૂ ઘુસાડવાનું મોટું કૌભાંડ પકડાયું છે. રાજકોટ રૂરલ એલસીબીની ટીમે મેટોડા જીઆઇડીસી વિસ્તારમાંથી વિદેશી દારૂનો એક મોટો જથ્થો ઝડપી પાડ્યો છે. આ દરોડામાં કુલ ૨૦,૬૬૪ બોટલ વિદેશી દારૂ મળી આવ્યો છે, જેની બજાર કિંમત આશરે રૂ. ૬૮.૩૨ લાખ આંકવામાં આવી છે. આ દરોડાને પગલે રાજ્યમાં દારૂની હેરાફેરીના એક મોટા નેટવર્કનો પર્દાફાશ થયો છે.દરોડાની વિગતવાર માહિતી જોઈએ તો પોલીસનેવિશ્વસનીય સૂત્રો પાસેથી મળેલી બાતમીના આધારે, પોલીસની ટીમે મેટોડા જીઆઇડીસીના ઔદ્યોગિક વિસ્તારમાં આવેલ એક બંધ ગોડાઉન અથવા ફેક્ટરીના કમ્પાઉન્ડ પર વોચ ગોઠવી હતી. પોલીસને માહિતી મળી હતી કે, વિદેશી દારૂનો એક મોટો જથ્થો રાજસ્થાન કે અન્ય પડોશી રાજ્યોમાંથી ગુજરાતમાં ઘુસાડવામાં આવ્યો છે અને તેને અહીં સંતાડીને રાજ્યના વિવિધ શહેરોમાં સપ્લાય કરવાની યોજના હતી.

પોલીસે મોડી રાત્રે અથવા વહેલી સવારે આ જગ્યા પર દરોડો પાડ્યો હતો. પ્રાથમિક તપાસમાં ટ્રક કે અન્ય માલસામાનના આડમાં છુપાવેલો વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે જ્યારે જથ્થાની ગણતરી કરી ત્યારે કુલ ૨૦,૬૬૪ બોટલ મળી આવી હતી. આ પછી પોલીસે ઘટનાસ્થળેથી બે મુખ્ય આરોપીઓની ધરપકડ કરી છે, જેમના નામ જામનગરના હનીફ ઇલ્યાસભાઈ જેડા અને જાકીર કાસમભાઈ સંઘર હોવાનું જાણવા મળ્યું છે. આ બંને શખ્સો આ દારૂના જથ્થાના સંગ્રહ અને તેના આગળના વિતરણ સાથે સંકળાયેલા હોવાનું માનવામાં આવે છે.

પોલીસે વિદેશી દારૂની ૨૦,૬૬૪ બોટલ (કિંમત રૂ. ૬૮.૩૨ લાખ) ઉપરાંત, દારૂની હેરાફેરીમાં ઉપયોગમાં લેવાયેલું વાહન (ટ્રક/કન્ટેનર) અને આરોપીઓ પાસેથી મળી આવેલા મોબાઈલ ફોન તથા રોકડ રકમ સહિત કુલ રૂ. ૮૦ લાખથી વધુનો મુદ્દામાલ કબ્જે કર્યો છે. ઝડપાયેલા આરોપીઓ હનીફ જેડા અને જાકીરની સઘન પૂછપરછ શરૂ કરવામાં આવી છે. પોલીસ હવે એ દિશામાં તપાસ કરી રહી છે કે, આ જંગી જથ્થો કોના દ્વારા મોકલાયો હતો (સપ્લાયર), ગુજરાતમાં કયા મુખ્ય બુટલેગરને તે પહોંચાડવાનો હતો (રિસિવર), અને આ નેટવર્કમાં અન્ય કેટલા લોકો સામેલ છે. પોલીસના જણાવ્યા મુજબ, આ કાર્યવાહીથી દારૂની હેરાફેરી કરતા તત્વોમાં ફફડાટ વ્યાપી ગયો છે અને આગામી દિવસોમાં વધુ ધરપકડો થઈ શકે છે.

વધુ વિગતો મુજબ પકડાયેલ હનીફ જેડા સામે અગાઉ જામનગરમાં એક તથા જાકીર સામે સલાયા પોલીસ મથકમાં ત્રણ ગુન્હા નોધાયેલ છે. જયારે દારૂનો જથ્થો મંગાવનાર રાજકોટના જયપાલસિંહ વાઘેલા સામે અગાઉ રાજકોટ યુનિ. પોલીસ મથકમાં દારૂ સહિતના ગુન્હાઓ નોંધાયા છે.

આ કામગીરીમાં એલ.સી.બી. રાજકોટ ગ્રામ્ય પીઆઇ વી.વી. ઓડેદરાની રાહબરીમાં પો. સબ.ઈન્સ. આર.વી.ભીમાણી, એલ. સી.બી. શાખાના એ.એસ.આઈ. રવિદેવભાઈ બારડ, બ્રીજરાજસિંહ જાડેજા, રોહિતભાઈ બકોત્રા, બાલકૃષ્ણભાઇ ત્રીવેદી, અમીતસિંહ જાડેજા તથા પો.હેડ કોન્સ. રસીકભાઈ જમોડ તથા પો.કોન્સ. પ્રકાશભાઈ પરમાર તથા ડ્રા.પો. કોન્સ. દિલીપસિંહ જાડેજા જોડાયા હતાં. રાજકોટ રેન્જના પોલીસ મહાનિરીક્ષક અશોક કુમાર તથા રાજકોટ ગ્રામ્ય જિલ્લાના પોલીસ અધિક્ષક વિજયસિંહ ગુર્જર દ્વારા દારૂ-જુગારની પ્રવૃતિ શોધી કાઢવા સુચના અને માર્ગદર્શન આપેલ હોઇ જે અન્વયે રાજકોટ ગ્રામ્ય એલ.સી.બી.ના પોલીસ ઈન્સ્પેકટર વી.વી.ઓડેદરાના માર્ગદર્શન હેઠળ એલ.સી.બી. શાખાની ટીમે સફળતા મેળવી હતી.

---

# પોલીસ બનાવી દેવાના નામે મનહરે દીધો સાત લાખનો ડામ

## ડ્રાઈવીંગ કરતાં નવ ચોપડી ભણેલા યુવાનને સરકારી નોકરીની ખુબ ઈચ્છા હોઈ લલચાયો અને ફસાયોઃ મનહર ઉર્ફ મયુર પટેલને શોધી રહે છે પોલીસ

રાજકોટ, તા. ૧૫

થોડા દિવસો પહેલા રાજ્યની અલગ અલગ સિવિલ હોસ્પિટલમાં નોકરીઓ અપાવી દેવાની લાલચ દઇ સાતેક જેટલા લોકો સાથે લાખોની ઠગાઇ થઇ હતી. ત્યાં વધુ એક આવી ઘટના સામે આવી છે. જેમાં નવ ચોપડી ભણેલા અને ડ્રાઇવીગ કરી ગુજરાન ચલાવતાં વિનાયક નગરના યુવાનન પોલીસ બનાવી દેવાની એટલે કે ખાનગી રીતે પોલીસની નોકરી અપાવી દેવાની લાલચ દઇ સાત લાખ સત્તાણુ હજાર પડાવી લેવાયા છે!




**રાજકોટમાં સરકારી નોકરીના નામે ઠગાઇની વધુ એક ઘટના આવી સામેઃ માલવીયાનગર પોલીસની કાર્યવાહી**

ગઠીયાઓ કેવા કેવા ગરીયા કરતાં હોય છે તેની પ્રતિતી કરાવતી ઘટના જોઇએ તો શહેરમાં નોકરીના નામે વધુ એક યુવાન છેતરાઇ ગયો છે. ઓછું ભણેલા અને સરકારી નોકરીની પ્રબળ ઈચ્છા ધરાવતા યુવકને પોલીસમાં ભરતીની લાલચ આપી લાખો ઉસેડી લેવાયા છે. વિગતો જોઇએ તો દોશી હોસ્પિટલ સામે વિનાયક નગર શેરી નં. એ-૧૭માં રહેતાં અને ડ્રાઇવીંગ કરી ગુજરાન ચલાવતાં સાજીદ મંગાભાઇ પઠાણ નામના પચ્ચીસ વર્ષના યુવાનની ફરિયાદ પરથી મયુર પટેલ ઉર્ફે મનહર રવજીભાઇ ત્રાડા સામે ઠગાઇ અને વિશ્વાસઘાતનો ગુનો દાખલ કરવામાં આવ્યો છે. સાજીદ પઠાણે પોતાની ફરિયાદમાં જણાવ્યું છે કે તે ધોરણ ૯ સુધી ભણેલા છે અને ડ્રાઇવિંગ તેમજ મજૂરીનું કામ કરે છે. પોતાને સરકારી નોકરી મેળવવાની તીવ્ર ઇચ્છા હાતી. આ દરમિયાન તેના પિતાના મિત્ર બાબુભાઈ કવાભાઈ લઢેરએ વાત કરી હતી કે તમારા છોકરાને સરકારી નોકરી અપાવવી હોય તો હમણા ખાનગી રીતે ભરતી છે.

બાબુભાઈએ જણાવ્યું હતું કે તેના એક મિત્ર મયુર પટેલ છે, જેણે ઘણા યુવકોને ખાનગી રીતે થતી સરકારી ભરતીમાં નોકરી અપાવી છે. ત્યારબાદ તા. ૦૪/૦૩/૨૦૨૫ના રોજ, બાબુભાઈ લઢેર સાજીદ પઠાણને મોરબી રોડ પર આવેલા તેમના ઘરે લઈ ગયા, જ્યાં તેણે મયુરભાઈ પટેલ નામની વ્યક્તિ સાથે મુલાકાત કરાવી હતી. મયુર પટેલે પોતાનું આઈકાર્ડ બતાવ્યું, જેના પર ત્રણ સિંહના મોરાનું ચિહ્ન હતું, અને જણાવ્યું કે હાલ પોલીસની ભરતી થવાની છે. મયુર પટેલે ફરિયાદી સાજીદને વિશ્વાસ આપી જણાવ્યું કે જો તે આ સીટમાં ભરતી થવા માંગતો હોય, તો તેણે તાત્કાલિક રૂ. ૬૦,૦૦૦ આપવા પડશે, જેથી તે સીટ બુક કરાવી શકે.

ત્યારબાદ ફરિયાદીએ સંમતિ આપતાં, બે-ત્રણ દિવસ પછી બાબુભાઈ અને મયુર પટેલ ફરિયાદીના ઘરે આવ્યા હતા. ફરિયાદીએ આ રકમ રૂ. ૬૦,૦૦૦ પોતાના પપ્પા, મમ્મી, ફઈ અને ફૂવાના હાજરીમાં મયુર પટેલને આપી હતી. આ રકમ આપ્યાના ત્રણ દિવસ પછી, મયુર પટેલનો ફોન આવ્યો કે ગાંધીનગર ખાતે નોકરીની સીટ પાકી કરવા માટે વધુ રૂ. ૩,૦૦,૦૦૦ ભરવા પડશે. બે દિવસ પછી આ બંને વ્યક્તિઓ ફરિયાદીના ઘરે આવ્યા અને ફરિયાદીએ બેંકમાંથી ઉપાડેલા રૂ. ૩,૦૦,૦૦૦ તેમને આપી દીધા હતાં. ?થોડા સમય પછી, મયુર પટેલે હથિયારધારી પોલીસમાં નોકરી જોઇતી હોય તો રૂ. ૩૨,૭૦૦ ભરવા પડશે, તેમ કહી આ રકમ રોકડામાં લીધી હતી.

આ પછી ફરી ફોન આવ્યો કે રૂ.૧,૩૨,૭૦૦ ભરવાના હતા, પણ ફક્ત રૂ. ૩૨,૭૦૦ જ આપ્યા છે. આથી ફરિયાદીએ બાકીના રૂ. ૧,૦૦,૦૦૦ બાબુભાઈના ઘરે જઈને આપ્યા હતાં. આ પછી મયુર પટેલે જણાવ્યું કે બે દરબાર આ નોકરીમાં વચ્ચે પડ્યા છે અને જો તેમને કંઈક આપવામાં નહીં આવે તો તેઓ કામ આડું પાડશે. આ બહાને, ફરિયાદીએ મયુર પટેલને જામનગર રોડ પર આવેલી દ્વારકાધીશ હોટલ ખાતે રૂ. ૧,૦૦,૦૦૦ રોકડા આપી દીધા હતાં. એ પછી બીજા રૂ. ૧,૫૦,૦૦૦ શીતલ પાર્ક ખાતે અને છેલ્લે રૂ. ૫૦,૦૦૦ ની જરૂર પડતાં તે પણ મયુર પટેલને આપ્યા હતાં. આ રીતે આરોપી મયુર પટેલે કટકે-કટકે ફરિયાદી પાસેથી કુલ રૂ. ૭,૯૭,૦૦૦ જેટલી માતબર રકમ પડાવી લીધી હતી.

પૈસા આપ્યા બાદ સાજીદ વારંવાર પોતાની નોકરી વિશે પુછતછ હતો. મયુર પટેલે તેને જુનાગઢ ખાતે ટ્રેનિંગમાં જવાની વાત કરી અને ટ્રેનિંગમાં લઈ જવાની વસ્તુઓની યાદી સાથેનો એક કાગળ પણ આપ્યો. તેમને તા. ૨૭/૦૫/૨૦૨૫ ના રોજ ટ્રેનિંગમાં જવાનું કહેવામાં આવ્યું હતું. યાદીમાં જે ચીજવસ્તુ હતી તે જો કે સાજીદે લીધી નહોતી. આ તારીખ વીતી ગયા પછી, તેણે ફોન કરીને પૂછતાં મયુર પટેલે તેને વારંવાર ફોન ન કરવા અને મળવા ન આવવાની ધમકી આપી દીધી હતી. આ પછી મયુર માત્ર વ્હોટ્સએપ દ્વારા જ વાત કરતો હતો. શંકા જતાં સાજીદ પઠાણે પોતાની રીતે તપાસ કરતાં માલુમ પડ્યું કે મયુર પટેલનું સાચું નામ મનહર રવજીભાઈ ત્રાડા છે અને તે નાગેશ્વર સોસાયટી ૩, જામનગર રોડ, રાજકોટ ખાતે રહેતો હતો. જોકે, તે તેનું મકાન ખાલી કરીને બીજે રહેવા જતો રહ્યો હતો. અંતે સાજીદે ઠગાઇની ફરિયદ નોંધાવતાં માલવીયાનગર પોલીસ ઇન્સ. જે. આર. દેસાઇના માર્ગદર્શનમાં પીએસઆઇ ડી. એસ. ગજેરાએ એફઆઇઆર દાખલ કરી આરોપીને શોધી કાઢવા તજવીજ આરંભી હતી.

---

### તકેદારી નહિ રાખો તો ગઠીયાઓ એવી જાળ બીછાવશે કે ફસાઇ ગયાની ખબર નહિ પડે

# ઠગ દંપતિએ ટેન્ડરના નામે કટકટાવ્યા 72 લાખ

## અગાઉ અલગ અલગ વેપારીઓના બાવીસ કરોડ આ પતિ-પત્નિ ખાઇ ગયા હતાંઃ બાબાના નામે એકના ડબલ કરવાનું કહી ત્રીસ લાખ ખાઈ જનાર ટોળકીનો વધુ એક સાગરીત આવ્યો હાથમાંઃ ભગવા કપડા, ખોટુ ઓળખ કાર્ડ કબ્જે

રાજકોટ, તા. ૧૫

ગઠીયાઓ ગામને છેતરવા રોજ ઉઠીને નવા નવા કિમીયા બજારમાં મુકી તેને સફળ પણ બનાવી લેતાં હોય છે. ગઠીયાઓની કારીગીરી સામે લોકોમાં જાગૃકતાનો અભાવ હોઇ તેઓ સરળતાથી છેતરાઇ રહ્યા છે. ઠગ દંપતિ કે જેની સામે કરોડોના ફ્રોડની ફરિયાદો છે તેનું વધુ એક પરાક્રમ સામે આવ્યું છે. આ દંપતિએ ટેન્ડરના નામે બૌતેર લાખનો ચૂનો લગાવી દીધો છે. અગાઉ બાવીસ કરોડના ફ્રોડની અલગ અલગ વેપારીઓએ આ ઠગ પતિ પત્નિ સામે ફરિયાદ કરી હતી. અન્ય એક ઘટનામાં એકના ડબલની લાલચમાં ત્રીસ લાખની ઠગાઇ થઇ હતી. જેમાં બાબાના નામે ફ્રોડ કરનાર ટોળકીનો એક સાગ્રીત હાથમાં આવ્યો છે.

પ્રથમ ઘટના જોઇએ તો ગાંધીનગર શહેરના સેક્ટર ત્રેવીસમાં રહેતા ઠગ દંપતિ દ્વારા વેપારીઓને ટેન્ડરના નામે કરોડો રૃપિયાનો ચૂનો ચોપડવામાં આવ્યો છે ત્યારે આ વખતે ટ્યુશનમાં સાથે ભણતા મિત્રોને પણ છોડયા નથી અને ટેન્ડરના નામે તેમની પાસેથી ૭૨ લાખ રૂપિયાની રકમ પડાવી લેવામાં આવી હતી. જે સંદર્ભે હાલ ઇન્ફોસિટી પોલીસ મથકમાં વધુ એક ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. પાટનગર ગાંધીનગર શહેરમાં ઠગ ટોળકીઓની કમી નથી ત્યારે આ વખતે સેક્ટર ૨૩માં પ્રાણકુંજ ૨૮૯-૨ માં રહેતા અને ઇન્ફોસિટી સુપર મોલમાં ઓમ એન્ટરપ્રાઇઝ ચલાવતા નીરવ દવે અને તેની પત્ની મીરા દવેએ છેલ્લા ઘણા સમયથી રાજ્યમાં અલગ અલગ કોર્પોરેશન તેમજ ટુરીઝમ વિભાગમાં કરોડો રૂપિયાના ટેન્ડર લાગ્યા હોવાના બનાવટી દસ્તાવેજ બનાવીને લોકોને રોકાણ કરીને મોટો નફો આપવાની લાલચ આપી હતી.

જેમાં કરોડોરૂપિયાની છેતરપિંડી કરવામાં આવી છે. અગાઉ તેમણે ૨૨.૭૦ કરોડ રૂપિયાની છેતરપિંડી કરી હોવા અંગે અલગ અલગ ફરિયાદ ઇન્ફોસિટી પોલીસ મથકમાં નોંધાવવા પામી હતી ત્યારે પોલીસ દ્વારા તેની ડાણપૂર્વક તપાસ શરૃ કરવામાં આવી છે અને આ ઠગ દંપતીના ઘરે તપાસ કરવામાં આવતા સમગ્ર પરિવાર ઘર બંધ કરીને ફરાર થઈ ગયો હોવાનું જાણવા મળ્યું છે. એટલું જ નહીં પોલીસ દ્વારા તેમના ચાર જેટલા બેંક એકાઉન્ટ પણ સીઝ કરવામાં આવ્યા છે.




ત્યારે ગાંધીનગર શહેરના સેક્ટર ૬ બીમાં રહેતા મુનીર રજાકભાઈ પઢીયારને પણ આ ઠગ દંપતી દ્વારા નિશાન બનાવવામાં આવ્યા છે. નીરવ દવે મુનિરભાઈ સાથે ટ્યુશનમાં સાથે ભણતો હોવાથી બંને વચ્ચે વર્ષ ૧૯૯૪થી મિત્રતા હતી અને ગત ૨૦૨૪માં નીરવ અને તેની પત્નીએ સરકારી ટેન્ડર લાગ્યા હોવાનું કહી રોકાણ કરીને નફો મેળવવાની લાલચ આપીને ૭૨ લાખ જેટલી રકમ તેમની પાસેથી લીધી હતી. જોકે લોકોની જેમ મુનિરભાઈને પણ આ ઠગ દંપતી દ્વારા છેતરવામાં આવ્યા હતા. જેથી હાલ વધુ એક ગુનો ઇન્ફોસિટી પોલીસ મથકમાં દાખલ કરવામાં આવ્યો છે. જેની તપાસ શરૂ થઇ છે.

બીજી તરફ બોડેલીના વેપારીને શિનોર તાલુકાના પોઇચા પુલ પાસે એકના ડબલ કરી આપવાની લાલચમાં ફસાવીને રૂપિયા ત્રીસ લાખ લઇ જનાર ટોળકીમાં પકડાયેલ એક પાસેથી ભગવા કપડા તથા ખોટું આધાર કાર્ડ મળી આવ્યું હતું. બોડેલીના અનાજ કરિયાણાના વેપારી નિલેશ અગ્રવાલને વિશ્વાસમાં લઈને વિધિ કરવાના બહાને શિનોર તાલુકાના પોઇચા પુલ પાસે લાવી રૂપિયા ૩૦ લાખ પડાવાયા હતા. આ આખા કાવતરામાં ગોપીનાથ બાબા ઉર્ફે ઐયુબ બેલીમ પાનસોરા તથા નાના કરાળાના જાકીર, દક્ષેશ ઠાકર અને ભૌમિક ઠાકર સંડોવાયેલા હતા. વેપારીએ શિનોર પોલીસ સ્ટેશને ફરિયાદ કરતાં આ ત્રણ ઉપરાંત આમાં સંડાવાયેલા એએસઆઇ કંચનભાઇ રાઠવાની પણ ધરપકડ કરી હતી.

આ શખ્સના રિમાન્ડ પૂરા થતાં ફરી કોર્ટમાં રજૂ કરાતાં તેમની જામીન અરજી ગ્રાહ્ય રાખી જામીનમુક્ત કરાયેલ. અન્ય આરોપી ગોપીનાથ બાબાના દીકરા ઈફાકતને રિમાન્ડ આપ્યા હતા. રિમાન્ડ દરમિયાન ગોપીનાથ બાબા પાસેથી ભગવા કપડા તથા ખોટું આધાર કાર્ડ મળી આવ્યું હતું. આથી પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી. ટોળકીએ બાબા-સાધુના સ્વાંગ રચી લોકોને ફ્રોડનો ભોગ બનાવ્યાની વધુ વિગતો સામે આવવાની આશા છે.

### સોશિયલ મિડીયાનો આડેધડ ઉપયોગ કરતી સગીરાઓ ચેતી જાય

# ફરદીને બાળાને ફસાવી અભડાવ્યો દેહ

## હિન્દુ પરિવારની ફરિયાદને આધારે પોલીસે વિધર્મીને શોધી કાઢ્યોઃ બીજી ઘટનામાં બે ભાઇઓએ નોકરીની લાલચ આપી પરિણીતાનો વારંવાર દેહ પીંખ્યો

રાજકોટ, તા. ૧૫

જે રીતે રાજ્યમાં ઠગાઇની ઘટનાઓ રોજીંદી થઇ ગઇ છે એ જ રીતે દૂષ્કર્મ છેડતી પજવણીની ઘટનાઓ પણ રોજબરોજ સામે આવે છે. નવી સવાર પડતાં આવી નવી ઘટના કોઇને કોઇ પોલીસ સ્ટેશનમાં દર્જ થઇ ચુકી હોય છે. વધુ બે આવી ઘટના સામે આવી છે. જેમાં એક સગીરાને ફસાવી અપહરણ કરી વિધર્મીએ વારંવાર બળાત્કાર ગુજારી લીધો છે. સોશિયલ મિડીયાનો દુરૂપયોગ કરીને આ શખ્સે સગીરાને ફસાવી લીધી હતી. બીજી ઘટનામાં મહિલાને નોકરીની લાલચ આપી બે ભાઇઓ તેણી ઉપર સતત બળાત્કાર ગુજારતા હતાં.

પ્રથમ ઘટનાની વિગતો પર નજર કરીએ તો વડોદરા જિલ્લાના સમીયાલા ગામે રહેતા યુવકે હિન્દુ સત્તર વર્ષીય સગીરાને પ્રેમજાળમાં ફસાવીને તેનું અપહરણ કરી ભગાડી લઈ ગયો હતો. ત્યારબાદ અલગ અલગ જગ્યાઓ પર તેના સંબંધીના ઘરે રાખીને તેની સાથે વારંવાર દુષ્કર્મ ગુજાર્યું હતું. ગોત્રી પોલીસે દુષ્કર્મ ગુજારનાર યુવક અને સગીરાને શોધી કાઢ્યા બાદ આરોપીની ધરપકડ કરી મેડિકલ કરાવવાની તજવીજ હાથ ધરી છે. પોલીસના કહેવા અનુસાર સમિયાલા ગામે રહેતા ફરદીન ફિરોજ ઘાંચી જે એકવીસ વર્ષનો છે તે વડોદરામાં આરઓની દુકાનમાં નોકરી કરે છે અને સોશિયલ મિડીયાનો પણ ઉપયોગ કરી છે.

ફરદીને સોશિયલ મીડિયા દ્વારા આ યુવકનો સત્તર વર્ષીય સગીરા સાથે સંપર્ક થયો હતો. તે દરમિયાન યુવકે સગીરા સાથે સતત ચેટિંગ કરીને કોલ કરવા માટે મોબાઇલ નંબર મેળવી લીધો હતો. ત્યારબાદ સગીરા સાથે યુવક મીઠી મીઠી વાતો કરીને તેને ેમ જાળમાં ફસાવી હતી. ત્યારબાદ સગીરાને યુવક ભગાડી ગયો હતો. સગીરાના પિતાએ તેમની દીકરીનું અપહરણ થયું હોવાની ફરિયાદ ગોત્રી પોલીસ સ્ટેશનમાં નોંધાવી હતી.

જેથી ગોત્રી પોલીસે અલગ અલગ ટીમો બનાવીને સગીરા અને યુવકની શોધખોળ શરૂ કરી હતી. દરમિયાન ગોત્રી પોલીસ દ્વારા બંને શોધી કાઢ્યા હતા. દરમિયાન પોલીસે



સગીરાની પૂછપરછ શરૂ કરી હતી. જેમાં સગીરાએ કહ્યું હતું કે, છેલ્લા ત્રણ વર્ષથી યુવક તેની સાથે પ્રેમ સંબંધમાં હતો. ત્યારે મને ફરવા લઈ જવાના બહાને તેના અલગ વિસ્તારોમાં રહેતા સંબંધીઓના ઘરે રાખતો હતો અને લગ્નની લાલચ આપીને મારી સાથે વારંવાર દુષ્કર્મ ગુજાર્યું હોવાનું જણાવ્યું હતું. ગોત્રી પોલીસે સગીરાને તેના માતા પિતાને સોંપ્યા બાદ આરોપી ફરદીન ઘાંચીની ધરપકડ કરી મેડિકલ કરવાની તજવીજ હાથ ધરી હતી.

બીજી ઘટના જોઇએ તો આ બનાવ વાપીનો છે. અહિ રહેતાં બે ભાઇઓ ઉત્તર પ્રદેશની પરિણીતાને નોકરીની લાલચ આપી વાપી બોલાવી દુષ્કર્મ આચરતા બે સગા ભાઈની ધરપકડ કરાઇ હતી. આ કેસમાં એક ભાઈએ જામીન મુક્ત થવા અરજી કરતા કોર્ટે તેને ફગાવી દેવાનો હુકમ કર્યો હતો. ઉત્તરપ્રદેશની એક ત્રેવીસ વર્ષીય મહિલાનો પતિ માનસિક બીમાર હોય તે સાસરીમાં જ રહેતી હતી. આરોપી રાજાબાબુ ઉદમેલ કુસ્વાહા અને તેના ભાઈ પ્રિન્સ ઉદમેલ કુસ્વાહાએ વાપીમાં સારી જગ્યાએ નોકરી અપાવવાની લાલચ આપી પરિણીતાને પાંચ વર્ષની પુત્રી સાથે વાપી લાવી છીરી રણછોડનગરમાં રાજારામ એપાર્ટમેન્ટમાં રહેવા આવી હતી.

દરમિયાન બે મહિના સુધી નોકરી ન અપાવી એક રાત્રે મહિલા સુતેલી હતી ત્યારે રાજાબાબુ ઉદમેલ કુસ્વાહાએ રૂમમાં આવી તેની સાથે બળજબરી પૂર્વક શરીર સંબંધ બાંધ્યો હતો. ત્યારબાદ તે હોલમાં સુવા જતો રહ્યો હતો. બે દિવસ બાદ રાત્રે તેનો ભાઈ પ્રિન્સ પણ દુષ્કર્મ કરી જતો રહ્યો હતો. તે બાદથી બંને વારંવાર તેની સાથે દુષ્કર્મ આચરતા અને નોકરી પર જાય ત્યારે લેટનો દરવાજો બંધ કરી બહારથી તાળું મારી નીકળી જતા હતા. રાજાબાબુ સવારે સંબંધ બાંધવા જબરજસ્તી કરતા તેઓ વચ્ચે ઝઘડો થયો હતો. જે બાદ મહિલાએ બંને સામે ડુંગરા પોલીસમાં ગેંગરેપની ફરિયાદ કરતા તેમની ધરપકડ કરાઇ હતી. આ કેસમાં આરોપી પ્રિન્સને જામીન મુક્ત થવા કરેલ રેગ્યુલર અરજીને ડીજીપી અનિલ ત્રિપાઠીની દલીલો ગ્રાહ્ય રાખી કોર્ટે નામંજૂર કર્યો હતો. જે બાદ તે જેલમાં ધકેલાયો હતો.

# મજુરીએ ગયેલા યુવાન પર ત્રણ લોકોનો પાઇપથી હુમલો

## નિવેદીતાનગરની ઘટના : માથે જતાં જ્ઞાતિ પ્રત્યે અપમાનીત કર્યો : યુનિવર્સિટી પોલીસે ગુનો દાખલ કર્યો



રાજકોટ, તા. ૧૫

રૈયા રોડ વિસ્તારમાં કડીયા કામની મજૂરી કરવા ગયેલા યુવાન પર જે ઘરનું કામ રાખ્યું હતું એ ઘરની બાજુમાં રહેતાં લોકોએ ડખ્ખો કરી હુમલો કરી લોહીલુહાણ કરી નાખી માથે જતાં તેને જ્ઞાતિ પ્રત્યે અપમાનીત કરતાં ફરિયાદ થઇ છે.

વિગતો જોઇએ તો આ બનાવમાં યુનિવર્સિટી પોલીસ કોઠારિયા વિસ્તારમાં રહેતાં વિજયભાઈ અમૃતભાઈ પરમાર (ઉ.વ.૨૭)ની ફરિયાદ નોંધી હતી. વિજયભાઈ પરમાર કડિયાકામ કરીને ગુજરાન ચલાવે છે, તેણે પોલીસને આપેલી ફરિયાદ મુજબ બપોરના આશરે ત્રણ વાગ્યાની આસપાસ પોતાના મિત્ર મનુભાઈ સાથે રૈયા ચોકડી પર કામની શોધમાં ભા હતા. તે દરમિયાન સેજલબેન નામના એક બહેન આવેલ અને તેની પાછળની જગ્યામાં તોડી નાખેલ દીવાલ ફરી ભી કરવા માટે કામ સોપતા રૂ. ૪૦૦૦માં કામ નક્કી કર્યુ હતું.

સેજલબેન સાથે વાત થયા પછી વિજયભાઇ અને મનુભાઇ સેજલબેનના ઘરે રૈયા રોડ શિવાલીક-૮ કોમ્પલેક્ષ પાછળ નિવેદીતાનગર સોસાયટીમાં ગયા હતાં. જ્યાં બંનેએ દીવાલનું કામ શરૂ કરતાં જ બાજુમાં રહેતાં હિરેનભાઈ, તેમના માતા ભગવતીબહેન, અને એક અજાણ્યો શખ્સ ઘટનાસ્થળે આવી પહોંચ્યો હતો. આ બધા અને સેજલબેન વચ્ચે મકાનની દીવાલના બાંધકામ બાબતે અગાઉથી તકરાર હતી, જેનો ખાર રાખીને આ હુમલો કરવામાં આવ્યો હતો. કોઈ પણ પ્રકારની વાતચીત કે ચર્ચા કર્યા વગર હિરેને લોખંડનો સળિયો વિજયભાઈના ડાબા હાથના કાંડામાં માર્યો હતો.

જેનાથી તેમને મુંઢ ઈજા થઈ હતી. તેમજ ભગવતીબહેને તેમના હાથમાં રહેલ ઈંટ વિજયભાઈના ડાબા પડખામાં મારી. જ્યારે ત્રીજાએ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. તેમજ ત્રણેયએ વિજયભાઇને જ્ઞાતિ પ્રત્યે અપમાનીત કર્યા હતાં અને ઘટનાનો વિડીયો ઉતાર્યો હતો. બનાવની જાણ થતાં પોલીસ આવી પહોંચતા પોલીસને બોલાવવામાં આવી હતી, અને પોલીસ આરોપીઓ તથા સેજલબેનને પોલીસ સ્ટેશન લઈ ગઈ હતી. ગંભીર રીતે ઈજાગ્રસ્ત વિજયભાઈ પરમારને તાત્કાલિક રાજકોટની સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.

જ્યાં તેમની હાલ સર્જરી વોર્ડ નંબર-૪ માં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતાં. તેમને ડાબા હાથના કાંડા અને ડાબા પડખામાં ઈજા થઈ છે. યુનિવર્સિટી પોલીસ મથકના પીઆઇ એચ. એન. પટેલની રાહબરીમાં હેડકોન્સ. એફ.આર. તન્નાએ એટ્રોસીટી સહિતની કલમો હેઠળ ગુનો નોંધતા એસીપી રાધીકા ભારાઇએ વિશેષ તપાસ હાથ ધરી હતી.

### ગરીયા ફેરવવા વાળા પણ ગજબના હો...છેક અમદાવાદથી કર્મચારીને રાજકોટ બોલાવી રોલ ફેરવ્યો

# જ્વેલર્સ પેઢીના કર્મીને અઢી લાખનો ચૂનો

## દાગીના છોડાવવા છે કહી ચાર લાખમાં સોનાની છે કહીને જે બંગડી વેંચી ગયો એ મિશ્રીત ધાતુની અને દોઢ લાખની કિમતની જ નીકળીઃ યુનિવર્સિટી પોલીસે કરી કાર્યવાહી

રાજકોટ, તા. ૧૫

આવ તારૂ કરી નાંખુ આ વાતને મનમાં રાખીને ફરનારા ગમે તેમ કરીને બીજાના રોલ ફેરવી પોતાના ગજવા ગરમ કરી લેતાં હોય છે. વધુ એક ફ્રોડથી ઘટના સામે આવી છે જેમાં અમદાવાદ સ્થિત રામદેવ જ્વેલર્સના એક કર્મચારી સાથે રાજકોટમાં સોનાની બંગડીઓની ખરીદીના બહાને અઢી લાખની ઠગાઇ થઇ ગઇ છે.




વિગતો જોઇએ તો આ બનાવમાં યુનિવર્સિટી પોલીસે ગાંધીનગરના લેકાવાડા ગામના વતની મહેન્દ્રભાઇ અમથાજી પરમાર નામના ઓગણચાલીસ વર્ષની ફરિયાદ પરથી રાજકોટના હરદીપસિંહ જાડેજા વિરૂધ્ધ એફઆઇઆર દાખલ કરાવાઇ હતી. મહેંદ્રભાઈ પરમાર રામદેવ જ્વેલર્સ, માણેક ચોક, અમદાવાદ ખાતે પગારદાર કર્મચારી તરીકે ફરજ બજાવે છે, તેમણે ફરિયાદમાં જણાવ્યું હતું કે ગત ત્રીજી તારીખના રોજ તેમના શેઠ ગોપાલસિંહે તેમને રાજકોટમાં ઈન્દ્રજીતસિંહ વાઘેલા નામના ગ્રાહકને મળવા મોકલ્યા હતા, જેઓ બેંકમાંથી સોનું છોડાવવા માંગતા હતા.

બાદમાં તે દિવસે મુલાકાત થઈ શકી નહોતી. બાદમાં અગીયાર નવેમ્બરના રોજ ઈન્દ્રજીતસિંહનો ફોન આવ્યો હતો અને તેમણે તેમના મિત્ર હરદીપસિંહ જાડેજાની વાત કરી હતી, જેને આઇઆઇએફએલ ગોલ્ડ લોન કે જેની ઓફિસ સાધુ વાસવાણી રોડ ખાતે છે તેમાંથી ૫૩ ગ્રામ વજનની સોનાની બંગડીઓ છોડાવીને વેચવી હતી. આ પછી મહેંદ્રભાઈ બીજા દિવસે રાજકોટ પહોંચ્યા હતા. જ્યાં ઈન્દ્રજીતસિંહ તેમને બેંક સુધી મૂકી ગયા હતા. થોડીવાર પછી, હરદીપસિંહ હરેન્દ્રસિંહ જાડેજા ત્યાં આવેલ. હરદીપસિંહે જણાવ્યું કે રબર સહિત બંગડીઓનું વજન ૫૩ ગ્રામ છે અને રબર સિવાય અંદાજે ૪૩ ગ્રામ સોનું છે. આ ૪૩ ગ્રામ સોનાની બંગડીઓ માટે તેણે કુલ ચાર લાખની કિંમત નક્કી કરી હતી. ડીલ ફાઇનલ થયા બાદ રામદેવ જ્વેલર્સના શેઠ ગોપાલસિંહ દ્વારા અમદાવાદથી આઇઆઇએફએલ ગોલ્ડ લોનના એકાઉન્ટમાં આરટીજીએસ મારફતે રૂ. ૩,૫૨,૦૦૦ જમા કરાવવામાં આવ્યા હતા.

બાકીના રૂ. ૪૮,૦૦૦ મહેંદ્રભાઈએ હરદીપસિંહને રોકડા ચૂકવ્યા હતા અને ૫૩ ગ્રામની બે બંગડીઓ રબર સહિત મેળવી લીધી હતી. આ બંગડીઓ લીધા પછી મહેંદ્રભાઈએ રોયલ કાસા હોટેલમાં જઈને જ્યારે તે ચેક કરી, ત્યારે તેમને સોનું ખોટું હોવાની શંકા ગઈ હતી. તેમણે તાત્કાલિક હરદીપસિંહનો સંપર્ક કર્યો, પરંતુ તેમણે જવાબ આપ્યો કે બંગડીઓ વેચાઈ ગઈ છે અને હવે તેમને જોવાનું રહેશે. વધુ બારીકાઈથી તપાસ કરતાં મહેંદ્રભાઈને બંગડીઓમાં સફેદ રંગનું જારણ એટલે કે અન્ય ધાતુનું મિશ્રણ વધુ પડતું જોવા મળ્યું હતું અને હોલમાર્ક પણ શંકાસ્પદ લાગ્યો હતો. બાદમાં તેમના શેઠ સાથે વાતચીત કરતાં માલૂમ પડ્યું કે જે બંગડીઓ ચાર લાખમાં વેચવામાં આવી હતી. તેની વાસ્તવિક કિંમત અંદાજે રૂ. દોઢ જ છે. આમ, હરદીપસિંહ જાડેજાએ કુલ અઢી લાખની છેતરપિંડી આચરી હતી. પોલીસે મહેંદ્રભાઈની ફરિયાદના આધારે હરદીપસિંહ જાડેજા વિરૂધ્ધ છેતરપિંડીનો ગુનો દાખલ કર્યો હતો. પોલીસ ઇન્સ. એચ. એન. પટેલની સુચના અનુસારં એએસઆઇ એચ. જે. જોગડાએ એફઆઇઆર દાખલ કરી હતી.

# ઘર પાસેથી નીકળવા મુદ્દે યુવાન ઉપર હુમલો

## મોટા મવા વિસ્તારનો બનાવઃ ત્રણ જણા વિરૂધ્ધ એટ્રોસીટી સહિતની કલમો હેઠળ ગુનો નોંધતા તપાસ હાથ ધરી હતી

રાજકોટ, તા. ૧૫

મારામારીની ઘટના રોજબરોજ બને છે. કોઇપણ નાના મોટા કારણ આ માટે નિમીત બને છે. શહેરમાં કડિયાકામની સામાન્ય તકરારમાંથી મારામારી અને જ્ઞાતિ પ્રત્યે અપમાનીત કરવાનો બનાવ બન્યો છે.

વિગતો જોઇએ તો કોઠારીયા વિસ્તારમાં વિજયભાઈ અમૃતભાઇ પરમાર કડિયાકામ કરીને ગુજરાન ચલાવે છે, તેણે પોલીસને આપેલી ફરિયાદ મુજબ બપોરના આશરે ત્રણ વાગ્યાની આસપાસ પોતાના મિત્ર મનુભાઈ સાથે રૈયા ચોકડી પર કામની શોધમાં ભા હતા. તે દરમિયાન સેજલબેન નામના એક બહેન આવેલ અને તેની પાછળની જગ્યામાં તોડી નાખેલ દીવાલ ફરી ભી કરવા માટે કામ સોપતા રૂ. ૪૦૦૦માં કામ નક્કી કર્યુ હતું. સેજલબેન સાથે વાત થયા પછી વિજયભાઇ અને મનુભાઇ સેજલબેનના ઘરે રૈયા રોડ શિવાલીક-૮ કોમ્પલેક્ષ પાછળ નિવેદીતાનગર સોસાયટીમાં ગયા હતાં. જ્યાં બંનેએ દીવાલનું કામ શરૂ કરતાં જ બાજુમાં રહેતાં હિરેનભાઈ, તેમના માતા ભગવતીબહેન, અને એક અજાણ્યો શખ્સ ઘટનાસ્થળે



આવી પહોંચ્યો હતો. આ બધા અને સેજલબેન વચ્ચે મકાનની દીવાલના બાંધકામ બાબતે અગાઉથી તકરાર હતી, જેનો ખાર રાખીને આ હુમલો કરવામાં આવ્યો હતો. કોઈ પણ પ્રકારની વાતચીત કે ચર્ચા કર્યા વગર હિરેને લોખંડનો સળિયો વિજયભાઈના ડાબા હાથના કાંડામાં માર્યો હતો.

જેનાથી તેમને મુંઢ ઈજા થઈ હતી. તેમજ ભગવતીબહેને તેમના હાથમાં રહેલ ઈંટ વિજયભાઈના ડાબા પડખામાં મારી. જ્યારે ત્રીજાએ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. તેમજ ત્રણેયએ વિજયભાઇને જ્ઞાતિ પ્રત્યે અપમાનીત કર્યા હતાં અને ઘટનાનો વિડીયો ઉતાર્યો હતો. બનાવની જાણ થતાં પોલીસ આવી પહોંચતા પોલીસને બોલાવવામાં આવી હતી, અને પોલીસ આરોપીઓ તથા સેજલબેનને પોલીસ સ્ટેશન લઈ ગઈ હતી. ગંભીર રીતે ઈજાગ્રસ્ત વિજયભાઈ પરમારને તાત્કાલિક રાજકોટની સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તેમની હાલ સર્જરી વોર્ડ નંબર-૪ માં સારવાર ચાલુ છે. તેમને ડાબા હાથના કાંડા અને ડાબા પડખામાં ઈજા થઈ છે. યુનિવર્સિટી પોલીસ મથકના પીઆઇ એચ. એન. પટેલની રાહબરીમાં હેડકોન્સ. એફ. આર. તન્નાએ એટ્રોસીટી સહિતની કલમો હેઠળ ગુનો નોંધતા આગળની તપાસ એસીપી રાધીકા ભારાઇ વિશેષ કાર્યવાહી હાથ ધરી હતી.

### ખોદકામ વખતે સોના-ચાંદીના ઘડા મળ્યા છે વતન લઇ જવાય એમ નથી, સસ્તામાં વેંચવા છે કહી ફસાવ્યા

# રિક્ષાચાલકને પિત્તળ ધાબડી દસ લાખની ઠગાઇ

## સસ્તામાં સોનુ લેવાની લાલચમાં વૃદ્ધ શિકાર બન્યાઃ ઠગ મહિલા સહિતની ટોળકી અગાઉ કરી ચુકી છે એક કરોડથી વધુની ઠગાઇ

રાજકોટ, તા.૧૫

ખોદકામ દરમીયાન સોના ચાંદીના ઘડામાંથી દાગીના મળ્યા છે તે સસ્તામાં વેંચી નાખવા છે તેવુ કહી વૃધ્ધ રિક્ષાચાલકને છેતરીને પાંચ ગઠીયા દ્વારા દસ લાખ પડાવી લેવાયા છે. આવી જ એક ઘટનામાં ચાવાળાને પણ આવો એક ગઠીયો ખોદકામ વખતે સોનુ ચાંદી મળ્યાનું કહી શરૂઆતમાં અસલી ચાંદીનો સિક્કો અને સોનાનુ ઘરેણુ ચેક કરવા આપી બાદમાં નકલી ધાબડી લાખોની ઠગાઇ કરી ગયો હતો. આ બંને ઠગાઇમાં એક જ ગઠીયો સામેલ હોવાના એગન્લ પર પોલીસ તપાસ કરી રહી છે.

ઘટના પર નજર કરીએ તો નવસારી બજારના રિક્ષા ચાલકને મહિલા સહિતના પાંચ ગઠીયાએ મુગલીસરામાં મેટ્રોની કામગીરીમાં સોના- ચાંદી ભરેલું માટલુ મળ્યુ હોવાનું કહીને સસ્તામાં આપવાના બહાને દસ લાખ પડાવી લીધા હતા. પોલીસ સુત્રોએ કહ્યું કે નવસારી બજારના ઓગણસાંઇઠ વર્ષીય રિક્ષાચાલક હિતેશભાઇ નવનીતભાઇ પ્રજાપતિ અઠવાગેટ જૈન દેરાસર પાસે ઉભા હતા ત્યારે ત્રપુરૂષ અને એક મહિલા તેમની રિક્ષામાં સ્ટેશન જવા બેઠા હતા. દરમિયાનમાં પુરૂષે તેણે મેટ્રોમાં મજૂરી કરતા હોવાનું અને મુગલીસરા પાસે ખોદકામમાં સોનું અને ચાંદીના સિક્કા તેમજ માળા ભરેલુ માટલું મળ્યું છે.

આ બધાએ પોતાને મળેલા દાગીના જે વતનમાં લઇ જવાઇ એમ ન હોવાથી સસ્તામાં વેચવાનું કહ્યું હતું. હિતેશભાઇ ગઠીયાને તેમના દિકરા મયુરની દુકાન પર લઇ ગયા હતા. જ્યાં મયુરને એક જણાએ મોહનભાઇ બાબુભાઇ ડામોર (ઉવ.૪૫, રહે, કલ્યાણધામ બાંસવાડા, રાજસ્થાન)નો આધારકાર્ડ બતાવ્યો હતો. ત્રણેક




દિવસ બાદ આ શખ્સ સાથે એક મહિલા અને પુરુષે આવી એક કિલો સોનાની માળા અને સિક્કા બતાવ્યા હતા. ગઠીયાએ માળામાંથી એક મણકો આપતા મયુરે ક કરાવતા ૨૧ કેરેટ સોનાનો હોવાનું સોનીએ કહ્યું હતું. ૨૫ લાખ માંગતા હિતેશભાઇએ ૧૦ લાખમાં સોદો નક્કી કર્યો હતો.

આ પછી મોહન ડામોર અન્ય પુરૂષ અને મહિલા સાથે આવ્યા હતા. અને રૂપિયા લઇને તેના બદલમાં એક કિલો ત્રણસો બ્યાંસી ગ્રામની માળા અને ચાંદીના ૪ સિક્કા આપીને ગયા હતા. હિતેશભાઇએ માળા ચેક કરાવતા તે પીતળ જેવી ધાતુ હતી .હિતેશભાઇએ અઠવા પોલીસમાં મોહન ડામોર, નાથુ વાઘેલા, એક યુવક, ેમીલા અને અન્ય મહિલા વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. હિતેશભાઇએ પોલીસમાં અરજી કરતા ત્રણ દિવસ પહેલા મોહન ઉર્ફે જીવણના વકીલ દિનેશ રાઠોડે તેમની સાથે બેઠક કરી હતી. ગીતા નાથા મારવાડીઆવ્યા હતા. હિતેશભાઇના વકીલની ઓફિસમાં દિનેશ અને ગીતાએ સમાધાન કરાર લખાવી લઇને કેસ નહીં કરવાની શરતે પૈસા પરત કર્યા હતા. જો કે ફ્રોડ થયું હોઇ હિતેશભાઇએ ફરિયાદ નોંધાવી હતી

આ કિસ્સા મામલે પોલીસ ઇન્સ. એચ.કે. સોલંકીએ જણાવ્યું હતુંકે આરોપીનું નામ જીવણ હોવા છતા તેણે મોહનના નામનું આધારકાર્ડ બનાવીને છેતરપિંડી માટે ઉપયોગ કર્યો હતો. જેથી આ અંગે પણ તપાસ કરાશે. પ્રેમિલા અને ટોળકીએ અગાઉં કડોદરામાં એક વ્યક્તિને ખોદકામ દરમિયાન સોનું મળ્યાનું અને સસ્તામાં આપવાનું કહી ખેડૂત સાથે દોઢ કરોડની ઠગાઇ કરી હતી. ૨૦૨૪માં ટોળકી પકડાઇ હતી. છુટ્યા પછી ફરીથી આ પ્રકારની ઠગાઇ આચરવાનું ચાલુ કર્યુ છે.

# તૂટેલા રસ્તાઓની સમીક્ષા કરવા આદેશ

## શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારા ચાર મહાનગરો માટે ટીમોનું ગઠન

## રાજકોટ મહાનગરની જવાબદારી રોહિત પટેલ, જય તલાટી અને અમિત પટેલને સોપાય



રાજકોટ, તા. ૧૫

રાજ્ય સરકાર દ્વારા હાલ સ્પષ્ટપણે એ તમામ બાબતો ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી રહ્યું છે જેનાથી સરકારની સાથોસાથ લોકોએ હેરાનગતિનો સામનો કર્યો હોય ત્યારે વરસાદ નહીં સિઝનમાં રોડ રસ્તા સંપૂર્ણપણે ધોવાઈ ગયેલા હોય અથવા તો તૂટી ગયા હોય તે તમામની જાણકારી મેળવવા માટે રાજ્ય સરકાર દ્વારા એક નક્કર પગલું લેવામાં આવ્યું છે. પડતી માહિતી મુજબ સરકાર દ્વારા રીસર્ફેસિંગ સહિતના કામોની સમીક્ષા માટે ઉચ્ચ અધિકારીઓને જવાબદારી પણ સોંપી છે. હાલ જે વિગતો મળી રહી છે તે મુજબ મહાનગરપાલિકા હસ્તકના તથા રાજકોટ અર્બન ડેવલોપમેન્ટ ઓથોરિટીના અધિકાર ક્ષેત્રમાં આવતા રોડ રસ્તા ની સ્થિતિ ક્યા પ્રકારની છે અને ગેરંટી વાળા રોડમાં કેટલું નુકસાન થયું છે તેનો અહેવાલ સરકારને મળી રહે તે માટે ઉચ્ચ અધિકારીઓની નિમણૂક કરવામાં આવી છે. રાજ્યના મહાનગરોમાં ચોમાસા દરમિયાન રસ્તાઓને ખાસ એવું નુકસાન પહોંચ્યું છે ત્યારે સરકાર દ્વારા કડક વલણ અપનાવવામાં આવ્યું છે જેમાં થયેલા નુકસાન અને નબળા કામોને લઈ લોકોને જે હેરાનગતિનો સામનો કરવો પડ્યો તે માટે હાલ સર્વે રિપોર્ટના આદેશ સરકાર દ્વારા જાહેર કરવામાં આવ્યા છે એટલું જ નહીં લાગે તો એચએનસી ઉપર ફરિયાદ કરવા સુધીના આદેશો આપવામાં આવ્યા હોવાનું જણાય છે.

આ રીતે સરકાર હવે ન માત્ર રસ્તા પણ અન્ય મોટા કામો ઉપર પણ નજર રાખશે તે સ્પષ્ટ બન્યુ છે. ભાંગેલા રસ્તાઓની મહાનગરોમાં વિગતવાર ચકાસણી કરીને સીધો સચીવને રિપોર્ટ આપવાની છે. જે સર્વેના કારણે રાજકોટ, સુરત, વડોદરા, ભાવનગર કોર્પો.ની ટીમો ફરી દોડાદોડીમાં પડી છે.પ્રજાને જીવનજરૂરી સવલતો પૂરી પાડતા વિકાસકાર્યો સરકારની પ્રાથમિકતા છે. ગુજરાત રાજ્યમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની સરકાર આ દિશામાં સતત પ્રયત્નશીલ છે. જે અનુસાર મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં રાજ્ય સરકાર દ્વારા મહત્વની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં લેવામાં આવેલ નિર્ણય અનુસાર, રાજ્યમાં ચોમાસા દરમિયાન ડિફેક્ટ લાયબિલિટી પિરિયડ હેઠળ બનાવાયેલા કેટલાક રસ્તાઓમાં થયેલ નુકસાનની સમીક્ષા કરવા માટે શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારા રાજ્ય સ્તરની વિશેષ ટીમની રચના કરવામાં આવી છે.

જેમાં રાજ્યની ભાવનગર, રાજકોટ, વડોદરા અને સુરત જેવી ચાર મહાનગરપાલિકાઓના રોડ ની કામગીરીની ચકાસણી કરવા અધિક્ષક ઈજનેરે નેતૃત્વ હેઠળ ચાર વિશેષ ટીમોની રચના કરવામાં આવી છે. આ ટીમ દ્વારા સુરત, વડોદરા, રાજકોટ અને ભાવનગર મહાનગરપાલિકાના વિસ્તારોમાં સ્થળ મુલાકાત લઈને, ડીફેક્ટ લાયાબીલીટી હેઠળના તૂટેલા માર્ગોની થયેલ કામગીરીની વિગતવાર ચકાસણી હાથ ધરવામાં આવશે. જે તાકીદે કાર્યા બાદ, સંબંધિત તમામ માહિતી સાથેનો અહેવાલ અગ્ર સચિવને સુપરત કરવામાં આવશે. વધુમાં, વધુમાં, આગામી સમયમાં પ્રાદેશિક કમિશ્નરોની કચેરીઓ મારફતે નગરપાલિકાના વિસ્તારોમાં કરવામાં આવેલા રસ્તા મરામતના કામોના ક્રોસ વેરીફિકેશનની કામગીરી હાથ ધરવામાં આવશે. રાજ્યની અન્ય મહાનગરપાલિકાઓમાં પણ સ્થળ તપાસ દ્વારા માર્ગોની ગુણવત્તા અને કામગીરીની સમીક્ષા કરવામાં આવશે.

# બીજા દિવસે TPનું બુલડોઝર

## ગાર્ડન માટેના અનામત પ્લોટ પર ખડકી' તી ઓરડીઓ, દૂર કરી ૨૮ કરોડનો પ્લોટ ખુલ્લો

રાજકોટ તા. ૧૫

મહાનગરપાલિકાનું શુષ્ક રહેલું ટાઉન પ્લાનિંગ વિભાગ ફરી સક્રિય બન્યું છે. જેમાં વિભાગ દ્વારા છેલ્લા બે દિવસમાં ઉતરોતર ડિમોલિશન કરી પોતાની સક્રિયતા સાબિત કરી છે. હાલ જે પગલાંઓ અને કાર્યવાહી અને કામગીરી વિભાગ કરી રહ્યું છે તે જોતાં એ વાત તો સ્પષ્ટ છે કે કંઈક તો કારણ છે કારણ કે ટીઆરપી અગ્નિકકાંડ બાદ જે રીતે ટીપી વિભાગની કામગીરી ઉપર પ્રશ્નો જોવા મળ્યા હતા તેને દૂર કરવા માટે અત્યારથી જ વિભાગ જાણે મહેનત કરી રહ્યું હોય તેવું જણાઈ રહ્યું છે તો બીજી તરફ જૂજ લોકો એવું પણ કહે છે કે હાલ ટાઉન પ્લાનિંગ વિભાગની ધૂરા ઈન્ચાર્જ પરમાર ને સોંપવામાં આવી છે ત્યારે તેઓ તેમની કામગીરી ટોચના અધિકારીઓ સુધી જોવા મળે તે માટે આવતા ની સાથો સાથ ડિમોલિસન હાથ ધરવામાં આવી રહ્યા છે.

રાજકોટમાં અનેક વિસ્તારો અને ઝોનની જો વાત કરવામાં આવે તો ગેરકાયદે બાંધકામોની સાથોસાથ દબાણો થયેલા છે ત્યારે એ તમામ દબાણોને ક્યારે દૂર કરવામાં આવશે અને રાજકોટ દબાણ મુક્ત ક્યારે બનશે તે સૌથી મોટો પ્રશ્ન હાલ લોકોને સતાવી રહ્યો છે. એક તરફ સરકારની કામગીરી અને બીજી તરફ સ્થાનિક પ્રશાસનની કામગીરીમાં ઘણો વિરોધાભાસ જોવા મળી રહ્યો છે. રાજ્ય સરકાર દ્વારા દબાણ મુક્ત ગુજરાત બનાવવાની હાકલ કરી છે જેને લઈને દરેક સ્થાનિક પ્રશાસન દ્વારા ગેરકાયદે દબાણો થયેલા હોય તો તેને દૂર કરવા માટે ડિમોલિશન કરવામાં આવી રહ્યું છે ત્યારે હજુ પણ રાજકોટ મહાનગર હસ્તક ઘણા ખરા પ્લોટમાં ડિમોલિશન થયું નથી ત્યારે આ કામગીરી ક્યારે હાથ ધરાશે અને કેવી રીતે હાથ ધરાશે તે ખૂબ જરૂરી છે. મળતી માહિતી મુજબ સેન્ટ્રલ ઝોન માં આવેલા વોર્ડ નંબર ત્રણમાં ગાર્ડન હેતુનો અનામત પ્લોટ જે રાખવામાં આવ્યો હતો તેના પર દબાણો કરી દેવામાં આવ્યા હતા. જેને ટાઉન પ્લાનિંગ વિભાગે દૂર કરી ૫૭ કરોડનો પ્લોટ ખુલો કર્યો છે. બીજી સૌથી મોટી વાત એ પણ છે કે તંત્રને પણ આ તમામ ડિમોલિશન અંગે માહિતી હોય જ છે પરંતુ તેમના દ્વારા તે સમયે કોઈ પગલાં લેવામાં આવતા નથી અને જ્યારે પાણી માથા ઉપરથી જવા લાગે તે સમયે ડિમોલિશન જેવી કામગીરી કરવામાં આવે છે.



મ્યુનિ. કોર્પોરેશનની ટીપી શાખાએ ગઈકાલે લાંબા સમયે પ્લોટ ખાલી કરાવવા બુલડોઝર બહાર કાઢયા છે. શુક્રવારે વેસ્ટ ઝોનના મવડીમાં અર્ધો ડઝન સ્થળે ડિમોલીશન કરવામાં આવ્યા બાદ સેન્ટ્રલ ઝોનમાં પણ બોણી કરીને ઓરડીઓ તોડી છે. સેન્ટ્રલ ઝોનમાં વોર્ડ નં.૩માં ગાર્ડન હેતુનો અનામત પ્લોટ નં.૭/એ આવેલો છે. આ ૬૮૯૬ ચો.મી.ના પ્લોટમાં પતરાવાળી ચાર ઓરડી બની ગઇ હતી. આ ઓરડીઓ પર બુલડોઝર ફેરવી દેવામાં આવ્યા હતા. જે પ્લોટની કિંમત ૨૭.૫૮ કરોડ હોવાનું ટીપી શાખાએ જણાવ્યું હતું.

આમ તો મનપાએ નજર સામે રહેલા આવા બાંધકામો તોડવા અને પોતાની માલિકીની જમીનો ખાલી કરાવવા ફરી છુટક કામ શરૂ કર્યુ છે પરંતુ ટીપી શાખા ત્રણે ઝોનમાં લાંબા સમયથી પ્લાન પાસ બાદ અને પ્લાન વગરની, કમ્પલીશન બાદની, હેતુફેરની મિલ્કતોને નોટીસ કાયમ આપતી હોય છે. સેન્ટ્રલ ઝોનના જુના રાજકોટમાં તો હવે રીનોવેશનનો મોટો ટ્રેન્ડ ચાલે છે. કારણ કે જુના રાજકોટના વોર્ડ નં.૭, ૧૪, ૧૩ સહિતના વોર્ડમાં હવે નવી જગ્યા લગભગ રહી નથી. આથી જુના બાંધકામની જગ્યાએ નવા બાંધકામ ચાલે છે. અમુક જગ્યાએ રહેણાંકમાં પણ પોશ વિસ્તારમાં બંગલાની બદલે કોમર્શિયલ ખડકાઇ રહી છે. જેની ફરિયાદો અને નોટીસ છતાં આગળની કાર્યવાહી કેમ થતી નથી તે સવાલનો જવાબ જનરલ બોર્ડમાં પડઘારૂપે પડવાનો જ છે. બાકી નોટીસમાં રહેલી મુદત મુજબ કાર્યવાહીનો અમલ લગભગ કયારેય થતો નથી તે હકીકત છે. મ્યુનિ. કમિશ્નર તુષાર સુમેરાના આદેશથી ટાઉન પ્લાનર એચ.એમ.સોરઠીયાના માર્ગદર્શન હેઠળ તા.૧૩નાં રોજ આ ઓરડી હટાવવા ડિમોલીશનની કામગીરી કરવામાં આવી હતી. જેમાં ટીપી, રોશની, દબાણ હટાવ, ફાયર, વિજીલન્સ સહિતનો સ્ટાફ જોડાયો હતો.

## બે સાંસદ, ચાર ધારાસભ્યો છતાં લાભાર્થીઓને નથી મળતી પૂરતી સગવડતા

## મનપાનું ભેદી મોન લોકોને કરે છે હેરાન, કલેકટર-મ્યુનિસિપલ કમિશનરને આવેદન

# જન્મ-મરણના દાખલા મુદ્દે કોંગ્રેસ મેદાને

રાજકોટ તા. ૧૫

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા હાલ લોકોને આપવામાં આવતી એક પણ સુવિધાઓ સમયસર આપવામાં આવતી નથી અને પરિણામ સ્વરૂપે લોકોએ હેરાનગતિ થતી હોવાની વ્યાપક ફરિયાદો પણ કરી છે છતાં પણ તંત્ર દ્વારા કોઈપણ પ્રકારે તે બાબતે ધ્યાન કેન્દ્રિત કરવામાં આવતું નથી. હાલ જે વિગતો મળી રહી છે તેને ધ્યાને લઈ મહાનગરપાલિકા દ્વારા કોઈ નક્કર વ્યવસ્થા ઊભી કરવામાં આવે તે ખૂબ જરૂરી છે જેથી અહીં આવતા લાભાર્થીઓને કોઈપણ પ્રકારની હેરાનગતિનો સામનો ન કરવો પડે. હાલ જે વિગતો મળી રહી છે તે મુજબ સેન્ટ્રલ ઝોન ખાતે જન્મ મરણની કામગીરી અત્યારે ખોરંભે ચડી છે પરિણામ સ્વરૂપે અહીં આવતા લાભાર્થીઓએ ધર્મના ધક્કા ખાવા પડે છે આ વાતની ગંભીરતાને ધ્યાને લઈને કોંગ્રેસ પક્ષ દ્વારા સત્તાધિશોને સહેજ પણ પડી નથી તેવા આક્ષેપો કર્યા હતા એટલું જ નહીં કોંગ્રેસે ભાજપને ત્યાં સુધી કહ્યું કે લોક સેવા માટે લોકોએ તેઓને ચુટ્યા છે ત્યારે જન્મ મરણના દાખલા ખૂબ આવશ્યક દસ્તાવેજ છે જે તેઓને સમયસર મળતા નથી તે યોગ્ય ન કહેવાય ત્યારે તંત્ર દ્વારા આ




અંગે યોગ્ય વ્યવસ્થા ઊભી કરવામાં આવે તે ખૂબ જરૂરી છે. વધુમાં કોંગ્રેસે આક્ષેપ કર્યો કે રાજકોટ એ બે સાંસદો અને ચાર ધારાસભ્યો આપેલા છે છતાં તેઓ પણ નિષ્ક્રિય જોવા મળે છે ત્યારે લોકો માટે પ્રશ્ન એ જ છે કે રજૂઆત કરવી તો કોને કરવી.

રાજકોટ મહાનગરપાલિકા ચૂંટણી સમયે જ્યાં માનવી ત્યાં સુવિધા અને રાજકોટની જનતાને અડધી કલાક પાણી વિતરણ સહિતના અનેક વચનો આપી શાસનની ધુરા સંભાળી હતી. વચનોની લહાણી વચ્ચે આજે પાંચ વર્ષને બાદ કરતા ભારતીય જનતા પાર્ટીનું શાસન રહ્યું છે.મહાનગરપાલિકા રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર એટલે કે નીચેથી ઉપર સુધી શાસકોને સ્પષ્ટ બહુમતી છે ૪ ધારાસભ્યો ૨ સાંસદ અને ૬૮ ભાજપના કોર્પોરેટરો હોવા છતાં અને રાજકોટની જનતાએ ભાજપને ખોબે ખોબે મત આપ્યા હોવા છતાં લોકોને જન્મ મરણના દાખલાઓ માટે કલાકો સુધી તપ કરવું પડે છે. અને વારંવાર ધક્કા ઓ પણ થાય છે.

કામ ધંધા મૂકીને લોકોને લાઈનોમાં ઊભું રહેવું પડે છે બેઠક વ્યવસ્થા ના અભાવના પગલે નીચે બેસવું પડે છે. છેલ્લા છ મહિના થી મેયર અને સ્ટેન્ડિંગ ચેરમેનની ઓફિસની નીચે જ જન્મ મરણ વિભાગ આવેલ હોય અને જન્મ મરણ કઢાવવા માટેની દરવાજા સુધી લાંબી લાઈનો લાગતી હોય છતાં પદાધિકારીઓના પેટનું પાણી હલતું નથી.તેમ શહેર કોંગ્રેસ પ્રમુખ રાજદીપસિંહ જાડેજાએ જણાવ્યું છે.

અમારી જાણ મુજબ જન્મ મરણ વિભાગમાં હાલ અપુરતા સ્ટાફ ને પગલે સમસ્યા વકરી છે. લાંબા સમયથી શહેરીજનો જન્મ મરણના દાખલાઓ કઢાવવામાં પરેશાન છે તંત્ર બે ફિકર છે પદાધિકારીઓ ને અધિકારીઓ કુંભકર્ણની નિંદ્રામાં પોઢી ગયા છે. સરકારો વચ્ચે સંકલનના અભાવે વખતો વખત કનેક્ટિવિટી બંધ, સર્વર ડાઉન, નેટવર્કમાં ખામી, નવું પોર્ટલ ઉપરથી જ નેટ સ્લો ચાલતું હોય આ પ્રકારની અનેક ખામીઓના પગલે લોકોને હાલાકી ભોગવવી પડે છે.

રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા જિલ્લા કલેકટર અને મ્યુનિસિપલ કમિશનરને લેખિત રજૂઆત કરવામાં આવી છે જેમાં જણાવ્યું છે કે જન્મ મરણ માં અપૂરતા સ્ટાફ ના પગલે શહેરીજનોને દાખલાઓ માટે લાંબી લાંબી લાઈનો અને કલાકો સુધી તપ કરવું પડે છે અને અફડા તફડીનો માહોલ સર્જાઈ રહ્યો છે. હવે લાંબી લાઈનો નહીં લાગે અને ફોટો સેશન કરનારા પદાધિકારીઓ હાલ ભૂગર્ભમાં જતા રહ્યા છે તેમ અંતમાં શહેર પ્રમુખ ડો રાજદીપસિંહજી એ જણાવ્યું છે.

**જામનગર રોડ નાગેશ્વરની ઘટનાઃ અઢાર વર્ષના દિકરાની મા તૃષાને કુટુંબી ભત્રીજા એવા પરણેલા વિશાલ સાથે લવ થયો પછી જે થયું તે સૌને હચમચાવી ગયું**

# લોહિયાળ લફરું : પત્નિને ગોળી ધરબી પતિનો આપઘાત

## બેતાલીસ વર્ષના લાલજીભાઇ પઢીયારે ઘર છોડી બહેનપણીના ઘરે સામેના ફ્લેટમાં રહેવા જતી રહેલી પત્નિ તૃષાને મનાવવા ખુબ પ્રયાસ કર્યા ન માનતાં કર્યા ફાયરીંગઃ પછી પોતે લમણે ગોળી મારી જીવ દીધો







**દોઢેક મહિનાથી પત્નિ ઘર છોડી દસ્તાવેજ, દાગીના લઈ સખીના ઘરે જતી રહી હતીઃ ગાંધીગ્રામ પોલીસે કરી કાર્યવાહી**

રાજકોટ તા. ૧૫

લવ લફરાનો વધુ એક કરૂણ અંજામ આવ્યો છે. જેમાં પતિએ પોતાની પત્નિને કુટુંબી ભત્રીજા સાથે લફરૂ થઇ ગયું હોઇ તેના કારણે ઘર છોડી દીધુ હોઇ અને સામેના ફલેટમાં બહેનપણીના ઘરમાં રહેવા જતી રહી હોઇ આ કારણે ઉશ્કેરાઇ જઇ તેણી ઉપર પરવાનાવાળી પિસ્તોલથી ફાયરીંગ કરી હત્યાનો પ્રયાસ કરી પોતાના લમણામાં ગોળી ધરબી લઇ આપઘાત કરી લેતાં ચકચાર મચી ગઇ છે. બેવફા પત્નિને જેની સાથે લફરૂ હતુ તે કુટુંબી ભત્રીજો પણ પરણેલો છે. આ ઘટનાએ પરિવારોના માળા વેરવીખેર કર્યા છે.

ચોંકાવનારી ઘટનાની વિગતો પર નજ કરીએ તો જામનગર રોડ નાગેશ્વરમાં ખળભળાટ મચાવતી ઘટના બની છે. જેમાં નાગેશ્વર ભવાની ચોક તિર્થ એપાર્ટમેન્ટમાં રહેતાં ૩૯ વર્ષિય મહિલાની કુટુંબી ભત્રીજા સાથે આંખ મળી ગઇ હોઇ દોઢેક મહિના પહેલા તે પતિને છોડીને સામેના સમેત શીખર એપાર્ટમેન્ટમાં બહેનપણી સાથે રહેવા જતી રહી હતી. વારંવાર સમજાવવા છતાં તેણી પરત ઘરે આવતી ન હોઇ રોષે ભરાયેલા પતિએ શનિવારે સવારે પત્નિ અને તેણીની બહેનપણી જીમમાંથી પરત આવ્યા અને સમેત શીખર એપાર્ટમેન્ટના પાર્કિંગમાં હતાં ત્યારે પતિએ ધસી આવી ફાયરીંગ કરી દેતાં તેણીને મારી નાખવાનો પ્રયાસ કરી બાદમાં પતિએ પોતાના લમણામાં ગોળી ધરબી આપઘાત કરી લીધો હતો. સારવાર હેઠળ રહેલી પત્નિની હાલત ગંભીર ગણવાઇ રહી હતી. નાગેશ્વર ભવાની ચોક જૈન મંદિર સામે આવેલા તિર્થ એપાર્ટમેન્ટમાં રહેતાં ઓગણચાલીસ વર્ષના તૃષાબેન લાલજીભાઇ પઢીયાર નામના મહિલા સવારે પોતાના એપાર્ટમેન્ટની સામેના ભાગે આવેલા સમેત શીખર એપાર્ટમેન્ટના પાર્કિંગમાં પોતાના બહેનપણી પૂજાબેનની સાથે હતાં.

ત્યારે તૃષાબેનના પતિ બેતાલીસ વર્ષના લાલજીભાઇ રમેશભાઇ પઢીયાર ત્યાં આવ્યા હતાં અને ઝઘડો કરી તૃષાબેન ઉપર બે ફાયરીંગ કરી દેતાં તૃષાબેનને ગળા પર ગોળી ઘુસી જતાં લોહીલુહાણ થઇ ઢળી પડ્યા હતાં. આ પછી લાલજીભાઇ પઢીયારે પોતાના ઉપર જાતે ફાયરીંગ કરી લીધુ હતું. આ કારણે તે પણ ઢળી પડ્યા હતાં. સમગ્ર ઘટના પૂજાબેનની નજર સામે બની હતી. તેણે તુરત લાલજીભાઇના દિકરા ઓમ પઢીયાર સહિતને જાણ કરી હતી અને પોલીસને જાણ કરી હતી. ૧૦૮ને જાણ થતાં ઇએમટી અને પાઇલોટ પણ પહોંચી ગયા હતાં. જો કે લાલજીભાઇને તબિબે ઘટના સ્થળે મૃત જાહેર કર્યા હતાં અને તૃષાબેનની હાલત ગંભીર હોઇ સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યા હતાં.

આ ઘટનાની જાણ હોસ્પિટલ ચોકીના રામશીભાઇ વરૂ, અમૃતભાઇ મકવાણા, ધર્મેન્દ્રભાઇ હુદડ, રવિભાઇ સહિતે ગાંધીગ્રામ પોલીસને કરતાં પોલીસ ઇન્સ. એસ. આર. મેઘાણી, રાઇટર હંસરાજભાઇ સહિતનો કાફલો પહોંચી ગયો હતો. ગંભીર ઘટનાને પગલે ડીસીપી રાકેશ દેસાઇ, એસીપી રાધીકા ભારાઇ સહિતના અધિકારીઓ પણ પહોંચી ગયા હતાં. પોલીસની પ્રાથમિક તપાસમાં ખુલ્યા મુજબ હત્યાનો ભોગ બનેલા તૃષાબેનના લગ્ન અઢાર વર્ષ પહેલા થયા હતાં. તેને સંતાનમાં એક દિકરો છે તેનું નામ ઓમ છે. તૃષાબેનના બહેનપણી પૂજાબેન સોનીએ કહ્યું હતું કે તૃષાબેનને તેમના પતિ લાલજીભાઇ પઢીયાર સાથે છુટાછેડા બાબતે માથાકુટ ચાલતી હતી. તૃષાબેનને છુટાછેડા લેવા હતાં આ કારણે બંને વચ્ચે કલેશ હોઇ આ કારણે તૃષાબેન દોઢેક મહિના પહેલા પતિનું ઘર છોડી સમેત શીખર એપાર્ટમેન્ટમાં હું રહું છું ત્યાં મારી સાથે રહેવા આવી ગયા હતાં.

પૂજાબેને વધુમાં કહેલું કે સવારે હું અને તૃષાબેન જીમમાંથી પરત આવ્યા હતાં અને મારા સમેત શીખર એપાર્ટમેન્ટના પાર્કિંગમાં હતાં ત્યારે સામેના તિર્થ એપાર્ટમેન્ટમાંથી તૃષાબેનના પતિ લાલજીભાઇ પઢીયાર આવ્યા હતાં અને તૃષાબેન સાથે ઝઘડો ચાલુ કર્યો હતો. એ પછી અચાનક તેણે પિસ્તોલ કાઢી તૃષાબેન ઉપર બે રાઉન્ડ ફાયરીંગ કરી દીધા હતા. જેના કારળે તૃષાબેનને ગળા પર ઇજા થતાં તે ઢળી પડ્યા હતાં. બાદમાં અચાનક જ લાલજીભાઇ પઢીયારે આ પિસ્તોલથી પોતાના ઉપર પણ ફાયરીંગ કરી લીધુ હતું અને તે પણ ઢળી પડ્યા હતાં. ૧૦૮ને જાણ કરાતાં તેના ડોક્ટરે લાલજીભાઇને ઘટના સ્થળે મૃત જાહેર કર્યા હતાં.

તૃષાબેનની હાલત ગંભીર હોઇ અમે તેને ૧૦૮ મારફત સિવિલ હોસ્પિટલે લાવ્યા હતાં. અહિ તૃષાબેનને દાખલ કરાયા છે. દરમિયાન આ ઘટના બારામાં ફાયરીંગ કરનારા લાલજીભાઇ પઢીયારના મોટા ભાઇ અરવિંદભાઇ પઢીયાર, મોટા બહેન સહિતના કુટુંબીઓએ કહ્યું હતું કે-તૃષાબેનને લાલજીભાઇના ફઇના દિરાના દિકરા એટલે કે કુટુંબી ભત્રીજા વિશાલ મહેશભાઇ ગોહેલ સાથે પ્રેમસંબંધ હતો. વિશાલ સામા કાંઠે રહે છે. ગત તા. ૪/૧૦ના રોજ તૃષાબેન અને કુટુંબી ભત્રજા બંને રેસકોર્ષ બગીચામાં બેઠા હોઇ ત્યાં બંનેને લાલજીભાઇએ રંગેહાથ પકડી લીધા હતાં. એ પછી માથાકુટ થઇ હતી. જે તે વખતે તૃષાબેન અને વિશાલે અરજી કરતાં પોલીસે લાલજીભાઇ સામે અટકાયતી પગલા લીધા હતાં.

બાદમાં તૃષાબેન ઘરમાંથી દસ્તાવેજ, દાગીના, અગત્યના કાગળો વગેરે લઇને સામેના સમેત શીખર એપાર્ટમેન્ટમાં સાતમા માળે રહેતી બહેનપણી પૂજાને ત્યાં રહેવા જતી રહી હતી. અઢાર વર્ષના દિકરાને મુકીને તે જતી રહી હોઇ લાલજીભાઇએ દિકરાને ખાતર પત્નિ તૃષાની ભુલને માફ કરી દેવા તૈયારી બતાવી હતી તેમજ અલગથી ઘર લઇ દેવાની તૈયારી પણ બતાવી હતી. અવાર-નવાર લાલજીભાઇએ પત્નિ તૃષાને મનાવવા અને પરત ઘરે આવી જવા કહેતાં હતાં. પરંતુ તેણી આવવા તૈયાર નહોતી. આ કારણે લાલજીભાઇ ઉશ્કેરાઇ ગયા હતાં અને આજે સવારે તૃષા અને તેની બહેનપણી પૂજા જીમમાંથી આવ્યા ત્યારે સમેત શીખરના પાર્કિંગમાં બંનેને જોઇ લાલજીભાઇ ફરીથી ત્યાં ગયા હતાં.

બોલાચાલી બાદ તેણે ફાયરીંગ કર્યા હતાં. ચારેક રાઉન્ડ ફાયરીંગમાં તેના પત્નિ તૃષાને ગળામાં ગોળી લાગી જતાં ગંભીર ઇજા થઇ હતી. જ્યારે લાલજીભાઇએ પોતે પણ લમણે ભડાકો કરતાં તેનું ઘટના સ્થળે જ મૃત્યુ થયું હતું. આ વિગતો લાલજીભાઇના મોટાભાઇ અરવિંદભાઇ પઢીયારે જણાવી હતી. ગાંધીગ્રામ પોલીસ ઇન્સ. એસ. આર. મેઘાણીએ પણ પ્રાથમિક વિગતો આપતાં કહ્યું હતુ કે તૃષાબેનને અફેર હોવાને કારણે આ ઘટના બની છે. હાલ વધુ તપાસ ચાલુ છે. એસીપી રાધીકા બારાઇએ પારિવારીક પ્રૌને કારણે આ ઘટના બન્યાનું અને વિશેષ તપાસ ચાલુ હોવાનું કહ્યું હતું. આ ઘટનાએ શહેરભરમાં અરેરાટી સાથે ચકચાર મચાવી દીધી છે.

પત્નિ પર પિસ્તોલથી ભડાકા કરી પોતે પણ લમણે ગોળી ધરબી આપઘાત કરનારા લાલજીભાઇ બે ભાઇ અને એક બહેનમા નાના હતાં અને છુટક કામ કરતાં હતાં. ઘટના સ્થળેથી ફુટેલા ચાર જેટલા કાર્ટીસ મળ્યા છે. લાલજીભાઇ પાસે જે હથીયાર છે તે પરવાનાવાળુ છે. લાલજીભાઇને સંતાનમાં એક દિકરો ઓમ છે જે અઢાર વર્ષનો છે અને કોલેજમાં ભણે છે. લાલજીભાઇ પોતે ગોંડલ રોડ પર ઓમ ઓટો નામે ટ્રેકટરના પાર્ટસનો વેપાર કરતાં હતાં. લાલજીભાઇએ પોતાની પિસ્તોલમાંથી છએ છ રાઉન્ડ ફાયરીંગ કર્યા હતાં. ઘટના સ્થળેથી પોલીસને પરવાનાવાળુ હથીયાર અને ફુટેલા કાર્ટીસ મળતાં તે કબ્જે કર્યા હતાં.

ઘટના બાદ તૃષાબેન જે બહેનપણીના ઘરમાં રહેતી હતી તે બહેનપણીનો દિકરો ઘટના સ્થળે આવતાં લાલજીભાઇના કુટુંબીજનોએ તારી મા જ તૃષાને ચઢામણી કરતી હતી કહીને તેના પર હુમલો કરી ધોલધપાટ કરી હતી. પોલીસે હત્યાનો પ્રયાસ, આત્મહત્યાની ઘટનામાં મૃતક લાલજીભાઇના મોટા ભાઇની ફરિયાદ નોંધવા તજવીજ કરીહતી.